
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ
રૂ. ૧૨૫/-
એપ્રિલ, ૨૦૨૨



કષ્ટો વેઠીને આદિવાસીઓના સર્વાંગી ઉત્કર્ષની ગંગા વહાવનાર
પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની છેવાડાના એ સમાજ પર

## અતુલનીય સ્નેહવર્ષા








તા. ૨૪-૨-૨૦૨૨ના રોજ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ અટલાદરાથી સુરતના કણાદ વિસ્તારમાં નિર્માણાધીન મંદિરના વિશાળ પરિસરમાં પધાર્યા ત્યારે દર્શનાર્થે ઊમટેલા હજારો ભાવસભર ભક્તોએ ગુરુહરિને વધાવ્યા...

શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય

# અમને સ્વામીએ બતાવી વાટ, લીલવો ગિરધારી...



રાત્રિના સાડા બાર વાગ્યા હતા. શિયાળાની ઠંડીના દિવસો હતા. મધ્ય ગુજરાતના મોટી બેજ ગામે પાંચેક હજાર આદિવાસીઓ દસ-દસ કિલોમીટરનું અંતર પગપાળા કાપીને પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને દોડી આવ્યા હતા. ગામોગામ ઘૂમતાં ઘૂમતાં પ્રમુખસ્વામી મહારાજ અહીં પહોંચ્યા ત્યારે તેમનાં દર્શનથી ઘેલા ઘેલા થયેલા આદિવાસીઓએ પોતાના તારણહાર સ્વામીશ્રીને જયજયકારોથી વધાવ્યા. પરંતુ મધરાત્રે થાક્યા-પાક્યા પ્રમુખસ્વામી મહારાજે એ સૌને સંબોધતાં વાણી ઉચ્ચારી ત્યારે તેમાં એવી ભાવસભર તાજગી હતી કે આદિવાસીઓની આંખોમાં પણ ભીનાશ પથરાઈ ગઈ. આંખોમાં તરલ થતી ભીનાશ સાથે સ્વામીશ્રીએ તેમને કહ્યું હતું: 'આજે આ સભાનાં દર્શન કરીને આનંદ થાય છે. ભલે બીજા આપણને પછાત કહેતા હોય, આદિવાસી-વનવાસી-ગિરિજન કહેતા હોય, પણ આજે આપનામાં મને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થાય છે. આપ સૌનો ભક્તિભાવ અને શ્રદ્ધા જોઈ નતમસ્તક થવાય છે. સૌથી આદિ ભગવાન છે. તેના સંબંધે ત્યાંના વાસી એવા તમે આદિવાસી છો. આજે શહેરમાં જે આનંદ નથી તે આનંદ તમે અહીં રહો છો છતાં લૂંટો છો. ભગવાન તમને બધાને તન, મન, ધનથી સુખી કરે.'

આ હતી, લાખો આદિવાસીઓના તારણહાર સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજની એક નિરાળી દૃષ્ટિ. આદિવાસીઓનાં ખોળિયે પરમાત્માનાં દર્શન કરતાં પ્રમુખસ્વામી મહારાજે તેમના પર જે અમાપ સ્નેહવર્ષા સાથે તેમના ઉત્કર્ષનું જે વિરાટ કાર્ય કર્યું છે, તેનો પૂરેપૂરો ઇતિહાસ ક્યારેય લખી શકશે નહીં. સતત દાયકાઓ સુધી કઠોર પરિશ્રમ કરીને ગામડે ગામડે અને ઝૂંપડે ઝૂંપડે ઘૂમતા પ્રમુખસ્વામી મહારાજે આદિવાસીઓના ઉત્કર્ષ માટે જે વિચરણ કર્યું છે તે આજે દંતકથા સમાન લાગે છે. થોડાંક સંસ્મરણો તેની ઝાંખી કરાવી શકે છે. જેમ કે,

સન ૧૯૭૯માં પંચમહાલ અને ભરૂચ જિલ્લાનાં ૯૫ આદિવાસી ગામોમાં માત્ર ૨૧ દિવસમાં ઘૂમી વળેલા! શિથિલ સ્વાસ્થ્યમાં પણ તેઓએ કોઈ સગવડ વિના આ ગામોમાં અપાર પરિશ્રમ વેઠેલો તે આજેય કોઈ ભૂલી શક્યું નથી.

સન ૧૯૭૭માં સાબરકાંઠામાં મે મહિનાના ૪૫ ડિગ્રી તાપમાનમાં સ્વામીશ્રીએ ૯૧ ગામોમાં પધરામણીઓ કરી સૌને ધન્ય કર્યા હતા. સ્વામીશ્રીએ પોતાની નરમ-ગરમ તબિયતને અવગણીને, ક્યારેક ટ્રેક્ટરમાં તો ક્યારેક બળદગાડામાં બેસીને પણ અહીં વિચરણ કર્યું છે. સ્વામીશ્રીએ સાબરકાંઠાનાં આશરે ૧૦૧ જેટલાં ગામોમાં સમયાંતરે વિચરણ કરીને સત્સંગની હેલી વરસાવી છે.

આ ગામડાઓમાં સ્વામીશ્રીનો ઉતારો ક્યારેક કોઈપણ પ્રકારની સગવડ વિનાના સામાન્ય ખોરડે હોય કે ક્યારેક જાહેર સ્કૂલના ફળિયે. તા. ૧૫-૩-૧૯૭૩ની સવારે અંકલેશ્વર પાસેના ખરચી-ભીલવાડા ગામે તેઓના ઉતારાનું સ્થળ હતું – સહકારી ગોડાઉન! ગોડાઉનમાં પોટલાં મૂકીને સ્વામીશ્રી નીકળી પડ્યા ઝૂંપડાંઓમાં વ્યસનમુક્તિ માટે. સ્વામીશ્રી પચાસ ઝૂંપડાંઓમાં ફર્યા. એકેએક ઝૂંપડું દારૂમાં ગરકાવ હતું. એકાદશીના આખા દિવસના નિર્જળ ઉપવાસમાં પોતાને પડતા કંઠશોષની પીડાની પરવા વિના તેઓએ દરેકને દારૂ ન પીવાની વાતો સંભળાવી વ્યસનમુક્ત કર્યા. છેલ્લે સૌ આદિવાસીની સભામાં કહ્યું કે 'તમારા ગામમાં આવ્યા અને તમારી બધાની વાત જાણી દુઃખ થાય છે. આજથી તમે બધા એક દૃઢ મનમાં નિશ્ચય કરો કે આ વ્યસનો તો આપણા ગામમાં ન જ જોઈએ. પછી આવાં ઝૂંપડાં નહીં રહે. મોટા મહેલ, બંગલાઓ થઈ જશે. મહેનત તો કરો છો. પૈસા કમાવાની શક્તિ છે પણ તેને વાપરવાનો રસ્તો, લાઈન ખોટી છે.'

આદિવાસીઓનાં અંતરમાં અજવાળાં પાથરતી આ સભા મધરાતે ૧૨ વાગે પૂરી થઈ ત્યારે આજના

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય

૮. આદિવાસી સમાજ પર પ્રમુખસ્વામી મહારાજની અતુલનીય સ્નેહવર્ષા
- અ.નિ. સાધુ નારાયણપ્રસાદદાસ (૧૦)
- સાધુ દિવ્યસ્વરૂપદાસ (૧૫)
- સાધુ ધર્મવિનયદાસ (૧૯)
- સાધુ મંગલનયનદાસ (૨૩)

૨૫. આદિવાસી ઉત્કર્ષ પ્રવૃત્તિઓ

૩૬. સંસ્થાના સહયોગથી હાંફેશ્વર મંદિરમાં દ્વાદશ જ્યોતિર્લિંગની સ્થાપના

૩૮. શ્રી સદ્‌ગુરુ જગ્ગી વાસુદેવજી લંડન બી.એ.પી.એસ. મંદિરની દર્શન-મુલાકાતે

૩૯. અભિનંદન

૪૦. અક્ષરવાસ

૪૨. યુક્રેન-રશિયા યુદ્ધમાં ફસાયેલા ભારતીયોની સેવામાં પોલેન્ડ-યુક્રેનની સરહદે પહોંચ્યા બી.એ.પી.એસ.ના સ્વયંસેવકો



## સ્વામિનારાયણ પ્રકાશ નિવેદન ફોર્મ : ૨૦૨૨

### સ્વામિનારાયણ પ્રકાશ

માલિકી અને બીજી માહિતી નિવેદન (ફોર્મ નં. ૪, રૂલ-૮)

**પ્રસિદ્ધિ સ્થળ :** સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪

**પ્રસિદ્ધિ ક્રમ :** માસિક

**મુદ્રકનું નામ :** સ્વામિનારાયણ અક્ષરપીઠ

**પ્રકાશકનું નામ :** સાધુ કેશવજીવનદાસજી

**તંત્રીનું નામ :** સાધુ સ્વયંપ્રકાશદાસ

**રાષ્ટ્રીયતા :** ભારતીય

**માલિકનું નામ :** સ્વામિનારાયણ અક્ષરપીઠ

**ઠેકાણું :** સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

હું, સાધુ કેશવજીવનદાસ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

**તા. ૧-૪-૨૦૨૨**

(સહી) **સાધુ કેશવજીવનદાસ**


આખા દિવસમાં પાણીનું એક ટીપુંય મોંમાં મૂક્યા સિવાય આખેઆખી એક કોમને ઉગારવા તેઓએ કરેલો પ્રચંડ પુરુષાર્થ જોઈને સૌ કોઈ ગદ્‌ગદ થઈ ગયેલા!

સન ૧૯૭૬ના વર્ષનો પ્રથમ દિવસ હતો ત્યારે રાયમ ગામમાં એક ભક્ત પોતે ખરીદેલા નવા બળદને લઈ આવેલા. આ બળદનું પૂજન કરીને તેના 'નવા વાહન'માં બેસીને જ પધરામણી કરવા નીકળી પડ્યા સમાજના છેડે વસેલા દૂબળા-આદિવાસીઓના વાસમાં. સમાજ આ છેલ્લા ગણાતા માણસોને તેઓ વર્ષના પહેલા દિવસે મળ્યા! તેઓની પધરામણીથી સૌ હળપતિઓનાં મુખ મહોરી ઊઠ્યાં!

સન ૧૯૭૯માં દક્ષિણ ગુજરાતના મહુવા તાલુકાનાં આદિવાસી ગામો ઘૂમી રહેલા સ્વામીશ્રી વેલણપુર, ગોપળા વગેરે ગામોમાં વિચર્યા ત્યારે ઝરમર ઝરમર વરસાદ વરસતો હોવા છતાં એકેએક ઝૂંપડે તેઓ ચાલતાં-ચાલતાં નીચા વળી-વળીને ગયા. કો'ક કો'ક ખોરડામાં તો કોથળા પર પલાંઠી વાળીને બેસવાનું થતું. તેમાં પણ સ્વામીશ્રી ઉત્સાહથી સૌનાં વ્યસન મુકાવતા, પૂજા-પાઠ શિખવાડતા, સભા ભરવાના નિયમ આપતા.

એક મહાપુરુષ આટલા સરળ-સુલભ કેવી રીતે હોઈ શકે તેનું આશ્ચર્ય સૌને હંમેશાં થતું.

સ્વામીશ્રી દક્ષિણ ગુજરાતના સાવ છેવાડાના કોંકણવાડ ગામે પધાર્યા ત્યારે આ વિસ્તારના એક પંકાયેલા સમાજસેવકે તો જાહેરમાં કહી દીધું હતું: 'આ વિસ્તારમાં ત્રણ જણાની અવરજવર. વાણિયા આવે તે વેપાર કરવા. પારસી આવે તે દારૂનો વેપાર કરવા અને અમલદાર આવે તે મરઘાં ખાવાં ને દબડાવવા. પણ આવા સંત તો અહીં પહેલી જ વાર પધારે છે!'

તા. ૨૦/૨/૧૯૯૨ના રોજ સ્વામીશ્રી ગામડાંઓમાં ઘૂમતાં ઘૂમતાં કરાળી ગામે પધાર્યા ત્યારે તેઓને જોઈ પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી હિંમતસિંહ આશ્ચર્ય પામતાં બોલી ઊઠ્યા હતા: 'મને માન્યામાં નથી આવતું કે આપના જેવા મહાપુરુષ આવા સાવ અંદરના ગામ સુધી પધાર્યા છો.'

આવાં અબુધ અને અંતરિયાળ ગામોમાં કષ્ટો વેઠીને વિચરનારા સ્વામીશ્રીના એ વિચરણનાં પૃષ્ઠો પર નજર કરીએ છીએ ત્યારે એ ઉપેક્ષિત વર્ગ-વર્ણનું કલ્યાણ કરવાની તેમની કેવી ઉદાત્ત ભાવના હતી તેનું દર્શન થાય છે. જ્યાં ભટકતો માણસ પણ ન પહોંચે તેવા અંતરિયાળ એક ગામે પછાત લોકોને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું હતું: 'આવા જંગલના પ્રદેશમાં રહીને આપ સંસ્કારને જાળવી રહ્યા છો. આ સંસ્કાર સાચવીએ તો ઝૂંપડામાં રહીએ કે મહેલમાં, મોટા જ છીએ. ઝૂંપડામાં આ સંસ્કાર હશે તો એ મહેલ કરતાં પણ અધિક છે.'

ડુંગરી-નરધરા ગામમાં પધારેલા સ્વામીશ્રીને આદિવાસી ભક્તોએ તેઓનું પરંપરાગત વાજિંત્ર તારપુ વગાડી નાચતાં-કૂદતાં ઉત્સાહભેર વધાવ્યા ત્યારે ઘાસના પૂળા નાંખીને બાંધેલા મંડપ તળે બેસી સ્વામીશ્રી બોલી ઊઠ્યા હતા: 'ભગવાનના દરબારમાં કોઈ આદિવાસી કે ઉજળિયાત નથી. બધા સરખા જ છે. શબરી ભીલડી જંગલમાં રહેતી, છતાં તેને રાજદરબારથી વધુ આનંદ હતો, કારણ કે તેને ભગવાન મળ્યા હતા. માટે જે સ્થિતિમાં ભગવાન રાખે તેમાં રાજી રહેવું.'

આ ભાવના સાથે ઉત્તર-મધ્ય-દક્ષિણ ગુજરાતના તમામ આદિવાસી પ્રદેશોમાં ઘૂમતા સ્વામીશ્રીનાં પગલાં આ વિસ્તારોમાં થયાં તે પહેલાં

આદિવાસીઓનું જીવન ગરીબી, વહેમ, અંધશ્રદ્ધા, નિરક્ષરતા, વ્યસનો વગેરેના કારણે અંધકારમય હતું. અનેકવિધ સમસ્યાઓથી સબડતા એ આદિવાસીઓના ઝૂંપડે ઝૂંપડે જઈને સ્વામીશ્રીએ અને સંતોએ તેમને સત્સંગથી ધન્ય બનાવ્યા. સ્વામીશ્રીના પ્રભાવે આજે એ હજારો આદિવાસી પરિવારો અનેક બદીઓથી મુક્ત બન્યા છે, તેમનું જીવન પવિત્ર સંસ્કારોથી સમૃદ્ધ બન્યું છે. પરંતુ એ માટે અનેક કષ્ટો વેઠીને ઘૂમતા સ્વામીશ્રીના વિચરણની ગાથા, હૈયું એક ક્ષણ ધબકાર ચૂકી જાય તેવી છે. એક એક વ્યક્તિના હૈયાની તેમણે દિલ રેડીને માવજત કરી છે.

દાદરા-નગર હવેલીના પછાત વિસ્તારમાં રહેતા બાળક રામુનું હૈયું સાચવવા માટે તેના ઘરે કષ્ટો વેઠીને પણ સ્વામીશ્રી પધાર્યા હતા - તેની સ્મૃતિઓ વાગોળતાં મોટી ઉંમરે પહોંચેલા રામુભાઈ લાગણીભીના થઈ જાય છે.

ગામોગામ અને ઘરોઘર ઘૂમતા સ્વામીશ્રીને જોઈને મોટી તંબાડી ગામના બારેક વર્ષના એ આદિવાસી બાળક રામુને ભાવ જાગ્યો હતો કે ‘સ્વામીબાપાને મારે ઘેર લઈ જવા છે.’ તેથી રામુએ તો સ્વામીશ્રી પાસે જઈને ઉત્સાહથી નિમંત્રણ આપી દીધેલું કે ‘સ્વામી ! મારે ઘેર આવો.’

સ્વામીશ્રીએ પણ વચન આપ્યું : ‘સારું. તારે ત્યાં આવીશું.’ પણ સૌએ જણાવ્યું : ‘સ્વામી ! આના ગામ સુધી ગાડી જાય એમ નથી.’

‘ભલે, પણ આપણે જવું છે.’ સ્વામીશ્રીનો નિર્ણય મક્કમ હતો. સ્વામીશ્રીને મન પોતાને પડતાં કષ્ટો કરતાં એ આદિવાસી બાળકની લાગણી વધુ મહત્ત્વની હતી. અને વ્યસ્તતાઓ વચ્ચેથી સમય કાઢીને સ્વામીશ્રી નીકળી પડ્યા રામુને ઘરે જવા માટે. વાઘછીપા સુધી ગાડી પહોંચી અને અટકી ગઈ. કારણ કે આગળ રસ્તો જ નહોતો. નાનકડી કેડી હતી. સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરીને રામુની પાછળ પાછળ એ બતાવે તેમ જંગલની કેડીએ ચાલવા લાગ્યા. આગળ જતાં વચ્ચે નદી આવી. તેથી ધોતિયું ઊંચે ચઢાવી સ્વામીશ્રીએ પાણી ડહોળતાં નદી ઓળંગી. સામે કિનારે પહોંચતાં એક ગાડાવાળો દેખાયો. તેને વિનંતી કરી એટલે ગાડામાં પરાળ ઉપર સ્વામીશ્રીને બેસાડ્યા. ગાડાની ઊબડ-ખાબડ મુસાફરી કરતાં કરતાં સ્વામીશ્રીએ રામુને પોતાની પાસે જ બેસાડેલો. રસ્તામાં આવતાં બે-ચાર ઝૂંપડાંઓના ગામ વિશે આવડે એવી વાત રામુ કરતો જાય અને સ્વામીશ્રી રસપૂર્વક સાંભળતા જાય. એમ કરતાં કુલ આઠ કિલોમીટરનો પંથ કપાયો અને બાળક રામુનું ઝૂંપડું આવી ગયું. તેણે હરખભેર આંગળી ચીંધતાં પોતાની તે ઝૂંપડી સ્વામીશ્રીને બતાવી !

પ્રેમપૂર્વક નીચા વળીને સ્વામીશ્રીએ તે આદિવાસી બાળકના ઝૂંપડામાં પ્રવેશ કર્યો. રામુ પાસે ઠાકોરજીનું પૂજન કરાવ્યું. આરતી ઉતરાવી. તેના કપાળમાં ચાંદલો કરીને આશીર્વાદ આપ્યા. રામુએ પણ સ્વામીશ્રીને ચાંદલો કર્યો. રામુ આજે જાણે આકાશમાં ઊડી રહેલો. તેનો આનંદ જોઈ સ્વામીશ્રી પણ હરખાતા હતા.

સમાજના છેવાડે જીવતા બાળકને આટલો આદર આપનાર મહાપુરુષો કેટલા હશે? જો કે સ્વામીશ્રી માટે તો આ બધું રોજિંદું અને સહજ હતું ! એટલે જ એ અબુધ ગણાતા લોકોનાં હૈયે સ્વામીશ્રી ભાવપૂર્વક તેમનાં હૈયાંના રામ બનીને રમતા થઈ ગયા હતા. ધામોદલામાં તો આદિવાસી ફળિયામાં એક ભાવિકે શબરીની જેમ તેઓની




गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૪, અંક : ૪, એપ્રિલ, ૨૦૨૨**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી

**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસજી
સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ,
સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ,
સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

બોરડીનાં બોર સ્વામીશ્રીને જમવા સારુ રાખ્યાં હતાં! આ ભાવ તેઓના ઝૂંપડે જઈ સ્વામીશ્રીએ સ્વીકાર્યો ત્યારે એ ભક્તની આંખોમાં વસેલી એક શબરી-ભાવના રામમય બની ગઈ હતી.

દાયકાઓ સુધી સ્વામીશ્રીએ કરેલા આ પ્રચંડ પુરુષાર્થથી, અને સ્વામીશ્રીની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના સંતોએ કરેલા વિચરણથી આ અજ્ઞાનનાં અંધારાં ધરાવતાં ગામોમાં પરિવર્તનનાં અજવાળાં ફેલાયાં છે. એક-બે નહીં, પરંતુ હજારોની સંખ્યામાં આદિવાસી પરિવારોમાં સ્વામીશ્રીના પ્રતાપે પરિવર્તનનો જે પવન ફૂંકાયો છે તેનું દસ્તાવેજીકરણ કરવા કેટલીય જિંદગીઓ ઓછી પડે તેમ છે. સ્વામીશ્રી જ્યાં જ્યાં પધાર્યા ત્યાં પરિવર્તન પામેલા એ ભક્તો આનંદ અને ઊલટભેર પોતાની કહાની વર્ણવતાં સ્વામીશ્રી પર ઓવારી જાય છે.

વ્યારામાં રાત્રે યોજાયેલી જાહેરસભામાં સેલવાસથી આવેલા એક સત્સંગીએ પોતાના જીવન-પરિવર્તનની ગાથા રજૂ કરતાં કહ્યું હતું: 'અમારા બાપ-દાદાઓથી તાડી, દારૂ, મરઘી, માંસનું ચાલ્યું જ આવતું હતું. સાંજ પડે ને દારૂ જોઈએ. પરોણો આવે તો મરઘી તૈયાર. પછી અમે ભજન મંડળ ચાલુ કર્યું. તેમાં પણ વચ્ચે દારૂની બાટલીઓ જોઈએ જ. પણ અમારા આત્માને સત્સંગ સારો લાગ્યો. કંઠી પહેરી. અત્યારે અમારું આખું કુટુંબ સત્સંગી છે ને બધાં સુખી છે. અમને નિશ્ચય છે કે પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી વિના મોક્ષ છે જ નહીં.'

આ એક અનુભવમાં સામે બેઠેલા બે હજાર આદિવાસીઓનો પડઘો હતો.

સન ૧૯૭૯માં બાળમહોત્સવમાં ૭૫૦ આદિવાસી બાળકોના પ્રતિનિધિ રૂપે રાંધા ગામના એક બાળકે હૃદયસ્પર્શી પ્રવચન કરતાં કહ્યું હતું કે 'પહેલાં અમે જૂઠું બોલતા, ખરાબ વસ્તુઓ ખાતા. પછી બાળમંડળની સભામાં હું જવા માંડ્યો. સંતો હેત કરે, પ્રવચન આપે અને શિખવાડે કે 'ચોરી ન કરવી, જૂઠું ન બોલવું, દારૂ-માંસથી દૂર રહેવું.' પરંતુ મારાં બા અને બાપ તો માંસ ખાય ને દારૂ પીવે. હું સત્સંગી થયો એટલે હું સ્કૂલે જઉં તોય તેમને ન ગમે, પછી ધીરે ધીરે મારી બા સુધરી ગઈ. તેણે દારૂ-માંસ મૂકી દીધાં. મારા બાપને પણ મેં બીડી છોડાવી છે. હવે દારૂ છોડાવવો છે. હું પ્રયત્ન કરું છું પણ શું કરું? હજી હું નાનો છું. ગામની આજુબાજુનાં ગામડાંના બાળકો પણ બાળ મંડળમાં જવાથી સુધર્યા છે. હું સ્વામીબાપાને પ્રાર્થના કરું છું કે તમે અમને સ્વામિનારાયણ ભગવાનના ખોળામાં બેસાડી દેજો.'

આદિવાસી બાળકની આ નિર્દોષ વાણીએ ઉપસ્થિત સૌને ભાવવિભોર કરી દીધા હતા.

સાંકરીમાં સન ૧૯૯૫માં ભોજન કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ ઉપસ્થિત આદિવાસીઓમાંના એક વૃદ્ધ જમુનાભાઈએ સ્વામીશ્રીએ કરેલા પરિવર્તનની દુહાઈ દેતાં કહ્યું હતું: 'મારે તો બપોરે-હાંજે દારૂ વગર ની હાલે. તણ દિ'એ મરઘાં જોઈએ. ગામના લોકો હારાં બકરાં હોધવા મને જ મોકલે. લોકો મને જમુના ખાટકી જ કહેતાં. મારું ઘર હાવ ઝુપ્પડ. પાથરવા કંતાન બી ની મલે. પણ હવે સત્સંગ થયો તે શાંતિ થઈ ગઈ. તણ વરહમાં મારું ઘર મજબૂત (પાકું) થઈ ગયું. અત્યારે પાછલી જિંદગી વિચારતાંયે હસવું આવે.'

સ્વામીશ્રીની પ્રતિભાનો પરિચય આપનારા આવા નમૂના મહેલથી મઢૂલી સુધી જોવા મળે છે.

શરાબના નશામાં ચકચૂર રહેવાને કારણે એક સમયે લાલુ 'બાટલી'થી જ ઓળખાતા દાદરા-નગર હવેલીના લાલુભાઈ સ્વામીશ્રીના સહવાસથી ટેલિફોન ઍક્સચેન્જના પ્રામાણિક કર્મચારીની પ્રતિષ્ઠા ધરાવતા થયા છે અને તેઓનો દીકરો તો ડૉક્ટર (M.D.) બન્યો છે.

સન ૧૯૮૭ની એક સાંજે યોજાયેલી સભામાં દોણજાના અગ્રણી કાર્યકર શ્રી છાયલાભાઈએ જણાવ્યું હતું કે 'સત્સંગ થયા પહેલાં અમારા આદિવાસી શિક્ષકો એવા હતા કે સ્કૂલે જાય કે છૂટે કે તરત દારૂ પીએ અને કેટલાકની બીડી તો એટલી લાંબી કે ઘેરથી સ્કૂલે પહોંચે ત્યાં સુધી બે-ત્રણ કિ.મી. ચાલે. એવા ૨૦૦ શિક્ષકોનું સ્વામીબાપાએ પરિવર્તન કર્યું છે. અમને સૌને જીવન આપનાર, સવળે માર્ગે લઈ જનાર પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ છે.'

એટલે જ મધ્ય ગુજરાતના જાણીતા અધિકારી અને અગ્રણી શ્રી અર્જુનસિંહ રાઠવાએ જાહેર સભાને સંબોધતાં જણાવ્યું હતું: 'સાક્ષાત્ પ્રભુના અવતાર જેવા પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનમાત્રે વિચારો બદલાઈ જાય છે. અમારો પાવી-જેતપુરનો આદિવાસી વિસ્તાર પહેલાં જે રીતે હતો અને બાપાના આવ્યા પછી આજે જે પરિસ્થિતિ છે એ માટે હું કહી શકું કે બાપાએ આખા પંથકનું પરિવર્તન કર્યું છે.'

જીવન-પરિવર્તનની આ ગંગાધારા પેઢી દર પેઢી વહેતી રહે તે માટે પ્રમુખસ્વામી મહારાજે સંતો અને મંદિરોની આ વિસ્તારોમાં ખૂબ મોટી ભેટ આપી છે. આ મંદિરો આદિવાસીઓનાં શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસ્કારની ગંગોત્રી સમાં બની રહ્યાં છે. શિક્ષણ માટે સ્વામીશ્રીએ સ્થાપેલાં આદિવાસી છાત્રાલય કે શાળા પરિસરો, સ્વાસ્થ્ય માટે તેઓએ સ્થાપેલી હૉસ્પિટલો અને ફરતાં દવાખાનાંઓ

વગેરે તેમનાં સ્વાસ્થ્ય અને શિક્ષણની સંભાળ લેતાં રહેશે, એ બધી લોક-સેવાઓનો તો એક વિરાટ અધ્યાય છે, પરંતુ સ્વામીશ્રીએ સર્જેલાં આધ્યાત્મિક સંસ્કારની ઘડતરશાળા સમાં મંદિરોનાં પ્રદાનોનું કોઈ મૂલ્ય આંકી શકાય તેમ નથી! આ મંદિરોની શીતળ છાયા નીચે ઠેર ઠેર બાળ-બાલિકા મંડળો, યુવક-યુવતી મંડળો, સંયુક્ત સત્સંગ મંડળો, મહિલા મંડળો હજારો લોકોનું નૈતિક, આધ્યાત્મિક જીવનઘડતર કરે છે. આ મંદિરો આજે આદિવાસીઓના સર્વાંગી ઉત્કર્ષનાં કેન્દ્રો બન્યાં છે.

મુંબઈમાં એક સભામાં જાણીતા ઉદ્યોગપતિ શ્રી ભગુભાઈએ સ્વામીશ્રીને પોતાના વ્યવસાયની વાત કરતાં કહ્યું હતુંઃ 'સેલવાસમાં અમારી એલ્યુમિનિયમનાં વિવિધ વાસણો બનાવવાની ફેક્ટરી છે.'

ત્યારે તેમના આશ્ચર્ય વચ્ચે સ્વામીશ્રીએ મંદિરોનો નિર્દેશ કરતાં હસતા હસતા તેમને ચોખવટપૂર્વક કહ્યું હતુંઃ 'તમે જેમ ફેક્ટરી નાંખી છે તેમ અમે પણ ત્યાં એક ફેક્ટરી નાંખી છે.'

આ વાત સાંભળીને પેલા ઉદ્યોગપતિ મૂંઝવણમાં મુકાયા! એટલે સ્વામીશ્રીએ ચોખવટ કરતાં કહ્યું : 'અમે ત્યાં આદિવાસીઓને સુધારીને સદાચારી કરવાની ફેક્ટરી નાંખી છે.'

ઠેર ઠેર આવાં મંદિરો સ્થાપીને સ્વામીશ્રીએ આ આદિવાસીભાઈઓનાં હૈયે સનાતન હિન્દુ ધર્મના સંસ્કારોની હરિયાળી ફેલાવી છે. ગુજરાતના જાણીતા ઈતિહાસકાર શ્રી મકરંદ મહેતા સ્વામીશ્રીએ સર્જેલા આ ચમત્કારની રૂબરૂ નોંધ લેતાં બોલી ઊઠ્યા હતાઃ 'કહેવાતા ઊજળા અને શહેરી લોકો કરતાં પણ આ લોકો વધુ પવિત્ર અને સંસ્કારી છે.'

આ આધ્યાત્મિક સંસ્કારોની ચરમસીમા એટલે મુક્તિનો અહેસાસ. વેદ-ઉપનિષદો અને ભગવદ્‌ગીતાની જ્ઞાન-ગંગા પર કલાકો સુધી ભાષણો આપતા વિદ્વાનો મુક્તિની મીમાંસા કરે છે, પરંતુ તેનો અનુભવ ક્યારેક તેમનાથી જોજનો દૂર હોય છે. પરંતુ આ આદિવાસીઓ ભલે મુક્તિની આવી મીમાંસાઓ કરી ન શકે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી મુક્તિનો અનુભવ અવશ્ય માણે છે.

એક ઉદાહરણ ટાંકવાનું મન થાય છે.

સન ૧૯૮૨માં પ્રમુખસ્વામી મહારાજ ધરમપુર તાલુકાના આંબા તલાટ ગામે પધાર્યા હતા. ધોડિયા અને વર્લી જાતિના આદિવાસીઓનું આ ગામ. તેઓ સ્વામીશ્રીને ગાડામાં બેસાડીને અહીં લઈ આવ્યા હતા. અહીં તેઓને લાભ આપીને સ્વામીશ્રીએ તેમને ધન્ય કર્યાં હતાં. તેમાંનો એક આદિવાસી એટલે શ્રી ખલપુ લાછિયા. તેના ઝૂંપડાને પણ સ્વામીશ્રીએ પાવન કર્યું હતું.

બસ, તે દિવસથી ખલપુભાઈના જીવનમાં આધ્યાત્મિકતાની અનોખી લહેર ચઢી ગઈ હતી. ત્રણેક વર્ષ બાદ એ આદિવાસી ભક્તનું આયુષ્ય પૂરું થવા આવ્યું ત્યારે સ્વામીશ્રીએ દિવ્ય દર્શન આપી તેઓને કહ્યું હતું કે 'આજથી ત્રીજા દિવસે હું તમને અક્ષરધામમાં લઈ જવા માટે તેડવા આવીશ.'

ખલપુએ સૌને હોંશે હોંશે આ વાત કરી. પરંતુ નખમાં પણ રોગ નહીં એવો એ સ્વસ્થ હતો. કોઈને મનાયું નહીં. પરંતુ મૃત્યુ નહીં, મુક્તિનો આનંદ માણતાં ખલપુએ પોતાનાં સંબંધીઓને બોલાવી લીધાં. એમ કે 'આજથી ત્રીજા દિવસે હું નહીં રહું.'

અને એમ જ બન્યું. ત્રીજા દિવસે ખલપુએ એકત્રિત સ્વજનોને કહેવા માંડ્યું કે 'સ્વામીબાપા મને લેવા પધારી ચૂક્યા છે. માટે સૌને જય સ્વામિનારાયણ.'

આ સાંભળનારા સૌને એ જ વખતે ચારેકોર તેજ વ્યાપી વળ્યાનો અનુભવ થયો. તેની વચ્ચે ખલપુભાઈ દેહ છોડી અક્ષરધામ સિધાવી ગયા.

વ્યસનમુક્તિથી લઈને આત્યંતિક મુક્તિ સુધી આ આદિવાસીઓની સંભાળ લેનારા પ્રમુખસ્વામી મહારાજને આજે સૌ દિલના તાર રણઝણાવતા સંભારે છે. આ વિસ્તારમાં કાર્ય કરી રહેલા એક ઉદ્યોગપતિ શ્રી અમૂલભાઈ નાયક તો બોલી ઊઠ્યા હતાઃ 'આજથી પાંચસો વર્ષ પછી લોકો પૂછશે કે પ્રમુખસ્વામી મહારાજ શું કરતા હતા? એમનો કેવી રીતે પ્રભાવ હતો? એમને સમાજ સુધારવાની કેટલી તમન્ના હતી? એની ખબર આવા ઈતિહાસ દ્વારા પડશે.'

આજે તેઓના એ વિરાટ આદિવાસી ઉત્કર્ષ કાર્યનું વહન પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં બી.એ.પી.એસ. સંસ્થાના સેંકડો સંતો અને હજારો કાર્યકર્તાઓ કરી રહ્યા છે. પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દીએ તેનો સરવાળો માંડવા જઈએ તો આંકડા ટૂંકા પડે તેમ છે.

વર્ષો પહેલાં મોટી ચીખલી ગામે પધારેલા પ્રમુખસ્વામી મહારાજના સત્કારમાં, સ્થાનિક આશ્રમશાળાના આદિવાસી બાળકોએ મીઠી હલકે સ્વાગતગીત લલકાર્યું હતું તે યાદ આવે છેઃ 'અમને કોણે બતાવી વાટ, લીલવો ગિરધારી; અમને સ્વામીએ બતાવી વાટ, લીલવો ગિરધારી...'

'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક અસંખ્ય લોકોને સાચી વાટ બતાવનાર સ્વામીશ્રીની આદિવાસીઓ પરની એ સ્નેહવર્ષાનું સ્મરણ કરીને તેમને શતાબ્દીએ વંદના કરે છે...

**– સાધુ અક્ષરવત્સલદાસ** ◆

સમાજના છેવાડે વસતા આદિવાસી સમાજ પર

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની

# અતુલનીય સ્નેહવર્ષા



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે સમતાના મેરુ સમાન મહાન સંતવિભૂતિ. દાયકાઓ સુધી ગામડે ગામડે ગરીબોના ખોરડે ખોરડે ઘૂમીને તેમના પર સ્નેહ વર્ષાવનારા એક વિરલ મહાપુરુષ.

અનેક કષ્ટો વેઠીને આદિવાસી વિસ્તારોમાં ઘૂમતાં ઘૂમતાં સ્વામીશ્રીએ અબુધ વનવાસીઓ પર જે સ્નેહ વર્ષાવ્યો છે, તે ઇતિહાસનું એક અવિસ્મરણીય પૃષ્ઠ છે.

મોટી ઉંમર, અનેક શારીરિક પ્રશ્નો, એમાં વળી એ પછાત ગામડાંઓમાં ઇલેક્ટ્રિસિટી કે શૌચાલય જેવી સામાન્ય સુવિધાઓનો પણ અભાવ, વળી રોડ-રસ્તાના અભાવે ખેતરો કે કાદવ ખૂંદીને ત્યાં પહોંચવાનું, પરંતુ પ્રમુખસ્વામી મહારાજે એ કશાનો વિચાર કર્યા સિવાય અહોરાત્ર એ આદિવાસી બંધુઓના ઝૂંપડે ઝૂંપડે જઈને તેમના પર નિર્વ્યાજ સ્નેહ વર્ષાવ્યો, એમના જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું, એમને સંસ્કારોથી અલંકૃત કર્યા, એમની નાની-મોટી અનેક સમસ્યાઓને ઉકેલવામાં આત્મીયતાપૂર્વક રસ લઈને એમને સુખી કર્યા. સ્વામીશ્રીની દિવ્ય કૃપાવર્ષાથી આજે એ આદિવાસી વિસ્તારોમાં ઠેર ઠેર અંધશ્રદ્ધાનાં જાળાં તૂટ્યાં છે, શિક્ષણનો પવન ફૂંકાયો છે, હજારો બાળકો-યુવાનો-પરિવારો પવિત્ર સંસ્કારોથી સમૃદ્ધ બન્યા છે, તેમનું સર્વાંગી જીવનઘડતર થયું છે અને જીવનધોરણ ઊંચું આવ્યું છે. એટલે જ આજે એ લાખો આદિવાસીઓ સ્વામીશ્રીને પોતાના તારણહાર તરીકે ભીની આંખે સંભારે છે. સ્વામીશ્રીની એ અપાર સ્નેહવર્ષાના સાક્ષી સંતોના સ્વાનુભવો હવે પછીનાં પૃષ્ઠોમાં તેની સાખ પૂરે છે. આવો તેને માણીએ...




**એ કરુણાભીનાં સંસ્મરણો**

# જ્યાં વાણી અને મન વિરામ પામે છે...

■ અ.નિ. સાધુ નારાયણપ્રસાદદાસ

સન ૧૯૭૫થી ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે મને દક્ષિણ ગુજરાતના પછાત વિસ્તારોમાં વિચરણ કરવાની આજ્ઞા કરી હતી. તે સમયે યોગીજી મહારાજે જ્યાં પગલાં કર્યાં હોય કે મંડળો શરૂ કરાવ્યાં હોય તેવાં પણ કેટલાંક કેન્દ્રો હતાં. મોટા ભાગનો આ જંગલ વિસ્તાર સોનગઢ(વ્યારા)થી દોણજા (વલસાડ) સુધીનો હતો. દાદરા નગર-હવેલીના સેલવાસની આજુબાજુના પછાત વિસ્તારોનો પણ તેમાં સમાવેશ થઈ જતો. સ્વામીશ્રી પણ અવારનવાર આ પછાત ગામડાંઓમાં પછાત લોકો વચ્ચે કષ્ટો વેઠીને પધારતા. સ્વામીશ્રી અને સંતોના વિચરણથી સાંકરી, નવસારી, વ્યારા, ઉકાઈ, મઢી, કરચેલિયા, દોણજા, સેલવાસ, કોસંબા ભાગડા, રાન્ધ્રા વગેરે વિસ્તારોનાં નાનાં નાનાં ગામો સુધી સત્સંગ-સંસ્કાર પ્રવૃત્તિ શરૂ થઈ.

સ્વામીશ્રી એકવાર ૧૯૭૯ના જૂનમાં મહુવા તાલુકામાં વિચરણ કરી રહ્યા હતા. તદ્દન પછાત આદિવાસી ગામોમાં પધારવાનું થયું હતું. તે સમયે કેટલાંય ગામો સુધી રસ્તા જ નહોતા અને ક્યાંક રસ્તા તૈયાર થઈ રહ્યા હતા. તેથી માટી, પથ્થર, કપચી, મૅટલ જેમ તેમ પડ્યું રહેતું, ક્યારેક તો ગાડી લઈ જવાની મુશ્કેલી પડતી, કેમકે પંક્ચર પડી જવાનો સંપૂર્ણ ભય. જો ચાલવા માંડે તો દૂર દૂર આવેલાં ઝૂંપડાંઓ સુધી સમયમાં રહીને પહોંચી શકાય નહીં. અધૂરામાં પૂરું વરસાદ શરૂ થયો.

મેં કહ્યું: 'બાપા! આપણે રહેવા દઈએ. અહીં તો આપને બહુ તકલીફ પડે છે!'

સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા, 'ચાલવામાં ને વરસાદમાં કાંઈ ઘસાઈ નહીં જાઉં! અહીં ભક્તો આવી વિકટ પરિસ્થિતિમાં રહે છે. તમે સંતો પણ મચ્છર, માંકડ, ચાંચડ, આવી ખાવા-પીવા-સૂવાની મુશ્કેલીમાં અહીં ફરો છો, તો મને શું વાંધો આવી જવાનો છે?'

અમે તો બોલતાં જ બંધ થઈ ગયા. સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય તે વર્ષોમાં એટલું તંદુરસ્ત હતું કે અમે જવાનિયા તેમની સાથે ચાલવામાં થાકી જતા. સાંજ પડે લોથ થઈ જવાતું. પણ સ્વામીશ્રીની સ્ફૂર્તિ, ઝડપ અને ખાસ તો સૌને રાજી કરવા દેહ ઘસી નાખવાની ભાવના પ્રતિદિન વધતી જતી જોઈ છે.

કેટલાક પ્રસંગો એવા છે કે જેનું વર્ણન પણ શબ્દોમાં શક્ય નથી.

વ્યારા પાસેના લોટરવા ગામે સ્વામીશ્રી ત્રણ ત્રણ વખત પધાર્યા છે. ઉદા ભગતો અને પછાત જાતિના લોકો પણ અહીં વસે છે. ત્યાં જવા માટે કોઈ વાહનની સગવડ નહીં. ચાલીને જવું પડે. ભક્તોએ ગાડું તો મંગાવ્યું હતું, પણ સ્વામીશ્રી કહે, 'આપણે ચાલીને જવું છે.'

મેં કહ્યું, 'માથે તાપ છે. અને આ ખેતરોમાં થઈને ચાલતાં ચાલતાં જવાનું છે, એટલે અહીંની ચીકણી માટીની ધાર પગમાં ખૂબ વાગશે.'

પરંતુ સ્વામીશ્રી પોતે ગાડામાં બેસે અને અમે સૌ ચાલીએ એ કદાચ એમને પસંદ નહોતું. એટલે અમારી સાથે તેમણે ચાલવાનું જ પસંદ કર્યું હતું. તેઓ કહે, 'આપણે ચાલીએ.'

અને અમે ચાલવાનું શરૂ કર્યું. સીતારામબાપા, ગોકળભાઈ વગેરે સ્થાનિક લોકો સાથે હતા. તેઓ કહે: 'બહુ

દૂર નથી, પેલી તાડી દેખાય એટલું જ દૂર છે.' એમ કરતાં કરતાં ચાર કિલોમીટર ચાલ્યા. સારા રસ્તે ચાર કિલોમીટર ચાલીએ અને આવા ખેતરાળ ઢેફાંના રસ્તે એક કિલોમીટર ચાલીએ એ સરખું! પરંતુ સ્વામીશ્રીના મોં પર આ કષ્ટો વેઠ્યાંનો લેશમાત્ર ભાવ નહોતો. તેઓ તો લોટરવાના ગરીબ ભક્તોને મળીને આનંદમાં હતા.

સન ૧૯૭૯માં સ્વામીશ્રી લોટરવા પધાર્યા, ત્યારે તો ચોમાસાનો વરસાદ ચાલુ હતો. તે વખતે અમારી પાસે સ્વામીશ્રીના મસ્તકે ધરવાની છત્રી પણ નહોતી! પલળતાં પલળતાં સ્વામીશ્રી અહીં પધાર્યા હતા!

આ જ રીતે ઢેફાંવાળી જમીનમાં છ કિલોમીટર ચાલીને સ્વામીશ્રી ધામોદલા પધાર્યા હતા. તે વખતે ખેતરના મચ્છરો ઊડી ઊડીને મોં પર વળગે. પરંતુ સ્વામીશ્રીએ એવી તકલીફોને ગણકારી નહોતી. બિલખડી વગેરે કેટલાંય ગામોમાં તો છૂટાછવાયા ટેકરા છે. સૌના ભાવને સ્વીકારીને સ્વામીશ્રી ટેકરે ટેકરે ચઢીને ઝૂંપડે ઝૂંપડે ફર્યા અને સૌને રાજી કર્યા.

•


તે વખતે એક દિવસમાં સ્વામીશ્રી ચાર ચાર ગામોમાં વિચરણ કરતા. સન ૧૯૭૭-૭૮માં દોણજા અને સેલવાસની આજુબાજુનાં ૯૦ ગામોમાં ૧૭ દિવસમાં વિચરણ કર્યું હતું. સ્વામીશ્રીને એ વખતે તો બહુ ભીડો પડ્યો હતો.

વ્યારામાં દૂબળા-હળપતિઓના ઘરે સ્વામીશ્રી પધરામણી કરતા, પ્રજાપતિઓનાં ઘરે ઘરે ઘૂમતા. દિવસે એ પ્રજાપતિઓનાં ઘરે ઘરે ચાકડા ચાલે અને સાંજે જવાય પણ નહીં, કારણ કે મોટા ભાગના લોકો દારૂ પીને ભાન ભૂલી ગયા હોય. સ્વામીશ્રીએ ઘરોઘર ઘૂમીને એ દારૂનાં માટલાં તોડાવ્યાં અને તેમને વ્યસનમુક્ત કર્યા. આજે સ્વામીશ્રીના પ્રતાપે એ પ્રજાપતિ મહોલ્લો સુખી બન્યો છે.

૧૯૭૮માં વ્યારામાં આવા કઠોર વિચરણને કારણે સ્વામીશ્રીને ધખધખતો તાવ આવી ગયો હતો. એ પ્રસંગ યજ્ઞેશ્વરદાસ સ્વામીએ ચિત્રાત્મક રીતે વર્ણવ્યો છે. તેમના જ શબ્દોમાં તેનું સ્મરણ રજૂ કરું છુંઃ

''તા. ૨૮-૯-૭૮ના સવારે વ્યારામાં પ્રાતઃપૂજાવિધિ તથા કથાવાર્તા બાદ સંતમંડળ સાથે કપુરા પધાર્યા. અહીં સુમન નરસિંહભાઈ ભક્તાને ત્યાં સત્સંગસભા ચાલી રહી હતી. નારાયણ ભગત ઊભાં ઊભાં પ્રવચન કરી રહ્યા હતા. તે દરમ્યાન તેમની બાજુમાં બિરાજેલા સ્વામીશ્રીનું શરીર એટલું અસ્વસ્થ થવા માંડ્યું કે તેનો અણસાર સાથેના સંતોને પણ તરત આવવા માંડ્યો. તેમનું શરીર જાણે શ્યામ પડતું જતું હોય તેવું જણાયું, નિર્જળ ઉપવાસમાં કરેલા પરિશ્રમનું આ પરિણામ હતું. પણ તેઓ તો તેમની લાક્ષણિકતા અનુસાર માળા જ ફેરવ્યે જતા હતા. માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ. સાથેના સંતો પરસ્પર સ્વામીશ્રીના કથળી રહેલા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરતા હતા અને ઉપાય શોધતા હતા. જેનો અણસાર નારાયણ ભગતને ચાલુ પ્રવચને જ આવી ગયો. તેમણે ખાતરી માટે સ્વામીશ્રીના હાથનો સ્પર્શ કરી

ચાલુ વરસાદે પલળતાં પલળતાં ઢેફાંવાળી જમીનમાં છ કિલોમીટર ચાલીને સ્વામીશ્રી ધામોદલા પધાર્યા હતા. આવાં અનેક કષ્ટો વેઠીને તેઓ ૧૭ દિવસમાં ૯૦ ગામોમાં ફરી વળ્યા.



લીધો. સ્વામીશ્રીનું શરીર અત્યંત તાવના કારણે સખત તપી રહ્યું હતું, તેથી તેમણે અડધા પ્રવચને જ 'જય' બોલાવી દીધી અને ટૂંકમાં જાહેરાત કરીને સભાનું વિસર્જન કર્યું. સંતો સ્વામીશ્રીને ટેકો આપીને મોટર સુધી લઈ ગયા અને સડસડાટ બધો જ સંઘ વ્યારા સ્વામીશ્રીના ઉતારે જિતુભાઈ શાહને ત્યાં આવી ગયો.

ઉતારો પહેલે માળે હતો. સ્વામીશ્રીને તાવના કારણે અશક્તિ સખત વધી રહી હતી, તેથી સંતો એમને ઝાલી રાખીને, ટેકો આપીને જેમ તેમ કરીને ઉપર લઈ ગયા. બે ગાદલાં ઉપર ચાદર સરખી પથરાય તે પહેલાં તો સ્વામીશ્રી પથારીમાં ઢળી જ પડ્યા.

અમે અમુક સંતો તેમનું શરીર દબાવવા માંડ્યા. જાણકાર સંતે સ્વામીશ્રીને કોઈ ઔષધ પાયું. પણ મિનિટે મિનિટે સ્વામીશ્રીની અસ્વસ્થતા વણસતી જતી હતી. લગભગ અર્ધબેશુદ્ધ એવા તેઓ ક્યારેક કંઈક બોલે અથવા કંઈક સૂચના આપે તે નજીકથી કાન માંડીને સાંભળનારને પણ સંપૂર્ણ તો ન જ સમજાય. ધીમે ધીમે સમજાયું કે નરસિંહભાઈના ઘરેથી અચાનક નીકળી જવાનું થયું હતું તેથી સ્વામીશ્રી તાવમાં-તંદ્રામાં બોલતા હતા : 'સુમનના બાપુજીને ખોટું તો નહીં લાગ્યું હોય ને!' વળી કહે, 'મઢીવાળા મહેન્દ્રભાઈએ આપણને તેડાવવા ઘણી તૈયારી કરેલી પણ આપણાથી જવાયું નહીં...' આમ બીમારીમાંયે ભક્તોને સંભારી દુઃખ વ્યક્ત કર્યા કરતા હતા. સ્વતંત્ર રીતે પડખું ફરવા જેટલી તાકાત પણ તેમના શરીરમાં ન હતી. શરીરભાન તેઓ મિનિટે મિનિટે જાણે ગુમાવી રહ્યા હતા! સાથેના સંતોને લાગણીવશ ખૂબ જ ચિંતા થવા લાગી હતી. હરિભક્તો ડૉક્ટરને લેવા માટે પહોંચી ગયા હતા.

બપોરે લગભગ ૧૧-૩૦ વાગ્યા હશે. સ્વામીશ્રી પ્રયત્નપૂર્વક બેઠા થઈ ગયા અને પૂછ્યું, 'હરિકૃષ્ણ મહારાજને થાળ ધરાવ્યો?'

'હા, અક્ષરસ્વરૂપ સ્વામી થાળ માટેની તૈયારી સવારથી કરતા હતા. મંદિરમાં અત્યારે થાળ ચાલુ જ છે.' એક સંતે વિગતવાર જવાબ આપ્યો. સ્વામીશ્રીના મુખ ઉપર અપાર સંતોષની લાગણી ફરી વળી અને શાંતિથી સૂઈ ગયા. સમય સમયની ઠાકોરજીની સેવાનું કેવું સતત અનુસંધાન !

બીજે દિવસે વ્યારાથી સાંકરી આવ્યા. આજે સ્વામીશ્રીનો તાવ ઊતરી ગયો હતો. જો કે અશક્તિ ઘણી જ હતી. તેમની દાઢમાં સખત પીડા હતી પણ તેઓ તે અંગે કોઈને ફરિયાદ કરતા ન હતા. તેમાં વળી બારડોલીના ડૉ. રમણભાઈ પટેલે કમળો હોવાનું નિદાન કર્યું. અને એ દિવસ બાદ અમદાવાદ જવા નિર્ણય લેવાયો. યોગાનુયોગ ત્રીજે દિવસે સવારે રાજકોટના પ્રખ્યાત દંતવૈદ્ય શ્રી લાભશંકરભાઈ સાંકરી સ્વામીશ્રીના દર્શનાર્થે આવ્યા. સોમાભાઈના બંગલે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર રસોડાની બાજુની રૂમમાં સ્વામીશ્રીની દાઢ તપાસવા માટે તેમણે સ્વામીશ્રીના મુખમાં નીચેના જડબામાં ડાબી બાજુના પેઢામાં દાઢ પાસે સહેજ સ્પર્શ કરીને દબાવ્યું તો મોઢામાંથી પરુની એક નાનકડી સેર ઊડી! તેઓ તરત જ બોલી ઊઠ્યા, 'આટલી પીડા તો એક સ્વામીશ્રી જ વેઠી શકે!'

તેમણે તેમની ખાસિયત પ્રમાણે સ્વામીશ્રીના જડબાની એક ચોક્કસ રગ દબાવીને લોહી વહેવડાવ્યા વગર આસાનીથી સ્વામીશ્રીની દુખતી દાઢ કાઢી નાખી અને પોટેશિયમ પરમેંગેનેટના કોગળા કરાવ્યા. ત્યાર પછી પણ થોડા દિવસો સુધી સ્વામીશ્રીના શરીરમાં તાવની આવન-જાવન ચાલુ રહી હતી.''

જો કે સ્વામીશ્રીના ઉત્સાહમાં આ કષ્ટોની કોઈ અસર દેખાઈ નહોતી.

સેલવાસની આજુબાજુ વાઘછીપા, ડોકમરડી, રખોલી, મસાટ વગેરે ગામો છે. સ્વામીશ્રીને એ ગામોમાં પધારવું હતું. સામાન્ય પણ વ્યવસ્થા ન હોય એવા એ ગામોમાં તેમને ભીડો ન પડે એ હેતુથી અમે તેમને તે ગામોમાં જવાની ના પાડી હતી, પરંતુ ત્યાંના ગરીબ ભક્તોને સ્વામીશ્રીએ હૃદયમાં રાખ્યા હતા. એટલે સ્વામીશ્રી કહે, 'મારે એ ગામડાંઓમાં જવું જ છે.'

અમે ત્યાં ગયા ત્યારે જોયું કે, એ સામાન્ય ભક્તોનાં હૃદયમાં સ્વામીશ્રીના આગમનથી કેવો અપાર આનંદ છવાઈ ગયો હતો! રાયમમાં તો સ્વામીશ્રી ઘરે ઘરે પધાર્યા. ઘરે ઘરે દીવડા પ્રગટાવીને સૌએ સ્વામીશ્રીને વધાવ્યા હતા. બસ, એ ભક્તોનો એ આનંદ નીરખવા જ સ્વામીશ્રીએ કષ્ટો વેઠવાનું પસંદ કર્યું હતું!

વાંદરવેલા, સામરવરણી વગેરે ગામોમાં સ્વામીશ્રી ત્રણ ત્રણ કિ.મી. ચાલતાં ગયેલા. ગરીબ-આદિવાસી વિસ્તારમાં પધરામણી કરતાં કરતાં સ્વામીશ્રી બહુ ખીલે. એમને એટલી બધી મજા આવે કે આપણને આશ્ચર્ય થાય! એક વખત મેં સ્વામીશ્રીને કહ્યું, 'આપને થાક નથી લાગતો?'

સ્વામીશ્રી કહે, 'અરે હોય! થાક હોય!? અહીં તો આનંદ આનંદ છે!'

સ્વામીશ્રીની ભોજનની વ્યવસ્થા જળવાય તે માટે એક વાર દેવચરણદાસ સ્વામી અને અન્ય સંતોએ કહ્યું: 'અહીં બીચારા ગરીબ લોકો છે. એમની પાસેથી આપણે



આદિવાસીઓનાં ઝૂંપડાંઓમાં ઘૂમતાં સ્વામીશ્રીને પૂછ્યું: 'આપને થાક નથી લાગતો?'
સ્વામીશ્રીએ કહ્યું: 'અરે થાક હોય! અહીં તો આનંદ આનંદ છે...'

સ્વામીશ્રીના ભોજનની શું અપેક્ષા રાખવી! માટે આપણે નાસ્તા વગેરે થોડું થોડું સાથે લઈ લઈએ.' સ્વામીશ્રીએ આ વાત સાંભળી ત્યારે તેમણે કહ્યું હતું: 'દેવ! આ લોકો ગરીબ છે. તેમ છતાં દિલના બહુ ઉદાર માણસો છે. તમે જોજો.'

અને ખરેખર! સ્વામીશ્રી પધાર્યા તેના આનંદમાં એ ગરીબ આદિવાસી ભક્તોએ વીસ વીસ વાનગીઓ બનાવી હતી! આદિવાસી ભક્તો ખૂબ ભાવથી સ્વામીશ્રી માટે અથાણું, સૂરણનું શાક વગેરે જે ફાવે તે બધું બનાવે. તેમનો એવો પ્રેમભાવ જોઈને અમે સૌ પણ ચકિત થઈ ગયા હતા! જાણે કોઈ જૂની ઓળખાણ હોય, એવી રીતે સ્વામીશ્રી એ સૌને મળે. સ્વામીશ્રી ઘણી વખત બોલી ઊઠતા: 'આ તો બહુ જૂની ઓળખાણવાળા છે!' અને એ સૌ પર પ્રેમવર્ષા કરતા સ્વામીશ્રીને મન આ બધી પધરામણીઓ ને એ બધું ભીડા જેવું હતું જ નહીં.

સ્વામીશ્રી પોતે આવાં કષ્ટો વેઠતા હતા અને અમને તકલીફ ન પડે તે માટે અમારી ચિંતા કરતા હતા. અમે આ ગામડાંઓમાં સારી રીતે વિચરણ કરી શકીએ, તે માટે અમને એક જીપગાડીની વ્યવસ્થા તેમણે સંસ્થા તરફથી કરી આપી હતી.

સ્વામીશ્રી દક્ષિણ ગુજરાતમાં વ્યારા અને આજુબાજુનાં ગામડાંઓમાં ૧૯૭૧થી લઈને ૧૯૮૦ દરમ્યાન અનેક વખત પધાર્યા હતા. સન ૧૯૭૮માં સ્વામીશ્રી ભાદરવા મહિનામાં અહીં પધાર્યા હતા. તાપ અસહ્ય હતો. વળી, તે વરસે સ્વામીશ્રી ખૂબ જ બીમાર પણ થયા હતા. આથી કરચેલિયામાં સ્વામીશ્રી માટે એ.સી. લીધેલું. સ્વામીશ્રી તેથી એકદમ નારાજ થઈ ગયા. મેં કહ્યું, 'સ્વામી આપને ગરમી લાગે.'

તેઓ કહે, 'શાની ગરમી લાગે? આટલું સહન નહીં થાય અમારાથી? હરિભક્તને કેટલું નુકસાન થશે! ગરમીમાં મને શું થઈ જવાનું છે?'

સ્વામીશ્રીએ ક્યારેય સુવિધાઓની અપેક્ષા તો રાખી નથી, પરંતુ સામેથી સુવિધાઓ આવે તેને ઠેલીને તેમણે હંમેશાં બીજાનો વિચાર કર્યો છે. એ વિચારે હું સ્વામીશ્રીનાં ચરણે લળી પડ્યો.

તા. ૨૨-૬-૧૯૭૯નો એક પ્રસંગ હું ક્યારેય વીસરી શકીશ નહીં. આ દિવસે સ્વામીશ્રી આદિવાસીઓના ગોપળા ગામે પધાર્યા હતા. અહીંના શ્રી મણિભાઈ સૂરજીભાઈને ત્યાં એકત્રિત થયેલા આદિવાસી ઘોડિયા ભાઈઓને સ્વામીશ્રીએ સદુપદેશ આપ્યો અને નિયમો પાળવાની વાતો કરી સૌને વ્યસનમુક્ત કર્યા. પછી તેમનાં ઝૂંપડાંઓમાં પધરામણી કરીને સ્વામીશ્રી દેદવાસણ ગામે પધાર્યા હતા. દેદવાસણ પધારવાનું એકમાત્ર કારણ હતું – દલુભાઈ મદારી ઘોડિયા. તદ્દન કંગાલ હાલતના એક હરિભક્ત.

એમની એક તીવ્ર ઇચ્છા હતી કે સ્વામીશ્રી એમના ઘરે પધારે. સ્વામીશ્રીએ એમની એ ઇચ્છા પૂર્ણ કરી. એમના ઘરે કષ્ટો વેઠીને પધાર્યા ત્યારે આશ્ચર્ય થયું. કારણ કે આ 'ઘર'ને ઘર કહેવાય કે કેમ, તે એમનું ઝૂંપડું જુઓ તો જ ખ્યાલ આવે.

અંધારિયા ઝૂંપડામાં સ્વામીશ્રીને ક્યાં બેસાડવા તેનીયે તેમને મૂંઝવણ થઈ હતી. એટલે તેમણે ભેંસની ગમાણની પાળી ઉપર સ્વામીશ્રીને બેસાડ્યા હતા! ભેંસને ખીલે બાંધવાના વાંકાંચૂકાં લાકડાં બે પથ્થરો પર ટેકવીને સંતોને તે લાકડાં પર બેસાડ્યા. હું, સ્વામીશ્રી અને ગોવિંદ સ્વામી – અમે બેઠા એટલે તે પાળી હલતી હતી. તેની એક બાજુ પોદળા હતા અને બીજી બાજુ રસોડાની રાખ હતી. ગોવિંદ સ્વામી આ સ્થિતિ જોઈને હસતા હતા. તેઓ કહે, 'આ બાજુ પડીશું તો ચૂલાની રાખ ખાવાની અને આ બાજુ પોદળા.' સ્વામીશ્રી તેમને કહે, 'જુઓ, આ હરિભક્તો કેવા પ્રેમી છે!'

મેં કહ્યું, 'સ્વામી ! આપના પ્રતાપે આ લોકોની સ્થિતિ સુધરી. બાકી તો ઉપર મરેલા સાપ લટકતા હતા! આખું પીપડું દારૂનું પી જાય એવા હતા.'

દલુભાઈએ પોતાનું પૂર્વજીવન વર્ણવતાં સ્વામીશ્રીને કહ્યું હતું: 'અમે તો કાચું માંસ ખાતા, સ્ત્રી-પુરુષ સૌ સામૂહિક ખૂબ દારૂ પીતાં. સાવ પશુ-જીવન જીવતાં હતાં. પણ આપના સંગે પરિવર્તન આવતાં વ્યસનો છૂટ્યાં. લસણ, ડુંગળી, હિંગ જ નહીં પરંતુ ચા પણ મૂકી દીધી છે. આ નિયમો પાળવાથી અમે સુખિયા થઈ ગયા છીએ...'

એમ કહીને હરખાતાં હરખાતાં દલુભાઈએ પધરામણીનો વિધિ કર્યો. ઠાકોરજીનું પૂજન કર્યું. મેં દરેક આદિવાસી ભાઈની ઓળખાણ આપી. દલુભાઈ બધા જ અનાચારો છોડીને શુદ્ધ થયા છે એ વાત સાંભળી સ્વામીશ્રી એટલા બધા રાજી થયા કે તેમને અને સાથે આવેલા આદિવાસી સત્સંગી ભાઈઓને ભાવથી ભેટ્યા! છાતીએ લગાડ્યા. એમની આંખોમાંથી નીતરતી કરુણા, ભાવ અને આદિવાસીને ભેટતાં એમની સમદૃષ્ટિનો અહીં ત્રિવેણી સંગમ રચાયો હતો.

સ્વામીશ્રી કહે: 'ભલે ગરીબ છે પણ દર્શનથી શાંતિ થાય તેવા છે. આમ ભલે પછાત કહેવાય, પણ આને કોણ પછાત કહે? સત્સંગી થયા, પવિત્ર થયા, આવાં ઘરોમાં-ઝૂંપડાંઓમાં એમની ભક્તિનાં-શાંતિનાં દર્શન થઈ ગયાં.'

પછી અમે સંતો હતા તે તરફ ફરીને દૂર સુધી પથરાયેલી વનરાજી, ગરીબોનાં દેખાતાં કૂબા જેવાં ઝૂંપડાંઓ, થોડે દૂર રમતાં નાના ગરીબ બાળકો તરફ દૃષ્ટિ કરતાં સ્વામીશ્રી જાણે સ્વગત બોલતા હોય તેમ કહે: 'શ્રીજીમહારાજ અને ૫૦૦ પરમહંસો આવા ગરીબોની વચ્ચે જ રહ્યા છે.'

સત્સંગની સૌરભથી મઘમઘતાં તે સામાન્ય ઝૂંપડાંઓમાં સ્વામીશ્રીએ વરસતા વરસાદમાં પણ ઉત્સાહભેર પધરામણીઓ કરી. આ દલુભાઈએ ધોળીકૂઈના નગીનભાઈને બે વર્ષ પહેલાં સત્સંગ કરાવેલો. દલુભાઈએ જ તેમને શ્રીજીમહારાજ અને સ્વામીશ્રીની ચિત્રપ્રતિમાઓ પણ આપી હતી. દલુભાઈના જીવનપરિવર્તનથી પ્રેરાઈને નગીનભાઈને સ્વામીશ્રીનાં દર્શનની તીવ્ર અભિલાષા અંતરે જાગી હતી. પરંતુ તેમને અચાનક જ આંખે અંધાપો આવ્યો. પ્રજ્ઞાચક્ષુ થયા છતાં નગીનભાઈને ન તો દર્શનની ઇચ્છા ઘટી કે ન તો સત્સંગમાં ઓટ આવી. ફોટોગ્રાફમાં એકવાર જોયેલા સ્વામીશ્રીને અંતરમાં અખંડ સ્મરતા રહ્યા હતા. હવે તેમને તો સ્વામીશ્રીના પ્રત્યક્ષ સ્પર્શનું સુખ પામવું હતું. આથી, ધોળીકૂઈ જવાનો કોઈ કાર્યક્રમ ન હોવા છતાં અતિશય વરસાદ વચ્ચે પણ નગીનભાઈના પ્રેમપાશથી ખેંચાઈને સ્વામીશ્રી ત્યાં જવા નીકળ્યા. વાહન તો જઈ શકે તેમ હતું નહીં. તેથી વરસતા વરસાદમાં પથ્થર તથા ગારા ઉપર ચાલીને પરમ પૂજ્ય સ્વામીશ્રી નગીનભાઈને ઘેર પહોંચ્યા. શ્રી નગીનભાઈએ અંતરની આંખે નીરખ્યા, સ્વામીશ્રીનો સ્પર્શ કર્યો અને ધન્ય થઈ ગયા. જાણે તેમની ભવભવની ભટકણ મટી ગઈ હોય, તેવો તેમને રોમરોમ આનંદ છવાઈ ગયો!

અત્રેથી સ્વામીશ્રી શાહુ ગામે થઈને મોડી રાત્રે કુરેલ પધાર્યા. રાત્રે વરસાદ હતો. છતાં એક ઓસરીમાં સત્સંગ સભામાં ભેગા થયેલા ભક્તોને સ્વામીશ્રીએ *'જન્મ્યા ત્યાંથી જરૂર જાણો...'* પદો ઉપર અદ્‌ભુત બળપ્રેરક વાતો કરી. આખા દિવસના શ્રમને કારણે સાથેના સૌ થાકીને લોથપોથ થઈ ગયા હતા ત્યારે સ્વામીશ્રી પોતાના થાકની પરવા કર્યા સિવાય સૌ પર અમૃતવર્ષા વરસાવી રહ્યા હતા.

કરુણામૂર્તિ સ્વામીશ્રીની એ અનંત કરુણાવર્ષાનું સ્મરણ કરતાં વાચા મૂક થઈ જાય છે. *'ગિરા અનયન નયન બિનુ બાની...'* જેવી અનુભૂતિ થાય છે. ◆



**અપાર કરુણાવર્ષા કરીને**

# જીવનભરનું ભાથું ભરી આપ્યું...

■ સાધુ દિવ્યસ્વરૂપદાસ

સન ૧૯૮૮માં બોડેલી વિસ્તારમાં સત્સંગ પાંગર્યાને ૧૦ વર્ષ થતાં હતાં. એટલે અહીંના આદિવાસી વિસ્તારના હરિભક્તોને જોરદાર ઉત્સાહ હતો કે આપણે દશાબ્દી ઉત્સવ ઊજવવો છે. સૌના ઉત્સાહથી ખાંડિયા અમાદર ગામે દશાબ્દી ઉત્સવ ઊજવવાનું નક્કી થયું અને બધું આયોજન ગોઠવાયું. ઉત્સવમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પધારે એવી સૌની અપાર ભાવના હતી. આદિવાસી વિસ્તારમાં પછાત લોકોને તેઓનાં દર્શન-સત્સંગનો વિશેષ લાભ મળે એ હેતુથી અમે સાંકરી ખાતે બિરાજતા સ્વામીશ્રી પાસે વિનંતી કરવા ગયા. અમે વિચારેલો કાર્યક્રમ તેઓને બતાવ્યો. સ્વામીશ્રીએ તરત જ વાતને વધાવી લીધી. આ આદિવાસી વિસ્તારમાં સાધારણ સગવડ પણ ન મળે. સ્વામીશ્રીની એવી સાધારણ સગવડ પણ ન સાચવી શકીએ તો ઉંમરના પ્રભાવને કારણે તેઓનું સ્વાસ્થ્ય જોખમાય એવો વિચાર કરીને અમે તેઓના ઉતારા અંગે જરા અલગ વિચાર કર્યો હતો. એ વિશે અમે તેઓને જણાવતાં કહ્યું: ‘આપે આદિવાસી વિસ્તારમાં ખાંડિયા અમાદર ગામે પધારવાની સંમતિ તો આપી છે, પરંતુ એ આદિવાસી ગામ ખૂબ નાનું છે એટલે ત્યાં પૂરતી વ્યવસ્થા થઈ શકે તેમ નથી. માટે ત્રણેક કિલોમીટર દૂર પાવી જેતપુર ખાતે કંચનભાઈ નામના એક ભક્તના ઘરે આપના ઉતારાની બધી વ્યવસ્થા ગોઠવીશું.’

આ વાત સાંભળતાં જ સ્વામીશ્રી મને કહે, ‘અમારી સગવડની તમે કોઈ ચિંતા ન કરશો. આપણે જે વિસ્તારમાં કામ કરતા હોઈએ એ વિસ્તારના હરિભક્તોની લાગણી અને એમનો પ્રેમ આપણી આંખ સામે હોવો જોઈએ. તમે આટલાં વર્ષોથી વિચરણ કરો છો તો હરિભક્તોને લાભ મળે એવું ગોઠવવું. તમને પહેલો વિચાર એ આવશે કે આદિવાસી વિસ્તારમાં સંડાસની સગવડ ન હોય તો સંડાસ ક્યાં જવાનું? પણ જે હરિભક્તને ઘરે ઉતારો હોય ત્યાં પાછળ બે ફૂટ ઊંડો ખાડો કરાવવાનો અને તેના પર લાકડાંનાં બે પાટિયાં મૂકી દેવાનાં. સાઈડમાં ચારેબાજુ કાપડ બાંધી દેવાનું. કાપડ ન મળે તો કંતાન બાંધી દેવું અને પાણીનું માટલું મૂકવું!’

આ રીતે સ્વામીશ્રીએ જ અમારી મૂંઝવણ દૂર કરી ઉકેલ શોધી આપ્યો.

સ્વામીશ્રીની વાત અમે સ્વીકારી તો લીધી, પરંતુ હકીકતે ખાંડિયા અમાદર ગામમાં એવું કોઈ પાકું મકાન પણ નહોતું કે તેમાં સ્વામીશ્રીને એકાદ રાત રહેવાની વ્યવસ્થા આપી શકાય. છતાં અમે ગામમાં તપાસ કરી તો રણછોડભાઈ બારિયા નામના ભક્ત નવું મકાન બાંધી રહ્યા હતા. એમના ઘરે સ્વામીશ્રીના ઉતારાની વ્યવસ્થા કરી શકાય એમ વિચારી અમે ઘર જોવા ગયા. હજુ તો બાંધકામ ચાલતું હતું. માત્ર ચાર દીવાલો અને ઉપર છત હતી. પ્લાસ્ટર નહોતું થયું, નીચે ફ્લોરિંગ નહોતું થયું. કાંકરી પાથરેલી હતી. બારી-બારણાં પણ નહોતાં. એમ લાગ્યું કે સ્વામીશ્રી માટે આ સિવાય બીજે ક્યાંય ઉતારો શક્ય નથી, પરંતુ અહીં સ્થિતિ એવી હતી કે સ્વામીશ્રીને સૂવા માટે લાકડાની પાટ પણ બાજુના ઘરેથી મંગાવી હતી! સ્વામીશ્રીને ઠંડો પવન ન લાગે એટલે બારી ઉપર કંતાન બાંધવાં પડ્યાં. આવી સામાન્ય વ્યવસ્થા હોવા છતાં સ્વામીશ્રી અહીં પધાર્યા.

શિયાળાની કડકડતી ઠંડીનો એ સમય હતો. તા. ૨-૨-૮૮નો એ દિવસ હતો. કોસીન્દ્રા, ઘેલપુર, જબુગામ, પાવીજેતપુર વગેરે ગામોમાં ઘૂમતાં ઘૂમતાં સ્વામીશ્રી સાંજે ૭-૩૦ વાગે ખાંડિયા અમાદર પધાર્યા ત્યારે ગામમાં હરખ સમાતો નહોતો. રણછોડભાઈ બારિયાના નવા બંધાઈ રહેલા ઘરે ઉતારો હતો. મકાનને બારી-બારણાં પણ લાગ્યાં ન હતાં. સ્વામીશ્રી માટે કંતાન લગાવીને સંડાસ-બાથરૂમ તૈયાર કર્યાં હતાં, પરંતુ સ્વામીશ્રીને તો અપાર આનંદ હતો.

રાત્રે અમાદર ફળિયામાં સભા યોજાઈ ત્યારે આજુબાજુનાં વાઘવા, વાલિયા, નાની-મોટી બેજ, ડુંગરવાટ, નાની-મોટી રાસલી, જબુગામ, જેતપુરપાવી, મોટી આમરોલ, મોટી બુમડી, ગડોથ, વાંકોલ, ભેંસાલી, વેદસિયા, કોલિયારી, હીરપરી, કુંડલ, કદવાલ, ખાંડીવાવ, ભીખાપુરા, બાર, નાની સામલ, ગોલાગામડી વગેરે ગામોમાંથી આદિવાસી ભાઈઓ કોઈક વાહન દ્વારા તો કોઈ ચાલતાં સ્વામીશ્રીનાં દર્શને ઊમટ્યા હતા.

ધારાસભ્ય શ્રી મોહનસિંહ રાઠવાએ સ્વાગત પ્રવચનમાં કહ્યું હતું કે ‘સ્વામીબાપા અને એમના સંતો આ વિસ્તારમાં સુવિધા ન હોવા છતાં જંગલમાં મંગલ કરવા પોતાની જે શક્તિ રેડી રહ્યા છે એનું વર્ણન થઈ શકે એમ નથી.’

ત્રણ હજારથી પણ વધુ આદિવાસીભાઈઓની ઉપસ્થિતિથી સભામંડપ છલકાતો હતો. કડકડતી ઠંડી હતી. અંતે આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું, ‘આપણે ભલે પછાત છીએ પણ આ સંસ્કારો મેળવ્યા એની ભગવાનને મન મહત્તા છે. ભગવાનને નાનો-મોટો એવો કોઈ ભેદ નથી. ભજે એના ભગવાન છે. શબરીને ત્યાં આવીને ભગવાન રહ્યા જ હતા ને! આપણે એમની સન્મુખ જેટલા ચાલીએ એનાથી અનંતગણા આપણી સામે તેઓ ચાલે છે. શુદ્ધ અંતરનો ભાવ આપો તો એ રાજી થઈ જાય છે. આપણે ભલે પછાત છીએ પણ જો વિચારો સારા હશે તો ઉજળિયાત કરતાં પણ સુખ-શાંતિ વધારે થશે. આપણે મનમાં લઘુતા ન માનવી. આપણે મોટા જ છીએ. ભગવાનને મન બધા મોટા જ છે.’ સ્વામીશ્રીના એ આશીર્વાદથી એ પછાત ભાઈઓના રોમરોમમાં અસ્મિતાનો આનંદ ઊછળી રહ્યો હતો.

એ આનંદ સાથે આદિવાસીઓએ નૃત્યો કરીને પોતાના આ પ્રાણપ્યારા તારણહારને વધાવ્યા. સૌનો ઉમંગ સમાતો નહોતો. એ ઉમંગમાં ને ઉમંગમાં મધરાતે ૧૨-૩૫ વાગ્યે સભા પૂરી થઈ. સ્વામીશ્રી આરામમાં પધાર્યા ત્યારે તો ઘડિયાળનો કાંટો મધરાતના ૧-૦૦ને વટી ગયો હતો!

બીજાના સુખ માટે સ્વામીશ્રીએ આટલી જૈફ વયે આટલો બધો ભીડો વેઠ્યો? એ વિચારતાં સૌ ગળગળા થઈ ગયા હતા. જો કે સ્વામીશ્રીને મન તો આ ભીડો એ જ જાણે ભક્તિ હતી!

સવારે નિત્યક્રમમાં તેમના કહેવા પ્રમાણે સંડાસની વ્યવસ્થા કરી હતી ત્યાં નિત્યવિધિ પતાવી. સ્નાન કરવા માટે બાથરૂમ પણ નહીં એટલે ઘરની બહાર ઓટલા પર સ્નાન કરવા બિરાજ્યા. એક ગાડા પર સિન્ટેક્સની ટાંકી મૂકેલી, એમાંથી બેની પાઇપ જોડી એ પાણી પિત્તળની તાંબા-કુંડીમાં આવે અને એ પાણીથી સ્વામીશ્રીએ શિયાળાના ઠંડા વાયરા વચ્ચે ખુલ્લામાં સ્નાન કર્યું. પ્રાતઃપૂજા પણ બાજુના ઘરની ઓસરીના ઓટલા ઉપર કરી. એક હરિભક્તે પ્રાતઃ પૂજામાં સ્વરચિત કીર્તન ગાયું, ‘બાપા આવ્યા અમારા ડુંગરામાં...’ સ્વામી કહે, ‘જો ડુંગરામાં બહુ મજા છે. આ લોકોનો પ્રેમ છે એટલે આપણે ડુંગરામાં પણ મજા છે!’

આ રીતે આદિવાસી વિસ્તારમાં વસતા હરિભક્તોને પણ સ્વામીશ્રીએ પોતાના માન્યા છે. વ્યવસ્થા હોય કે ન હોય ! પોતાના દેહની પરવા કર્યા વિના અનેક અગવડો વેઠીને સ્વામીશ્રીએ હરિભક્તોના મનોરથ પૂરા કર્યા છે.

સન ૧૯૯૮માં વસંત પંચમીના ઉત્સવ વખતે સ્વામીશ્રી ૨૦ દિવસ અટલાદરા બિરાજ્યા હતા. એ સમયે જુદા જુદા વિસ્તારના હરિભક્તોને તેઓનાં સમીપ-દર્શનનો લાભ મળ્યો હતો. એમાં એક દિવસ પાવી-જેતપુર વિસ્તારના હરિભક્તોનો સમીપ દર્શનનો વારો હતો. એ દિવસોમાં ‘વરધી’ નામના એક આદિવાસી ગામના લોકો સત્સંગમાં નવા નવા જોડાયા હતા. આ ગામના ત્રીસેક હરિભક્તો અટલાદરા સ્વામીશ્રીનાં દર્શને આવેલા. પરંતુ ગોઠવેલા વારા મુજબ પાવી જેતપુર વિસ્તારના હરિભક્તોનો સમીપ દર્શનનો સમય તો પૂરો થઈ ગયો હતો. હવે વડોદરા શહેરના હરિભક્તો માટે સમીપ દર્શનનો વારો હતો. વળી, તે દિવસે રવિવાર હોવાથી હરિભક્તોની સંખ્યા ઘણી હતી. હું સ્વામીશ્રીની બાજુમાં જ બેઠો હતો. મારી નજર વરધીથી આવેલા પેલા આદિવાસી ભક્તો ઉપર પડી. હું ધીમે રહીને તેમના તરફ પ્રયત્ન કરતો હતો ત્યાં સ્વામીશ્રીએ મને પૂછ્યું, ‘ક્યાં જાય છે?’ મેં કહ્યું, ‘અમારા વિસ્તારના કેટલાક હરિભક્તો આવ્યા છે એમને હું મળી લઉં અને એમને કહું કે તમે દૂરથી દર્શન કરજો. આજે આપણા વિસ્તારનો વારો પૂરો થઈ ગયો છે. આજે વડોદરા શહેરના હરિભક્તોનો વારો છે.’ એ સાંભળીને સ્વામીશ્રી મને કહે, ‘આજે વડોદરા શહેરના ૩૦૦૦ હરિભક્તો મળવાના છે, એમાં તમારા



શિયાળાની કડકડતી ઠંડીમાં કષ્ટો વેઠીને સ્વામીશ્રીએ આ આદિવાસી ગામોમાં વિચરણ કરીને સૌને જે હૂંફ આપી છે તે આજેય વિસરી શકાતી નથી...

વિસ્તારના ત્રીસેક કંઈ વધારે પડવાના છે!? વળી એમને પાછું દૂર દૂર જવાનું હોય, એટલે એ બધાને પહેલાં નજીક લઈ લો.' એ ત્રીસેક હરિભક્તોને પ્રથમ લાઇનમાં લીધા અને ખૂબ શાંતિથી મળ્યા. એ આદિવાસી ભક્તો રાજી રાજી થઈ ગયા. પછી સ્વામીશ્રી મારો હાથ પકડીને ધીમે રહીને કહે, 'આ લોકો કેટલે દૂરથી આવે છે? આ બધાને લાભ ક્યારે મળે! આપણે એમના વિસ્તારમાં જઈને લાભ આપવો છે.' મારું કાંડું દબાવી કહે, 'અત્યારે કોઈને કહેવાનું નહીં પણ આપણું નક્કી છે!' સ્વામીશ્રીની આ કરુણાથી હું તો સ્તબ્ધ બની ગયો.

થોડા જ સમયમાં સ્વામીશ્રીએ ગોંડલથી ટપાલ લખી કે અમે બોડેલી અને પંચમહાલના પછાત વિસ્તારમાં વિચરણ માટે આવીએ છીએ.

અહીંની એપ્રિલ મહિનાની અસહ્ય ગરમીને લીધે સંતો બધા સ્વામીશ્રીના વિચરણ માટે ના પાડે. સંસ્થાના વરિષ્ઠ સંતોનો પણ આગ્રહ હતો કે આવી ગરમીમાં સ્વામીશ્રીનું વિચરણ ન ગોઠવાય તો સારું. કારણ કે આ ઉંમરે તેમનું સ્વાસ્થ્ય બગડી શકે છે. અમને પણ થયું કે બધાની વાત સાચી છે. આથી, એ વખતે સ્વામીશ્રી સુરેન્દ્રનગર બિરાજતા હતા ત્યાં અમે ખાસ ના પાડવા જ ગયા.

અમે સ્વામીબાપાને વિનંતી કરતાં કહ્યું, 'બાપા! આપ ન પધારો તો સારું. તમારી ઇચ્છા હોય તોય અમારી ઇચ્છા નથી.' આ સાંભળી સ્વામીશ્રી એકદમ ભાવમાં આવી ગયા ને કહે, 'તમે અમને કેવા સમજો છો !? અમે જ્યાં જ્યાં જઈશું ત્યાં ત્યાં વાતાવરણ અનુકૂળ થઈ જશે, ચિંતા ન કરતા. અમારો ત્યાં આવવાનો કાર્યક્રમ નક્કી જ છે.'

અને સન ૧૯૯૮ના એપ્રિલ મહિનાની અસહ્ય ગરમીમાં અહીંના અંતરિયાળ અને ડુંગરાળ આદિવાસી પ્રદેશમાં ૧૨ દિવસ પધારી સ્વામીશ્રીએ અદ્ભુત સત્સંગલાભ આપ્યો! અમે એ.સી.ની બધી સગવડ કરેલી પણ એવી મહેર કરી કે એ દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહ્યું. ઠંડો પવન રહ્યો અને બિલકુલ ગરમી કપાઈ ગઈ!

સ્વામીશ્રીનો એ લાભ આદિવાસીઓને માટે જીવનભરનું અણમોલ ભાથું બની રહ્યું. સ્વામીશ્રીને અનેક તકલીફો પડી,

તેમણે ખૂબ કષ્ટો સહન કર્યાં, પરંતુ આમ છતાં ૧૨ દિવસના વિચરણ પછી તેઓ હાલોલથી છૂટા પડતા હતા ત્યારે અમને લાડુનો પ્રસાદ આપીને કહે, 'આપણું વિચરણ સારું થયું!'

સ્વામીશ્રી અમદાવાદ જવા વિદાય થયા. રવિવારનો દિવસ એટલે ટ્રાફિક વધારે. સ્વામીશ્રીની ગાડીને એસ્કોર્ટ હતો એટલે સ્વામીશ્રી વહેલા શાહીબાગ મંદિરે પહોંચી ગયા. રવિસભા ચાલુ હતી. સભામાં સ્વામીશ્રીએ વિચરણનો અહેવાલ આપતાં કહ્યું, 'અમે આદિવાસી વિસ્તારમાં ફરીને આવીએ છીએ. હરિભક્તો નાના છે, સમજદાર છે, ગરીબ છે પણ સંસ્કારી છે.' આ રીતે ૪૫ મિનિટ સુધી બાપાએ આદિવાસી વિસ્તારનો વિચરણ રિપોર્ટ આપ્યો અને હરિભક્તોનાં અપાર ગુણગાન ગાયાં.

સન ૧૯૯૮માં આદિવાસી વિસ્તારના પછાત ગામ ચૂલી ખાતે મંદિર બનાવીને સ્વામીશ્રીએ તેમાં પ્રતિષ્ઠા કરી તે સમયે પણ તેમણે કેટલાં કષ્ટો વેઠ્યાં હતાં. ચૂલી ગામ સાવ નાનું. સમ ખાવાના નામે પણ અહીં કોઈ સુવિધા નહીં! અહીં સ્વામીશ્રી પધાર્યા તે વખતે અમને એમ થયું કે આપણે સ્વામીશ્રીના ભોજનની વ્યવસ્થા સારા અને સરખા ઘરે રાખીએ. એટલે દેવગઢબારિયા સ્વામીશ્રીનું જમવાનું રાખેલું. પરંતુ મને સામેથી બોલાવીને સ્વામીશ્રી કહે, 'સંતોનું જમવાનું ક્યાં છે?' મેં કહ્યું, 'આપના ભોજનની વ્યવસ્થા દેવગઢબારિયા રાખી છે.' સ્વામીશ્રી કહે, 'આટલો સરસ નાનો સરખો સંત આશ્રમ બની ગયો છે. અહીંયાં જમવાનું રાખ્યું હોત તો નાના લોકોને લાભ મળત!'

એ આદિવાસી ભક્તના ઘરે જમવાની ઇચ્છા હોવા છતાં, સ્વામીશ્રી અમે કરેલી વ્યવસ્થાને ખોરવી નાંખવાને બદલે, સ્વામીશ્રી સામેથી પધરામણીએ આવ્યા. નીલકંઠભાઈના ઘરે સ્વામીશ્રી પધાર્યા. એમનું ઘર એટલે ઝૂંપડી જ. અંદર નીચે નમીને જવું પડે. અંદર અંધકાર, છાણ-માટી ને વાંસના લીંપણવાળી દીવાલો, ફરસ પણ એની જ. આવી સામાન્ય પરિસ્થિતિમાં પણ તેઓને વણમાંગ્યે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે, 'તમારાં ઘર સારાં થઈ જશે હોં...' એમણે પ્રેમથી દૂધમાં બનાવેલાં અડદના વડાંનો એક ટુકડો તૂટેલી પાટ ઉપર બિરાજી સ્વામીશ્રી જમ્યા. અને કહે, 'ચૂલી મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવની પ્રસાદીની રસોઈ જમી લીધી!' એમનું દારિદ્ર ફીટવાની આ જાણે એંધાણી હતી!

આમ, પ્રમુખસ્વામી મહારાજે આવાં અપાર કષ્ટો વેઠીને આ પછાત વિસ્તારમાં સત્સંગ વધાર્યો છે. બાર-બાર વખત સ્વામીશ્રીએ અહીં પધારી વ્યસન, વિષય અને વહેમમાં જીવન ગુજારતા લોકોને સત્સંગના માર્ગે વાળી ધર્મપરાયણ અને પવિત્ર જીવન જીવતા કર્યા છે. ચોરી, લૂંટફાટ કરી પેટિયું રળતા લોકોને વાલિયામાંથી વાલ્મીકિ બનાવ્યા છે. સવારથી જ પશુ-પક્ષીઓનું ભક્ષણ કરતા આ વનવાસી બંધુઓના મુખમાંથી પવિત્ર 'સ્વામિનારાયણ' મહામંત્રના નાદ સાંભળવા મળે છે. આ જ તો સ્વામીશ્રીએ વેઠેલાં અપાર કષ્ટોનું પરિણામ છે!

એ ગરીબોનાં ઝૂંપડાંમાં પધારીને તેમની અનાજની કોઠીઓ ઉપર સ્વામીશ્રીએ કરેલી કૃપાદૃષ્ટિથી આજેય તેમના ભંડાર ભર્યા ભર્યા છે...





## સ્વામીશ્રીની વાત્સલ્ય વર્ષાની

# સ્મૃતિઓ આજેય સૌને ભીંજવે છે...

■ સાધુ ધર્મવિનયદાસ

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા-બનાસકાંઠા જિલ્લાનો આદિવાસી વિસ્તાર ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી વારંવાર ધન્ય થયો છે. સ્વામીશ્રીએ આ આદિવાસી બંધુઓ પર અપાર વાત્સલ્ય વરસાવીને તેમને ખરેખર કૃતાર્થ કરી દીધા છે.

સ્વામીશ્રીના આદેશથી મને આ વિસ્તારમાં ઘણાં વર્ષો સુધી સત્સંગવિચરણની સેવા કરવાની તક મળી હતી. તેથી સ્વામીશ્રી જ્યારે જ્યારે અહીં પધારતા ત્યારે આદિવાસી બંધુઓ પર તેમણે કરેલી નિઃસ્વાર્થ પ્રેમવર્ષાના સાક્ષી બનવાનું થયું છે. એવા કેટલાક પ્રસંગો માનસપટ પર આજેય વર્ષો પછી એવા ને એવા તાજા છે.

સન ૨૦૦૧માં પ્રમુખસ્વામી મહારાજ મોડાસા પધાર્યા હતા. સ્વામીશ્રીએ અહીં ચાર દિવસનું રોકાણ કર્યું હતું. અંતિમ દિવસે સ્વામીશ્રીના સાયંભ્રમણ દરમ્યાન પોશીના બાજુના ઘણા વનવાસી બંધુઓ દર્શન માટે આવેલા. સ્વામીશ્રીના ભ્રમણ દરમ્યાન જ સૌનો સ્વામીશ્રીને પરિચય આપવામાં આવ્યો. સ્વામીશ્રીએ સૌ પર કૃપાદૃષ્ટિ પણ કરી. ભ્રમણ બાદ સ્વામીશ્રી રૂમમાં પધાર્યા કે તરત જ મને અને શ્રીરંગદાસ સ્વામીને બોલાવીને પૂછ્યું કે 'વનવાસી ભાઈઓ આવ્યા છે તો હવે તેમનો શું કાર્યક્રમ છે?'

અમે કહ્યું કે 'હવે તેમને જમાડી દઈશું અને પછી તેઓ વિદાય લેશે.'

સ્વામીશ્રી કહે, 'બીજો કંઈ કાર્યક્રમ છે?'

અમે કહ્યું 'ના, બીજો કોઈ કાર્યક્રમ નથી, તેમને તેમના ગામડે જવાના ભાડાના પૈસા અપાવી દઈશું એટલે તે લોકો પહોંચી જશે.'

સ્વામીશ્રી કહે 'પણ મારે તેમને મળવું હોય તો?'

અમે સ્વામીશ્રીને કહ્યું: 'આજે આપનો કાર્યક્રમ ખૂબ વ્યસ્તતા ભરેલો છે, તેથી આપને તે લોકોને મળવાનો સમય નહીં મળે.' સ્વામીશ્રીની એવી ઇચ્છા હતી કે વનવાસી ભાઈઓની અલગ સભા કરીએ. મેં કહ્યું, 'સ્વામી, આજે રવિવાર છે. રવિસભા શરૂ થઈ ગઈ છે. હજારો માણસો આપનાં દર્શનની રાહ જોઈને બેઠા છે. એમાં આ વનવાસીઓને વ્યક્તિગત મળવાનો સમય કેવી રીતે મળી શકશે? વળી, આપે આટલો લાભ આપ્યો તેમાં તે લોકોને ખૂબ સંતોષ અને આનંદ છે.'

સ્વામીશ્રીએ તરત જ મારી સામે જોઈને કહ્યું 'હું એ લોકોને મળું તેમાં તમને કંઈ વાંધો છે?'

સ્વામીશ્રીની એ વાત સાંભળીને હું ક્ષોભ પામી ગયો. મેં સ્વામીશ્રીને હાથ જોડીને વિનંતી કરીને કહ્યું: 'માફ કરજો સ્વામી, આપની જેમ મરજી હોય તેમ કરીએ?'

સ્વામીશ્રી કહે, 'મારે એ લોકોને વ્યક્તિગત મળવું છે. સૌના માથા પર હાથ મૂકવા છે. મારે જાતે પ્રસાદ આપવો છે. આ વખતે હું તેમના વિસ્તારમાં કદાચ જઈ શકવાનો નથી, પણ અહીંયાં એ લોકો આવ્યા છે તો મારે તેમને મળવાની ઇચ્છા છે. રવિસભામાં પણ હું આવીશ. હું પ્રવચન નહીં કરું, પણ તરત જ વ્યક્તિગત બધા મળવા આવી જાય તે રીતે આયોજન ગોઠવી દેવાનું. બીજી બાજુ આચાર્ય સ્વામીને કહી દેવાનું કે અલગ જગ્યાએ વનવાસીઓની




પોશીનાના આદિવાસીઓ વચ્ચે પધારીને સ્વામીશ્રીએ તેમના પર જે નિ:સ્વાર્થ વાત્સલ્ય વરસાવ્યું હતું તેનો નાદ આજેય એ ભક્તોના હૈયે એવો ને એવો જ ગુંજે છે...

સભા ગોઠવી દે. હું રવિસભામાં બધાને મળીને સીધો જ ત્યાં આવી જઈશ. પ્રસાદ વગેરે બધું તૈયાર રાખજો.'

સ્વામીશ્રી વનવાસીઓની વ્યવસ્થા અંગે એકી શ્વાસે બધી સૂચનાઓ આપી રહ્યા હતા. તેમને લાગ્યું કે કદાચ આયોજનમાં કંઈક વસ્તુ કરવાની બાકી રહી જશે, તેથી મને કહે, 'આ બધું લખી લો નોટમાં.' એટલું જ નહીં, પણ મેં લખવામાં ભૂલ નથી કરીને! તે પણ તેમણે જાતે નોટમાં જોઈને ચકાસી લીધું. એવી રીતે સ્વામીશ્રીએ વનવાસીભાઈઓ માટે ખાસ સભા કરી. સ્વામીશ્રીએ તેના માટે ખૂબ સમય ફાળવ્યો, બધાને વ્યક્તિગત મળ્યા, બધાને પ્રસાદ આપ્યો, બધાને માથે હાથ મૂક્યો, ખૂબ રાજી કરી દીધા. સ્વામીશ્રીની આ કૃપાવર્ષા અને વાત્સલ્યવર્ષાથી તમામ વનવાસીઓની આંખમાં આંસુ આવી ગયાં હતાં.

સન ૨૦૦૨માં પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ હિંમતનગર પધાર્યા હતા. એ સમયે પ્રમુખસ્વામી મહારાજનો ૮૨મો જન્મજયંતી મહોત્સવ ઊજવાયો હતો. મહોત્સવ પૂર્વે પાંચ દિવસ માટે સ્વામીશ્રીએ સ્થાનિક ભક્તોને સત્સંગલાભ આપ્યો હતો. એ સમયે દીક્ષા મહોત્સવ વગેરે કાર્યક્રમોની સાથે સાથે સ્વામીશ્રીની ઈચ્છા મુજબ એક દિવસ વનવાસી સંમેલન પણ યોજાયું હતું. સ્વામીશ્રી પોતાના ઉતારેથી વનવાસી સંમેલનમાં જઈ રહ્યા હતા ત્યારે તેઓની ગાડીમાં મને સાથે બેસવાનો લાભ મળેલો. બધું જ વિગતે જાણતા હોવા છતાં, આટલા ટૂંકા સમયમાં સ્વામીશ્રીએ વનવાસી વિસ્તારોમાં ચાલી રહેલી સત્સંગ-સેવા પ્રવૃત્તિ અંગેની બધી જ વિગતો મને ફરીથી પૂછી લીધી. વાત વાતમાં મેં કહ્યું, 'આપની પ્રેરણા અનુસાર અમે આદિવાસી ગામડાંઓમાં જઈને સત્સંગ કરાવીએ છીએ, વ્યસનમુક્ત કરાવીએ છીએ, પણ કોઈ ચૂંટણી કે એવાં આયોજન થાય ત્યારે એમને દારૂ આપવામાં આવે છે. ત્યારે તે લોકો પુનઃ દારૂ પીતાં થઈ જાય છે. એટલે મહેનત પર પાણી ફરી વળે છે.'

સ્વામીશ્રી કહે, 'એ બધાને તમારે વારંવાર સમજાવવાના કે દારૂ નહીં પીવાનો. આ બધું થશે પણ આપણે ધીરજ ગુમાવવાની નહીં.'

એ વાતચીત કરતાં કરતાં જ સ્વામીશ્રી સ્ટેજ પર પહોંચી

ગયા. ત્યાં સરસ કાર્યક્રમ થયો. વનવાસીભાઈઓના નૃત્ય બાદ સ્વામીશ્રીએ વનવાસીબંધુઓનો તાનપુરો વગાડ્યો. સમૂહછબી પણ પડાવડાવી. અંતમાં, સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું, 'આપણે બધા દૂર દૂરથી આવ્યા છીએ. તમે બધા એકદમ પવિત્ર છો. તમારા અંતરમાં ભક્તિભાવ છે. ભગવાન સૌના છે. આપણે હવે સત્સંગમાં આવ્યા છીએ, તો વ્યસન-દૂષણ ન રાખવું.'

આમ, સ્વામીશ્રીએ વનવાસીબંધુઓને ખૂબ સત્સંગલાભ આપીને પ્રેરણાઓથી છલકાવ્યા હતા.

સન ૨૦૦૫માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ હિંમતનગર પધારેલા. એ સમયે સ્વામીશ્રીની ઇચ્છા એવી હતી કે આપણે પોશીના જવું છે. પોશીના અંતરિયાળ ગામ છે. સ્વામીશ્રીની ઉંમર પણ ૮૫ વર્ષની હતી. ત્યાં કોઈ વ્યવસ્થા હતી નહીં. અમે સ્વામીશ્રીને કહ્યું કે ત્યાં જવું કઠિન છે. ત્યાં રહેવા-જમવાની વ્યવસ્થા થઈ શકે તેમ નથી. સ્વામીશ્રીએ મને કહ્યું કે 'તમે જાઓ છો તો તમે ક્યાં રહો છો?'

મેં કહ્યું: 'અમે જૈન સમાજની ધર્માશાળામાં રોકાઈએ છીએ.' સ્વામીશ્રી કહે, 'અમે પણ ત્યાં રોકાઈશું, પણ આપણે આદિવાસીઓ પાસે જવું જ છે.' સ્વામીશ્રીના આગ્રહમાં આદિવાસીઓ પ્રત્યેનો તેમનો નિઃસ્વાર્થ પ્રેમ છલકાતો હતો. એટલે જ તેઓની ત્યાં જવાની ખૂબ જ ઇચ્છા હતી. અમે સ્વામીશ્રીને કહ્યું કે 'સ્વામી, આપને આદિવાસીઓને મળવું છે તો આપણે તે લોકોને હિંમતનગર જ આપણાં વાહનોમાં લઈ આવીએ. એટલે આપને ત્યાં જવાની તકલીફ વેઠવી ન પડે અને એ લોકોને પણ આપના આશીર્વાદ મળે.' સ્વામીશ્રી કહે 'મારે એમનાં ગામડાંમાં જવું છે.' સ્વામીશ્રીનો ખૂબ જ આગ્રહ હતો. સેવક સંતોએ પણ સ્વામીશ્રીને પોશીના ન જવા વિનંતી કરી. પણ, સ્વામીશ્રી કહે, 'આપણે જવું જ છે. અને રાત તો ત્યાં રોકાવું જ છે.'

સ્વામીશ્રી શ્રીરંગદાસ સ્વામીને કહે, 'આદિવાસીઓને માટે આપણે આવીએ છીએ તો તેમને મન ત્યાં સોનાનો સૂરજ ઊગ્યા જેવું છે.' યોગાનુયોગ આદિવાસીઓએ સ્વરચિત કીર્તન પણ ગાયું હતું, *'આજ અમારે આંગણે સોનાનો સૂરજ ઊગ્યો. પ્રમુખસ્વામી બાપા પધાર્યા...'*

સ્વામીશ્રીને તીવ્ર ઇચ્છા હતી કે બધા વનવાસીઓને જમાડવા છે. તેઓએ શ્રીરંગદાસ સ્વામીને પૂછ્યું કે 'રસોઈમાં શું કરશો?'

તેમણે કહ્યું, 'દાળ-ભાત-શાક-શીરો. એ લોકોને શીરો પ્રિય છે એટલે શીરો બનાવીશું. એ લોકો તેલનો શીરો ખાય છે. એ લોકો સારા પ્રસંગે દાળ-ભાત-શીરો કરે છે, એ રીતે એમનું ગમતું બનાવીશું. આપણે દાળ-ભાત-શાક-શીરો કરીશું.'

સ્વામીશ્રી કહે, 'શીરો તેલનો નહીં, ચોખ્ખા ઘીનો કરીને તેમને જમાડવા છે.'

સ્વામીશ્રીની ઇચ્છા અનુસાર આયોજન થયું. સ્વામીશ્રી પોશીના પધાર્યા. ૧૦,૦૦૦ જેટલા વનવાસી ભાઈઓની સભા થઈ. સ્વામીશ્રી અનેક વનવાસીબંધુઓને વ્યક્તિગત પણ મળ્યા. સ્વામીશ્રીએ સૌને ચોખ્ખા ઘીનો શીરો જમાડીને રાજી કર્યા.

સ્વામીશ્રીની આત્મીયતા કેવી વિશિષ્ટ હતી! સ્વામીશ્રીના પ્રેમથી હજારો વનવાસી ભાઈઓએ વ્યસનો છોડી પોતાનાં જીવન પવિત્ર બનાવ્યાં હતાં.

આ સંમેલનમાં આવેલા એવા લોકોમાંનો એક એટલે એ વિસ્તારનો કુખ્યાત મણો કીકો. સાબરકાંઠાનો છોટે વીરપ્પન કહેવાય. લૂંટફાટ અને હિંસા કરતો. બહુ જ નિશાનબાજ હતો. બે હાથે બંદૂક ફોડતો. શ્રીરંગદાસ સ્વામી અને અમે એને ડુંગરા ઉપર જઈને મળ્યા હતા. અમારા માટે પણ જોખમ જેવું હતું છતાં સ્વામીશ્રીની ઇચ્છા મુજબ અમે ગયા. તે સ્વામીશ્રીનાં દર્શને આવ્યો અને એના જીવનનું ગજબનું પરિવર્તન થયું હતું. સ્વામીશ્રીએ તેને કહ્યું હતું, 'દેહ પડી જાય તો ભલે પડી જાય પણ બંદૂક ઉપાડવાની નહીં.' અને હકીકતે એવું જ થયું. તે મૃત્યુ પામ્યો ત્યાં સુધી તેણે બંદૂક હાથમાં લીધી નહીં.

૨૦૦૭ની સાલમાં ઉત્તરાયણ પછીના દિવસોમાં પરમ પૂજ્ય સ્વામીશ્રી અમદાવાદમાં બિરાજમાન હતા. ત્યાં પોશીના વિસ્તારના કોદરિયા ગામમાં કુટિર મંદિર તૈયાર થયેલું તેની મૂર્તિપ્રતિષ્ઠા યોજી હતી. મંદિરની ચિત્રપ્રતિમાઓની પ્રતિષ્ઠાવિધિ માટે સ્વામીશ્રીને એટલો ઉત્સાહ હતો, એટલો હરખ હતો કે જાણે એ કોઈ મોટા શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા ન હોય! એટલા ઉત્સાહથી તેઓએ પ્રતિષ્ઠાવિધિ કરી, આરતી ઉતારી, ઠાકોરજીને થાળ ધરાવ્યો. સ્વામીશ્રીની કૃપાથી જેમનું જીવનપરિવર્તન થયું હતું એવા પાલિયાબિયા ગામના વાલિયા લૂંટારા જેવા કુખ્યાત વાલાભાઈ અને કેસરાભાઈ પણ આ પ્રસંગે આવેલા. એ વખતે સ્વામીશ્રીએ એ બંને જણાને હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં મંચ પર બોલાવ્યા અને પોતાની સાથે ઠાકોરજીની પ્રતિષ્ઠાવિધિની આરતી તેમના હાથે પણ ઉતરાવી. સ્વામીશ્રીએ ઠાકોરજીને જાતે થાળ ધરાવીને પોતાના હાથે એક એક મિષ્ટાનનું ચકતું લઈ બંનેના હાથમાં

મૂકી તેમને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીએ તેમને એટલો બધો આદર આપ્યો કે જાણે કોઈ બહુ મોટા ધુરંધર ન હોય! સ્વામીશ્રીનો ઉત્સાહ ને ઉમંગ કંઈક અનેરો હતો. નાનામાં નાના આદિવાસી પ્રત્યે પણ સ્વામીશ્રીએ એવી લાગણી ને પ્રેમ વહાવ્યાં હતાં. તેના કારણે કેસરાભાઈ અને વાલાભાઈ સહિત હજારો આદિવાસીઓ સંપૂર્ણપણે જોડાઈ ગયા.

સન ૨૦૧૨નો એવો જ એક પ્રસંગ યાદ આવે છે.

સ્વામીશ્રી અમદાવાદ બિરાજમાન હતા અને પોશીનાથી આદિવાસી ભાઈઓ તેઓનાં દર્શન માટે આવેલા. સ્વામીશ્રી સવારે ઠાકોરજીનાં દર્શન કરવા માટે વ્હીલચેરમાં પધાર્યા ત્યારે આ બધા ભાઈઓએ તેમનો પ્રાદેશિક ઢોલ વગાડીને આદિવાસી શૈલીમાં સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. વચ્ચે વ્હીલચૅરમાં સ્વામીશ્રી અને ચારે તરફ ઢોલ વગાડતા આદિવાસીઓનું ખૂબ મોટું વૃંદ. સ્વામીશ્રીએ તેમને ખૂબ પ્રતિસાદ આપીને રાજી કરી દીધા. તેમને સૌને કૃતાર્થ કરીને સ્વામીશ્રી પોતાના ઉતારામાં પધાર્યા ત્યારે મને પૂછ્યું કે આ બધા આદિવાસી ભાઈઓ આવ્યા છે એમાં વાલાભાઈ નથી આવ્યા? મેં કહ્યું કે આવ્યા છે ને!

સ્વામીશ્રી કહે, 'મેં એમને જોયા નહીં. એમને મળવા અહીં બોલાવો.'


એટલે વાલાભાઈને સ્વામીશ્રીના નિવાસસ્થાનમાં બોલાવ્યા. સ્વામીશ્રી અલ્પાહાર કરી રહ્યા હતા ત્યારે તેમને સ્વામીશ્રી સમક્ષ બેસાડ્યા. સ્વામીશ્રી, વિવેકસાગરદાસ સ્વામી અને સંતોએ વાલાભાઈને બધી વિગત પૂછી કે સત્સંગ થયા પહેલાં તેમનો વ્યવહાર કેવો ચાલતો હતો, અત્યારે કેવો વ્યવહાર ચાલે છે? કૂવાઓમાં કેટલું પાણી છે? ખેતીમાં શું થાય છે? આવક કેટલી થાય છે? વાલાભાઈએ ઉત્તરો આપ્યા અને સ્વામીશ્રીની કૃપાથી વાલાભાઈ હવે સુખી જીવન જીવી રહ્યા હતા, એ જાણીને સૌને આનંદ થયો. છેલ્લે સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપતાં પૂછ્યું કે 'તમારે કાંઈ કહેવું છે?'


વિવેકસાગરદાસ સ્વામીએ વાલાભાઈને કહ્યું કે 'સ્વામીશ્રી તમને માંગવાનું કહે છે. તમારે જે જોઈએ તે માંગી લો, જે માંગશો તે સ્વામીબાપા તમને આપશે.' પરંતુ વાલાભાઈએ કંઈ માંગ્યું નહીં. વિવેકસાગર સ્વામીએ ફરીવાર કહ્યું કે જે માંગશો તે બધું સ્વામીબાપા આપશે. ધન-સંપત્તિ કે બીજું-ત્રીજું જે જોઈએ તે માંગો, તમને આશીર્વાદ આપશે અને તે ફળશે.'

પરંતુ એ અબુધ આદિવાસી વાલાભાઈએ કહ્યું કે 'બીજું તો કાંઈ નહીં, પણ મને અંત સમયે અક્ષરધામમાં લઈ જજો.'

તેમની આ માંગણીથી સૌ સ્તબ્ધ બની ગયા! સ્વામીશ્રીએ એમને કેવા આધ્યાત્મિક સંસ્કાર આપ્યા છે અને કેવું ઘડતર કર્યું છે તે જોઈ સૌ નમી પડ્યા. કોઈ લૌકિક ઇચ્છા ન રહી ને અક્ષરધામની પાસે માંગણી કરી! સ્વામીશ્રી પણ તેમના પર રાજી થઈ ગયા અને આંખમાં ઝળઝળિયાં આવી ગયાં!

સ્વામીશ્રીની એ કૃપાવર્ષાનાં મીઠાં ફળ આજે સૌ ચાખી રહ્યાં છે. તેઓની કૃપાથી આદિવાસી પરિવારોની શિક્ષણ-સ્વાસ્થ્ય-સંપત્તિ-સત્સંગ વગેરે બધી જ રીતે સર્વાંગી પ્રગતિ થઈ છે. અત્યારે ઘણી જગ્યાએ કુટિર મંદિરો પણ થયાં છે. દર પૂનમે ભક્તો ત્યાં મોટી સંખ્યામાં આવે છે અને ભજન-ભક્તિ સત્સંગનો લાભ લે છે. પરિણામે તેઓ વ્યસન-દૂષણથી મુક્ત રહીને આનંદમય જીવન જીવી રહ્યા છે અને આજેય સ્વામીશ્રીના એ દિવ્ય ઉપકારવશ થઈને સ્નેહને સંભારી રહ્યા છે. ◆







અસહ્ય ગરમીમાં વરસાવેલી

# દિવ્ય શીતળતાની અનુભૂતિ વીસરાતી નથી...

■ સાધુ મંગલનયનદાસ

મે મહિનો એટલે અસહ્ય ગરમીના દિવસો. તેમાં પણ ડાંગ જિલ્લાનું આખું જંગલ સુકાઈ જાય અને પર્વતો ગરમીથી તપે એટલે અસહ્ય ગરમી હોય. એવી અસહ્ય ગરમીમાં સન ૧૯૯૯માં ખાડા-ખાબોચિયાં અને ધૂળિયા રસ્તા પર ઘૂમતાં ઘૂમતાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ડાંગ જિલ્લાના જામલાપાડા ગામે પહોંચ્યા હતા.

અહીં મોહનભાઈ મલ્લુભાઈ ગાવિતના ઘરે સ્વામીશ્રીએ પધરામણી કરી. ઘરમાં ઠાકોરજીને બધે પધરાવ્યા, અનાજની કોઠીઓનો હાથથી સ્પર્શ કરી ત્યાં ઠાકોરજી પધરાવી અને ઘરમાં ધન-ધાન્ય ન ખૂટે તેવા આશીર્વાદ આપ્યા. અનાજ હાથમાં લીધું અને અનાજની પૂછતાછ કરી કે અહીં કયું કયું ધાન ઊગે છે? સ્થાનિક લોકો શું શું ખાય છે? અહીં શું પાક થાય છે? લોકો પાસે જમીન કેટલી હોય? કેટલો પાક થાય? જીવન કેવી રીતે ગુજારે? આત્મીયતાથી આવી પૂછપરછ કરી. અહીં ઉપસ્થિત રહેલા એક એક આદિવાસી ભાઈઓને મળીને તેમની સામાન્યથી સામાન્ય વસ્તુમાં ઊંડો રસ લઈને એમના સુખ-દુઃખના ભાગીદાર બન્યા.

ત્યારબાદ પશુઓની કોડમાં જઈને ગાય અને વાછડીને માથે હાથ મૂકી અને એને પણ આશીર્વાદ આપ્યા. આદિવાસીભાઈઓની જીવનદોરી સમાં આ પશુઓને પણ પાવન કર્યાં. ત્યારબાદ પરસાળમાં માથે ઘાસના પૂળાવાળા છાપરા નીચે એક સાદા બાંકડા ઉપર સ્વામીશ્રી બિરાજ્યા. સાથેના સંતો પણ લીંપણ અને ગારના ઓટલા પર બેઠા. તે બાંકડા ઉપર બેસીને સ્વામીશ્રીએ સૌને ધર્મ-ઉપદેશ આપ્યો. પવિત્ર જીવન જીવવાની પ્રેરણા આપી, ભગવત્ શ્રદ્ધા દૃઢ કરાવી. ત્યારબાદ સૌને વ્યક્તિગત મળી મળીને વ્યસન મુક્ત કર્યા અને શુદ્ધ-પવિત્ર જીવન જીવવાની પ્રેરણા આપી.

કોઈ કલ્પના ન કરી શકે તેવી જગ્યાએ એક વિશ્વવંદનીય મહાપુરુષ આ ગરીબ લોકો વચ્ચે બેસીને તેમનો જીવન ઉત્કર્ષ કઈ રીતે થાય, એ લોકોની સર્વ ક્ષેત્રે પ્રગતિ કેવી રીતે થાય તે માટે પુરુષાર્થ કરે એ નીરખતાં સૌ અહોભાવથી અભિભૂત હતા. સ્વામીશ્રી એક એકને વ્યક્તિગત મળ્યા, એક એકના મસ્તકે હાથ મૂક્યા, સૌને આશીર્વાદ આપ્યા. એ દૃશ્ય આજે પણ ભુલાતું નથી. સ્વામીશ્રીની અપાર સમતા અને મમતાનાં એ દર્શન સદાને માટે હૈયે જડાઈ ગયાં છે.

સ્વામીશ્રી જામલાપાડાથી નીકળી વઘઈ જવા રવાના થયા. વઘઈના સૌ ભક્તોને પણ સ્વામીશ્રીએ આવી રીતે માથા પર હાથ મૂકીને આશીર્વાદ આપી સ્વામીશ્રી ચારણવાડા ગામે પધાર્યા. ત્યાં સંધ્યા સમય થઈ ગયો હતો. ઈશ્વરભાઈ ભક્તાના ઘરે ઠાકોરજીની સંધ્યા આરતી કરી. અને ત્યાંના આદિવાસી ભક્તોને રાજી કરવા માટે નાની સભામાં બિરાજ્યા. આ નાની સભામાં પણ સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપી સદ્‌બોધ આપ્યો.

આમ, મોડી રાત્રે આદિવાસી ભાઈઓને લાભ આપતાં આપતાં સ્વામીશ્રી કોસંબા ગામે પધાર્યા. આમ, અસહ્ય ગરમીના દિવસોમાં આદિવાસીઓનાં ગામડાંઓ અને તેમનાં નાનાં નાનાં ઝૂંપડાંઓમાં, ઊબડ-ખાબડ રસ્તાઓ પર ઘૂમતાં ઘૂમતાં સ્વામીશ્રીએ કષ્ટો વેઠીને અસહ્ય ગરમીમાં જે દિવ્ય શીતળતા વરસાવી હતી તે ક્યારેય વિસરાશે નહીં.

આદિવાસીઓના ઉત્કર્ષ માટે સ્વામીશ્રીએ પોતાના દેહની પરવા કર્યા વગર પોતાના દેહને ઘસી નાખ્યો છે, એ નજરે નિહાળ્યું છે.

આદિવાસી વિસ્તારમાં વિચરણ કરનારા અમે સંતો જ્યારે જ્યારે સ્વામીશ્રી પાસે જઈએ ત્યારે સ્વામીશ્રી એટલો બધો ઊંડો રસ લે કે અમે ધન્ય થઈ જઈએ. સ્વામીશ્રીએ જાતે અમારા કરતાં અનેકઘણું વિશેષ અને કષ્ટદાયક વિચરણ કર્યું હતું, છતાં તેની વાતો કરવાને બદલે તેઓ અમારા વિચરણમાં ખૂબ રસ લઈને આદિવાસીઓ માટેની ઝીણામાં ઝીણી વિગતો પર ધ્યાન આપે અને અમને માર્ગદર્શન આપે. સ્વામીશ્રી ભોજન કરવા બેસે ત્યારે પણ અમારા વિચરણનો અહેવાલ અમે તેમને આપીએ, ત્યારે તેઓ જમવાનું ભૂલી જાય અને અમારી વાતોમાં એકરસ થઈ જાય. એક વખત તેઓના ભોજન દરમ્યાન, હું અમારા વિચરણનો અહેવાલ આપતો હતો ત્યારે વિચરણ દરમ્યાન પડતાં કષ્ટોની વાતો કરી ત્યારે સ્વામીશ્રી ભાવભીના બની ગયા. સ્વામીશ્રી મોઢામાં કોળિયો મૂકતાં અટકી ગયા. અને સ્વામીશ્રી એકદમ ભાવમાં આવીને અમને ઝીણામાં ઝીણું માર્ગદર્શન આપવા લાગ્યા. અમને ભોજનમાં કષ્ટ ન પડે તે માટે પણ તેઓએ વિગતપૂર્વક સમજ આપીઃ 'આવા વિસ્તારમાં તમે વિચરણ માટે જાઓ તો તમારે તેલ, મસાલા, દાળ-ચોખા સાથે રાખવા, તે બીચારા ગરીબની પાસે હોય ન હોય, માટે આ બધું તમારે સાથે રાખવું. આપણે ત્યાં જઈએ અને સત્સંગ કરીએ, એમનાં વ્યસનો - દૂષણો જાય અને એ લોકો સુખી થાય, એટલે આપણે આ રીતે કષ્ટો ખમીને પણ વિચરણ કરવું.'

આમ, સ્વામીશ્રી વિચરણ કરતા સંતોની માત્ર ચિંતા કરે એટલું જ નહીં તેમની વ્યવસ્થા પણ કરે અને વિચરણ માટે પ્રોત્સાહન આપે.

એક વખત સ્વામીશ્રીના ભોજન દરમ્યાન અમારા વિસ્તારના આદિવાસી ભક્તોનો અહેવાલ હું આપતો હતો ત્યારે મેં ત્યાંની પરિસ્થિતિની વાત કરી, તો સ્વામીશ્રીની આંખો ભીની થઈ ગઈ હતી. આવું ઘણીવાર નજરે નિહાળ્યું છે.

આમ, સ્વામીશ્રીએ આદિવાસીઓની ખૂબ ચિંતા કરી છે. તેમના સ્વાસ્થ્ય માટે પણ દાયકાઓ પહેલાં સ્વામીશ્રીએ ત્યાં ફરતાં દવાખાનાની વ્યવસ્થા કરેલી છે. અને છેલ્લાં ૧૦-૧૨ વર્ષથી તો બબ્બે ફરતાં દવાખાનાં વાંસદા અને ડાંગ વિસ્તારમાં સતત ગામડે ગામડે ફરે છે. આમ, એમનાં સ્વાસ્થ્યની પણ સ્વામીશ્રીએ ચિંતા કરી છે.

એટલું જ નહીં, આ આદિવાસી પરિવારોના બાળકોને સારું શિક્ષણ પ્રાપ્ત થાય એનો મોટો પ્રશ્ન હતો. સ્વામીશ્રીએ તેના પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. સન ૨૦૧૧માં ડાંગ જિલ્લાના રંભાસ ગામે એક જર્જરિત સરકારી સ્કૂલ દત્તક લઈને સ્વામીશ્રીએ તેનું આમૂલ પરિવર્તન કરાવ્યું. એ સ્કૂલમાં માધ્યમિક શાળા શરૂ થઈ, અત્યારે ઉચ્ચ માધ્યામિક શાળા પણ ચાલી રહી છે, જેમાં આદિવાસી બાળકોની ઉચ્ચ કારકિર્દીનું ઘડતર થઈ રહ્યું છે.

સન ૨૦૧૧માં પ્રમુખસ્વામી મહારાજ મુંબઈમાં બિરાજમાન હતા. આ સ્કૂલનું ઉદ્‌ઘાટન કરવાનું હતું, તેની વિગતો લઈને સ્વામીશ્રીના આશીર્વાદ લેવા અમે ગયા ત્યારે સ્વામીશ્રીએ મારા માથે હાથ મૂકીને સ્કૂલ બરાબર ચલાવવા માટે ખૂબ બળ આપીને આશીર્વાદ આપ્યા હતા.

આ ભક્તોના સંસ્કાર અને આધ્યાત્મિક ઘડતરની પણ ચિંતા સ્વામીશ્રીએ કરી છે. ડાંગ જિલ્લામાં મંદિરો બાંધી તેમનાં આંગણાં સુધી સત્સંગની સરિતા વહાવી છે.

આમ, પ્રમુખસ્વામી મહારાજે પછાત ગણાતા આવા એક ખૂણાના ડાંગ જિલ્લામાં પણ સ્વાસ્થ્ય, શિક્ષણ, સંસ્કાર, ભક્તિની ખેવના કરી છે.

પ્રમુખસ્વામી મહારાજને અને તેમના આ યુગકાર્યને સમાજ ક્યારેય ભૂલી શકે તેમ નથી. અને તેની પ્રતીતિ સૌ સંતો અને અહીંના ભક્તોનાં અંતરે વસી ગઈ છે. ◆

---

**(અનુસંધાન પૃષ્ઠ ૩૪ પરથી)**

કરીને અન્ય આદિવાસી પરિવારોમાં સત્સંગ કરાવવા માટે શ્રાવણ મહિનામાં 'આદિવાસી જાગૃતિ પર્વ' ઊજવે છે. જુદાં જુદાં ગામોમાં ઘરે ઘરે જઈ આ યુવકોએ સત્સંગજ્ઞાન, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું પવિત્ર કાર્ય અને આધ્યાત્મિક વાતો દ્વારા સત્સંગ સમજણ દૃઢ કરાવે છે.

**૮. મહિલા ઉત્કર્ષ અભિયાન :**

પ્રતિ વર્ષે પોશીના ક્ષેત્રના કોદરિયા, ભરમિયા, તુવેર તથા ઝાંઝવા વગેરે ગામોમાં મહિલા ઉત્કર્ષ અભિયાન દ્વારા રોજિંદા જીવનમાં ઉપયોગી થાય તેવું માર્ગદર્શન આપવામાં આવે છે. વળી, આ વિસ્તારમાં મકાઈનો પાક વિશેષ થતો હોવાથી મકાઈમાંથી બનતી વિવિધ વાનગીઓ પણ સંસ્થાની બહેનો દ્વારા શીખવવામાં આવે છે. આ ઉપરાંત સાક્ષરતા અભિયાન અંતર્ગત કોદરિયા, તુવેર વગેરે ગામોમાં સાક્ષરતાના પાઠો શીખી આદિવાસી મહિલાઓ કૃતાર્થતાની લાગણી અનુભવે છે.

આવી અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા હજારો આદિવાસીઓના જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિનો અભિષેક થઈ રહ્યો છે. ◆

### પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી
### બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ગુજરાતના આદિવાસી પ્રાંતમાં સંચાલિત

# આદિવાસી ઉત્કર્ષ પ્રવૃત્તિઓ

આદિવાસીઓની વિપુલ વસ્તી ધરાવતા રાજ્યોમાંનું એક રાજ્ય ગુજરાત છે. ભારતના દર દસ આદિવાસીએ એક આદિવાસી ગુજરાતનો છે. ગુજરાતમાં દર સાત વ્યક્તિએ એક વ્યક્તિ આદિવાસી છે. ગુજરાતમાં, ઉત્તરે છેક અંબાજીથી દક્ષિણમાં ડાંગ સુધીના ૧૨ જિલ્લાઓમાં ફેલાયેલી ૨૬ જાતિઓના આદિવાસીઓમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ સેવાઓનો યજ્ઞ અહોરાત્ર ચાલી રહ્યો છે. ૨૦૦૦થી વધુ ગામોમાં ૧૦૦થી વધુ સંતોનું સંતવિચરણ અને સત્સંગપ્રવૃત્તિ, ૧૧૦૦થી વધુ બાળ-બાલિકા મંડળો, ૭૫૦થી વધુ મહિલામંડળો તેમજ શિક્ષણ, સ્વાસ્થ્ય, વસ્ત્રવિતરણ, અન્નવિતરણ વગેરે વિવિધ પ્રવૃત્તિઓ દાયકાઓથી ગતિમાન છે.

ગુજરાતના જુદા જુદા આદિવાસી વિસ્તારોમાં પ્રમુખસ્વામી મહારાજે આરંભેલી અને વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ચાલી રહેલી બી.એ.પી.એસ. સેવા-પ્રવૃત્તિઓની એક સ્મૃતિ ઝલક હવે પછીનાં પૃષ્ઠોમાં માણીએ...










## દાદરા-નગર હવેલી વિસ્તાર :

દાદરા-નગરહવેલીનો વિસ્તાર કેન્દ્ર શાસિત પ્રદેશ છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગપ્રવૃત્તિ આ પ્રદેશમાં પાંચ પાંચ દાયકાથી આદિવાસી પરિવારોના સર્વાંગી ઉત્કર્ષનું કાર્ય કરી રહી છે. પ્રમુખસ્વામી મહારાજે અનેક વખત અહીં પધારીને આ વિસ્તારને પાવન કર્યો છે. ચિન્મયદાસ સ્વામી, આનંદમૂર્તિદાસ સ્વામી, દિવ્યતનયદાસ સ્વામી, કૃપાનિધિદાસ સ્વામી વગેરે સંતોના વિચરણથી આ પ્રદેશમાં સત્સંગની જાગૃતિ ખૂબ આવી છે. આ વિસ્તારમાં સેલવાસ, વાપી, કરમખલ, નાના પોંઢા, સુરંગી - એમ કુલ પાંચ સત્સંગ પ્રવૃત્તિ ક્ષેત્રો હેઠળ કુલ ૯૪ સત્સંગમંડળ ગતિમાન છે. ઉપરાંત આ ક્ષેત્રોમાં કુલ ૧૬ યુવકમંડળ, ૪૩ યુવતીમંડળ, ૧૦૫ મહિલામંડળ, ૫૧ બાલિકામંડળ અને ૧૪૬ બાળમંડળ પણ પ્રવૃત્ત છે. દાદરા-નગર હવેલી વિસ્તારમાં કુલ ૧૩ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હરિમંદિરો અને ૯ કુટિરમંદિરો દિવસ-રાત આધ્યાત્મિક આંદોલનો પ્રવર્તાવે છે.

■ સેલવાસના બી.એ.પી.એસ. મંદિર દ્વારા વ્યસનમુક્તિ અભિયાન, વૃક્ષારોપણ, રોજગારલક્ષી આયોજનો, એમ્બ્યુલન્સ સેવા, ઉચ્ચ શિક્ષણ સેવા વગેરે સેવાઓ ગતિમાન છે. અહીં ગુલાબી પથ્થરનું ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિર આદિવાસી પ્રવૃત્તિઓને પોષણ પણ આપી રહ્યું છે.

■ સેલવાસમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સ્થાપિત આધુનિકતમ શાળાએ પણ અનેક વિદ્યાર્થીઓની કારકિર્દી ઉજ્જ્વળ બનાવી છે. જુનિયર કે.જી.થી લઈને ધોરણ ૧૨ સુધી ૧,૨૧૭ વિદ્યાર્થીઓને સી.બી.એસ.ઈ.માં અભ્યાસ કરાવતી આ શાળાએ રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિઓ હાંસલ કરી છે. પૂર્વે આ શાળાના વિદ્યાર્થી એમ.બી. મૃત્યુંજયે 'નેશનલ સાયન્સ ટેલેન્ટ સર્ચ એક્ઝામ'માં સમગ્ર ભારતના ૩,૭૫,૦૦૦ વિદ્યાર્થીઓમાંથી સર્વપ્રથમ સ્થાન મેળવી સિદ્ધિ હાંસલ કરી છે. આ સ્કૂલની ધો. ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની નિયતિ ટોટલાએ 'નેશનલ સાયન્સ સેમિનાર'માં સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

■ આ ઉપરાંત બી.એ.પી.એસ. બાળમંડળમાંથી જ પ્રેરણાબળ પ્રાપ્ત કરીને સાયન્ટિસ્ટ તરીકે રાષ્ટ્રીય સ્તરે કારકિર્દી ઘડનાર ડૉ. પ્રકાશ આર. પટેલે અનેક સંશોધનાત્મક નિબંધો લખીને કૃષિક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. વિજ્ઞાની પદ સુધી પહોંચનાર તેઓ સર્વપ્રથમ આદિવાસી સુશિક્ષિત છે. દાદરા-નગરહવેલીના આદિવાસી સમાજમાં તેઓ પીએચ.ડી. થયેલા સર્વપ્રથમ તેજસ્વી વિદ્યાર્થી છે.

■ વહેમ અને વ્યસન આદિવાસી પ્રજાના લોહીમાં વણાયેલી ખાસિયત છે. જીવનમાં કંઈપણ ઘટના બને, કે જીવનનો કોઈપણ પ્રસંગ હોય, ભગત-ભૂવાને નિમંત્રણ હોય જ. લગ્ન હોય કે મરણ, ભગત-ભૂવાને બોલાવીને મરઘી વધેરે અને તેના ઊડતા લોહીના ફુવારાથી જાતને ધન્ય કરે ત્યારે જ તેને સંતોષ થાય. પ્રત્યેક પરિવારમાં, પ્રત્યેક અવસરે દારૂ-તાડીની અને માંસ-મચ્છીની રેલમછેલ અહીં તદ્દન સામાન્ય બાબત છે, પરંતુ અબુધ જણાતા આ આદિવાસીઓ વચ્ચે સતત વિચરણ કરીને પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ અને સંતોએ એક નૂતન ક્રાંતિ આણી છે. હજારોને વ્યક્તિગત મળીને નિર્વ્યસની કર્યાં છે. મેલી વિદ્યા, વહેમ, અજ્ઞાન અને વ્યસનોની ગુલામીમાંથી છોડાવી એમનામાં સનાતન હિન્દુ સંસ્કૃતિનું ખમીર જગાડ્યું છે.

એમનાં ઝૂંપડે ઝૂંપડે ઘૂમીને, પરિશ્રમ કરીને સંતોએ એમના જીવનધોરણને ઊંચી સપાટી પર મૂકી દીધું છે. સંતોના સ્નેહસંગે, વ્યસનોની ખર્ચાળ ગુલામીમાંથી છૂટવાને લીધે સ્વાભાવિક રીતે જ એમનું આર્થિક ધોરણ ઊંચું આવ્યું છે. દારૂના દાવાનળમાં સપડાયેલા સામરવરણીના ખુશાલભાઈનો પગાર કદીયે ઘર સુધી પહોંચ્યો ન હતો. સત્સંગના રંગે રંગાયા પછી તેઓ વર્તમાનકાળે કુશળતાથી વ્યવહાર ચલાવે છે. સ્વામિનારાયણીય સંસ્કારોથી સજ્જ થયેલા હજારો આદિવાસી પરિવારો આજે વ્યસન અને વહેમની આ જડ ગુલામીમાંથી તદ્દન મુક્ત થયા છે.

રાંધા ગામના એક યુવાન રમણભાઈ ગામિતને એક વખત સખત તાવ આવ્યો. લોકોએ અંધશ્રદ્ધાના એક કહેવાતા તાંત્રિક પાસે લઈ જવા ખૂબ આગ્રહ સેવ્યો, પરંતુ રમણભાઈને સમજાવવા તેઓ સફળ ન થયા. છેલ્લે કેટલાક અંધશ્રદ્ધાળુઓ રમણભાઈ પ્રત્યેની મમતાથી દાણા ઉતારી તાંત્રિક પાસે લઈ ગયા. તાંત્રિકે મંત્રેલો દોરો આપી કહ્યુંઃ 'આ દોરો જો તે નહિ બાંધે તો તે મરી જશે.' રમણભાઈએ મૃત્યુની પરવા ન કરી. દોરો ન બાંધ્યો. તાંત્રિકની માન્યતા ખોટી પાડી.

કોંકણી આદિવાસી સમાજમાં એવો રિવાજ છે કે સગર્ભા સ્ત્રીને તાંત્રિક દ્વારા દોરો બાંધવામાં આવે. છઠ્ઠીના દિવસે તે દોરો બાળકને બાંધવામાં આવે. આ પ્રકારની ક્રિયા કરવામાં ન આવે તો તે પ્રાણઘાતક નીવડે તેવી જડ માન્યતા વર્ષોથી ઘર કરી ગયેલી. અભણ પણ નિષ્ઠાવાન આદિવાસી મગનભાઈએ સમાજના દબાણને ગણકાર્યા વિના આ માન્યતાને ઠેબે ચડાવી. વર્ષો જૂની રૂઢિ તૂટી. મગનભાઈએ સમાજમાં નવી ભાત પાડી.

દાદરા-નગરહવેલીનો વિસ્તાર સરકારે Wet Area (જ્યાં દારૂબંધીનો નિષેધ નથી તેવા વિસ્તાર) તરીકે જાહેર કરેલો છે. એટલે ઝૂંપડે ઝૂંપડે દારૂ ગળાય. પરિણામે લોકોની આર્થિક સ્થિતિ ખૂબ કથળી ગયેલી છે, તેથી લૂંટફાટ પણ ખૂબ થાય.

આજથી થોડા દાયકાઓ પહેલાં ડુંગરાળ પ્રદેશમાં આવેલા સીલી ગામમાં લૂંટનું પ્રમાણ ખૂબ જ હતું. ધોળા દિવસે સેંકડો માણસો લૂંટાયાના દાખલા બન્યા છે. આ લૂંટ ચલાવવામાં એક્કા હતા સોન્યા ભગત. મૂળ રાંધાના સોન્યાના નામથી લોકો ધ્રૂજે. જમીનધારીઓ પણ રાત્રે સીલી જતાં ડરતા. કેટલાક સરકારી અધિકારીઓની વિનંતીથી બી.એ.પી.એસ. સંસ્થાના સંતોએ આ લૂંટારુઓને નાથવા બીડું ઝડપ્યું. સંતોના સક્રિય પ્રયત્નોના અંતે દાદરા-નગરહવેલીમાં સૌ પ્રથમ સંસ્કારધામ સમા સીલી ગામના

કુટીર મંદિરમાં પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા થઈ અને સંસ્કારનો સ્રોત વહેતો મુકાયો. દૈવયોગે સોન્યો સંતોના સંપર્કમાં આવ્યો અને સત્સંગી બન્યો. રાતની રાતો ભજન લલકારતા આ સોન્યાને જોઈ સૌ દિંગ થઈ જતા.

તત્કાલીન મામલતદાર એમ.એમ. કોટવાલ તો ઘણીવાર કહેતા કે આ સ્વામિનારાયણ મંદિર બન્યા પછી સીલીના 'ચેપ્ટર કેશ'નું પ્રમાણ ખૂબ જ ઓછું થઈ ગયું છે. સરકારમાં પણ સારી છાપ પાડનાર આ કુટીરમંદિરનો પ્રભાવ ધીરે ધીરે વધતો ગયો. ઝૂંપડે ઝૂંપડે ઘરમંદિરો થયાં.

સત્સંગી ગિરિજનોની પ્રામાણિકતા દાદ માંગી લે તેવી છે. પટાવાળાની નોકરી કરતા કુડાચાના ડાહ્યાભાઈ વેસ્તાવાળાને દસ હજાર રૂપિયાનું પાકીટ મળ્યું. પારકા ધનમાં લલચાયા સિવાય તેમણે મૂળ માલિકને પાકીટ સોંપવાની તજવીજ કરી. ભગવાનની આજ્ઞા પાળ્યાનો સંતોષ તેમના મુખ પર અછતો ન રહ્યો.

વ્યસનનું કે માંસાહારનું આ પરિવારોમાં નામોનિશાન નથી. આ પરિવારોના સંસ્કાર જોઈને સૌ આશ્ચર્યચકિત થઈ જાય છે. વ્યસન અને અન્ય દૂષણોમાંથી મુક્ત થવાને લીધે આ પરિવારોની સુખ-સમૃદ્ધિ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામી રહી છે. ઝૂંપડાંને બદલે પાકાં મકાનો થયાં છે. એક વખત જેમને વસ્ત્ર પહેરવાનું પણ ભાન નહોતું, તેમનું જીવનધોરણ આજે, બી.એ.પી.એસ. સત્સંગના યોગે, ખૂબ ઊંચું આવ્યું છે. એટલું જ નહીં, પોતાના જ પૈસે ભક્તિભાવપૂર્વક સંસ્કાર મંદિરો પણ તેમણે રચ્યાં છે. સીલી, નાની તંબાળી, સામરવરણી, રાંધા જેવાં ગામો એનાં ઉત્તમ ઉદાહરણો છે. રાંધા ગામના આદિવાસી યુવાનો તો જાતે જ જંગલમાંથી વાંસ કાપી લાવ્યા, જાતે જ દીવાલો બનાવી અને અંદર સંતોના હાથે ભગવાન પધરાવ્યા છે. ડુંગરોની ખીણમાં સવાર-સાંજ આરતીના ઘંટારવ અને ઉચ્ચ સ્વરે ગવાતા સ્તુતિગાનથી વાતાવરણમાં પ્રસરેલી આહ્‌લાદકતાનો સ્વાદ અનેરો હોય છે. તેમનો નિરધાર છે કે ભવિષ્યમાં આ ગામમાં મોટું મંદિર કરવું છે. તેમનામાં શિક્ષણ અને સંસ્કારની કક્ષા સવર્ણોને શરમાવે તેવી થઈ છે.

જે આદિવાસી બાળકોને સમજણા થાય ત્યારથી પક્ષીઓના શિકાર કરવાની સહજ તાલીમ હોય અને સનનન... કરતી ગોફણો અને ગીલોલો તેમના હાથમાં રમતી હોય એ બાળકો આજે કેવા સંસ્કારી બન્યા છે! રાંધા ગામનો એક નાનો બાળક સતીશ તેની મા સાથે ગુજરાતના અંદેરપાડા ગામે ગયો. ત્યાં મહેમાનગતિમાં માછલી રાંધી હતી. સતીશે તે માછલી ન જ ખાધી. ભૂખ્યા રહેવાની દૃઢતા જોઈ સગાંઓએ જુદા સ્વચ્છ વાસણમાં ફરીથી રસોઈ બનાવી. આ પ્રસંગ પછી તેના પિતા આદલુભાઈ ભોયા પણ ચુસ્ત સત્સંગી બન્યા. આ જ ગામના વારલી જાતિના બાળક રાજેશ ઈન્દ્ર વાજવડિયાને કે પછી સેલવાસના અપંગ બાળક હરેશને ધન્યવાદ દેવા ઘટે કે જેણે પોતાનાં માંસાહારી મા-બાપથી અલગ જાતે રસોઈ બનાવી.

આમ છતાં, હજુ તેમનામાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું મોટું છે. તેમના ઓછા ભણતરનો લાભ લઈને તેમનું શોષણ કરનારો વર્ગ પણ ઘણો મોટો છે. તેમના શોષણને અટકાવવા માટે, ખાસ કરીને દાદરા-નગરહવેલી વિસ્તારમાં, તેમને માર્ગદર્શન આપવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. લગ્ન વગેરે તેઓના સામાજિક પ્રસંગોમાં તેમને વધુ ખર્ચ ન થાય તે માટે દહેજરહિત સમૂહલગ્નોત્સવ યોજવા ઉપરાંત, તેમને માર્ગદર્શન અને જીવન જરૂરિયાતો પણ પૂરાં પાડવામાં આવે છે. તેમને સધ્ધર બનાવવા ગૃહઉદ્યોગોના પ્રયોગો પણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

સેલવાસનું અક્ષરપુરુષોત્તમ મંદિર તો આદિવાસીઓના સર્વાંગી વિકાસનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. જનજાગૃતિ કાર્યક્રમો, રોગનિદાન સારવાર યજ્ઞો, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્નેહમિલન સમારંભો, શિક્ષણ શિબિરો, બાળ-યુવા-વડીલ-મહિલા મંડળો, સંસ્કાર કેન્દ્રો, નેતૃત્વ તાલીમ શિબિરો, સત્સંગ પરીક્ષાઓ, રાહત પ્રવૃત્તિઓ, જેવી અનેક વિકાસલક્ષી પ્રવૃત્તિઓ સંસ્થા દ્વારા અહીં હાથ ધરાઈ છે. અને આવી પ્રવૃત્તિઓ દ્વારા એમના ઉત્કર્ષનાં નવાં નવાં દ્વારા ખોલાતાં રહે છે. ◆

## ડાંગ જિલ્લો :

બી. એ. પી. એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા છેલ્લા ચાર ચાર દાયકાઓથી આ પ્રદેશમાં સત્સંગનાં બીજ વવાયાં છે. વર્ષો સુધી નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી, નંદકિશોરદાસ સ્વામી તથા અન્ય સંતોએ અહીં ગામડાંઓમાં વિચરણ કરીને અહીં સત્સંગની અભિવૃદ્ધિ કરી છે. ડાંગમાં સત્સંગ પ્રવૃત્તિના વિકાસ અને પ્રસાર માટે, સંસ્થાના નવસારી સ્વામિનારાયણ મંદિરના સંતો અથાક પરિશ્રમ કરે છે. સન ૧૯૯૯ના મે માસમાં જામલાપાડા, ચારણવડા જેવાં આદિવાસી ગામોમાં તેઓનાં ઝૂંપડાંઓમાં પધરામણીઓ કરીને પ્રમુખસ્વામી મહારાજે તેઓને જે અમૂલ્ય લાભ આપ્યો હતો, તેની સ્મૃતિ કરતાં આજેય એ આદિવાસીઓ ગદ્‌ગદ થઈ જાય છે. ડાંગ જિલ્લામાં સ્વામીશ્રીએ આદિવાસી સંમેલનમાં ઉપસ્થિત રહીને સૌને જે અણમોલ પ્રેરણાઓ આપી હતી તે બદલ આદિવાસી ભક્તો હંમેશાં સ્વામીશ્રી પ્રત્યે કૃતકૃત્ય રહ્યા છે. સ્વામીશ્રીએ જ્યાં પધરામણી કરી હતી એ જામલાપાડા ગામની પવિત્ર થયેલ ભૂમિ ઉપર સુંદર મંદિર રચાયું છે. આ આદિવાસી પ્રાંતમાં ૧૭ વર્ષથી મંગલનયનદાસ સ્વામી તથા મુનિચરણદાસ સ્વામી વિચરણ કરી રહ્યા છે. આ પ્રદેશની સત્સંગપ્રવૃત્તિઓ તથા અન્ય સેવા પ્રવૃત્તિઓની થોડીક ઝલક...

■ ડાંગ પ્રદેશનાં ૬૭ ગામોમાં સંતોનું વિચરણ થાય છે, જેમાં ૪૫ ગામોમાં સત્સંગમંડળો ગતિમાન છે.

■ ડાંગ-વાંસદા ખાતે સંસ્થા દ્વારા સંચાલિત 'સ્વામિનારાયણ ફરતા દવાખાના'ની સેવા પણ ઉપલબ્ધ છે. ડાંગ અને વાંસદા વિભાગનાં કુલ ૬૫ ગામના અંદાજે ૨૦,૦૦૦ માણસોને આ સેવાનો લાભ મળે છે.

■ આદિવાસી પરિવારોને આર્થિક રીતે સ્વનિર્ભર થવા કૃષિ ક્ષેત્રે વિવિધ સહાય આપવામાં આવે છે. આંબાની કલમ તથા ફળાઉ જાતોના છોડનું વિતરણ પણ સમયાંતરે કરવામાં આવે છે.

■ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય, નોટબુક તથા વસ્ત્ર વિતરણ કરવામાં આવે છે.

■ સાંસ્કૃતિક પ્રવાસ દ્વારા આદિવાસીબંધુઓને દિલ્હી અક્ષરધામ તથા અન્ય મંદિરોનાં દર્શનનો લાભ અપાવવામાં આવે છે.

■ અહીં આગના બનાવો વારંવાર બને છે. આથી, ઘર સળગી જાય કે અન્ય આપત્તિઓમાં પણ આદિવાસી પરિવારોને સંસ્થા દ્વારા મદદ કરવામાં આવેલ છે.

■ ૯ કુટિર મંદિરો અને વઘઈ-વાંસદા-ઉનાઈમાં ૩ સંસ્કારધામ સહિત કુલ ૧૨ બી.એ.પી.એસ. કેન્દ્રો વિવિધ લોકસેવા તેમજ સત્સંગ પ્રવૃત્તિમાં કાર્યરત છે.

■ ૩૭ ગામોમાં વસ્ત્રવિતરણ, ઘઉં, લોટ, ચોખા, અન્નવિતરણ અને બિસ્કિટ વિતરણ કરવામાં આવ્યું હતું.

### ■ રંભાસ વિદ્યાસંકુલ દ્વારા સમાજ-ઉત્થાન કાર્ય :

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લાના વનવાસી વિસ્તારમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સંચાલિત 'જ્ઞાનસેવા વિદ્યાસંકુલ રંભાસ'માં ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓ સંસ્કારયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

સન ૧૯૮૯માં સરકારશ્રી દ્વારા સ્થપાયેલી આ શાળાને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૧૧માં દત્તક લીધા બાદ તેની કાયાપલટ કરીને અનેક સુવિધાઓથી સજ્જ કરી છે. અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ શિક્ષણની સાથે સાથે સંસ્કાર પ્રાપ્ત કરીને ઉજ્જ્વળ કારકિર્દી તરફ ડગ માંડ્યાં છે.

આ સંકુલ આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતું અનેરું વિદ્યાધામ છે. દર વર્ષે લેવાતી ધોરણ ૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ઉચ્ચ પરિણામ હાંસલ કરે છે. વનબંધુઓમાં શિક્ષણ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરવા બદલ સન ૨૦૧૮મા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી દરમ્યાન, તેમજ સન ૨૦૨૦માં પણ વિશિષ્ટ પરિણામ મેળવવા બદલ ગુજરાત સરકાર આદિજાતિ વિકાસ મંત્રીશ્રીએ આ શાળાને વિશેષ સન્માનપત્ર આપી બિરદાવી હતી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષ અને નવસારી મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે ડાંગ જિલ્લાનાં ૧૩ ગામ અને નવસારી તથા જલાલપુર તાલુકાનાં એક-એક ગામ મળીને કુલ ૧૫ ગામોમાં આ શાળાના વિદ્યાર્થીઓએ સન ૨૦૧૯માં વેકેશનની મોજ-મજાનો ત્યાગ કરીને, વ્યસનમુક્તિ અને સામાજિક કુરિવાજો તરફ અંગુલિ નિર્દેશ કરતો જાગૃતિસભર ચોટદાર સંવાદ - 'કફન' પ્રસ્તુત કરીને સમાજઉત્થાનનું ભગીરથ કાર્ય કર્યું હતું. આ સંવાદ નિહાળીને ઘણા વનવાસી બંધુઓએ વ્યસનમુક્તિની પ્રેરણા પ્રાપ્ત કરી હતી.

વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા સમાજઉત્થાનના આ અભિયાનની સ્થાનિક વર્તમાનપત્રોએ વિશેષ નોંધ લીધી હતી. ◆

## વલસાડ જિલ્લો :

ભગવાન સ્વામિનારાયણ નીલકંઠવર્ણી વેશે જ્યાંથી ૨૨૨ વર્ષ પૂર્વે પસાર થયા હતા એ પ્રાસાદિક ભૂમિ પર સન ૧૯૭૨માં પ્રમુખસ્વામી મહારાજ પધાર્યા અને અહીંના આદિવાસી ક્ષેત્રમાં સત્સંગ પ્રવૃત્તિ અને સંતવિચરણનો આરંભ થયો. ત્યારબાદ સ્વામીશ્રી અને સંતો અવારનવાર અહીં પધારીને આદિવાસીઓના ઉત્કર્ષને વેગ આપતા રહ્યા છે.

સન ૧૯૮૪ના ફેબ્રુઆરીમાં પ્રમુખસ્વામી મહારાજ અહીં આંબાતલાટ, સિદુમ્બર, ભોમાપારડી, કુકેલ, રાનેવરી કલ્લા વગેરે ગામોમાં ઊબડખાબડ માર્ગે ગાડામાં કે પગપાળા જઈને આદિવાસી બંધુઓને સત્સંગનું દિવ્ય સુખ આપ્યું હતું. આદિવાસીઓના જીવનને ઉન્નત બનાવવા સ્વામીશ્રી તેમનાં ઝૂંપડે ઝૂંપડે ઘૂમ્યા હતા એને આજેય એ આદિવાસી બંધુઓ વીસરી શક્યા નથી. અહીંના ખલપુ લાછિયા વારલી તથા શંકર કાનજી દીવા જેવા આદિવાસી બંધુઓને ખળીમાં(અનાજ કાઢવાનો ચોક) બેસી સ્વામીશ્રીએ વર્તમાન ધારણ કરાવેલાં ત્યાં આજે શંકર કાનજીના ફળિયામાં કુટિર મંદિર થયું છે અને ગામના ગોભાલ ફળિયા, ઘસારપાડા અને નાયક-પાડામાં ૨૫૦થી વધુ આદિવાસી પરિવારો ભક્તિમય જીવન જીવે છે.

સમયાંતરે ધરમપુર અને કપરાડા એમ બે તાલુકા અસ્તિત્વમાં આવ્યા અને આ બંને તાલુકાઓ તેમજ ચીખલી તાલુકામાં પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી આદિજાતિમાં સત્સંગ-પ્રવૃત્તિ આજે વિશાળ વટવૃક્ષ બની ગઈ છે.

બી.એ.પી.એસ. સંસ્થાના પ્રયત્નથી તીથલ મંદિરના કાર્યક્ષેત્રમાં વનવાસી વિસ્તાર તથા સાગરકિનારાના ગામોમાં હાલ સત્સંગપ્રવૃત્તિના ૯૭થી વધુ કુટિર-હરિમંદિર સ્થપાઈ ચૂક્યાં છે. ૧૪ કુટિર-હરિમંદિર નિર્માણાધીન છે. જેના દ્વારા ભવિષ્યમાં પ્રશાંત, ધર્મવાન સમાજનું નિર્માણ શક્ય બનશે.

### ■ કપરાડા તાલુકો :

કપરાડા તાલુકો સંપૂર્ણ આદિવાસી પછાત તાલુકો છે. અહીં પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી આદિમ જૂથ કોળચા જાતિમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગ ખૂબ પ્રસર્યો છે. ભારતના આદિવાસી વિસ્તારોમાં આ જાતિ અત્યંત ગરીબ અને સૌથી પછાત ગણાય છે. આ પ્રદેશમાં તીથલ મંદિરથી સંતોનાં મંડળો વિચરણ કરે છે. આ ક્ષેત્રમાં ચાલતી સત્સંગપ્રવૃત્તિઓ તેમજ લોકસેવાની વિવિધ પ્રવૃત્તિઓની એક ઝલક :

■ આ તાલુકાનાં ૧૦૮ સેન્ટરોમાં નિયમિત વિચરણ ચાલે છે. ૫૭૦૦થી વધુ આદિવાસી હરિભક્તો સત્સંગ લાભ લે છે.

■ કપરાડા તાલુકામાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ફરતું દવાખાનું કાર્યરત છે, જેમાં ૧૨૭ ગામોને મફત રોગનિદાન અને

દવાવિતરણનો લાભ આપવામાં આવે છે.

■ આ ઉપરાંત રક્તદાન યજ્ઞ, વ્યસન-મુક્તિ યજ્ઞ, સિક્લસેલ એનિમિયા બ્લડ ટેસ્ટ કેમ્પ વગેરે વિવિધ રોગનિદાન યજ્ઞો દ્વારા આરોગ્યની જાગૃતિ આણવામાં આવે છે.

■ વસ્ત્રવિતરણ વગેરે આદિવાસી પરિવારોને જીવન-જરૂરિયાતની ચીજોનું વિતરણ કરવામાં આવે છે.

■ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આદિવાસી પરિવારોમાં દહેજ વિનાના સમૂહ લગ્નોત્સવ દ્વારા સામાજિક જાગૃતિ લાવવામાં આવી છે. સન ૧૯૯૯માં પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલો સમૂહ લગ્નોત્સવ સૌ માટે ખૂબ પ્રેરક બની રહ્યો. ત્યારબાદ સમયાંતરે સમૂહ લગ્નોત્સવો યોજાતા રહ્યા છે.

■ આદિવાસી બાળ-બાલિકાઓને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે.

### ■ ધરમપુર તાલુકો :

ધરમપુર તાલુકામાં ૧૯૭૫થી કાંગવી ગામે સત્સંગપ્રવૃત્તિ શરૂ થઈ છે. સન ૧૯૮૪માં સ્વામીશ્રી આંબાતલાટ પધાર્યા, ત્યારપછી અનેક ગામોમાં સત્સંગ-પ્રવૃત્તિ અને કુટિર-મંદિરો થયાં છે. હાલ તીથલ મંદિરથી સંતોનાં મંડળો અહીં વિચરણ કરે છે. કુલ ૭૮ સેન્ટરોમાં સત્સંગપ્રવૃત્તિ ગતિમાન છે. કુલ ૪,૫૦૦થી વધુ હરિભક્તો તેનો લાભ માણે છે.

■ આ તાલુકામાં પણ મોબાઈલ દવાખાનું ચાલે છે. ધરમપુર તાલુકાનાં ૧૨૭થી વધુ ગામોમાં આદિજાતિના લોકોને મફત સારવાર આપવામાં આવે છે. આ ઉપરાંત બ્લડ-કેમ્પ, સિકલ-કેમ્પ, વસ્ત્ર-વિતરણ વગેરે પ્રવૃત્તિ કાર્યરત છે.

### ■ ચીખલી તાલુકો :

ચીખલી તાલુકામાં સન ૧૯૭૪માં શરૂ થયેલી સત્સંગપ્રવૃત્તિ અને સ્વામીશ્રીના અથાગ વિચરણના ફળસ્વરૂપે છેલ્લા પાંચ દાયકાઓથી સતત આદિવાસી ઉત્કર્ષનાં વિવિધ સોપાનો સર થતાં રહ્યાં છે. અહીંનું દોણજા ક્ષેત્ર સત્સંગપ્રવૃત્તિનું સૌથી જૂનામાં જૂનું ક્ષેત્ર સન ૧૯૭૪થી અસ્તિત્વમાં છે. સંપૂર્ણ આદિવાસી ચીખલી તાલુકામાં કુલ ૧૦૩ સેન્ટરોમાં સંતોનાં મંડળો વિચરણ કરે છે. આ વિસ્તારમાં સત્સંગપ્રવૃત્તિ, મહિલામંડળ, બાળ-બાલિકા મંડળો કાર્યરત છે. આ વિસ્તારમાં ૯૫૦૦ હરિભક્તો નિયમિત સત્સંગનો લાભ લે છે. અહીં ખાતેની કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓ આ મુજબ છેઃ

■ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં સન ૧૯૭૪, ૧૯૮૦, ૧૯૮૨, ૧૯૮૪ વગેરે વર્ષોમાં પ્રતાપનગર, ટાંકલ, આછવણી વગેરે ખાતે યોજાયેલી શિક્ષક જ્ઞાનશિબિરો દ્વારા ૫૦૦૦થી વધુ શિક્ષકોને આદિવાસીઓનાં જીવનધોરણ ઉન્નત બનાવવા માટે વિશેષ તાલીમ આપવામાં આવી હતી. આ શિબિરો આજપર્યંત સમયાંતરે યોજાતી રહી છે. આછવણી ખાતે ૨૦૦૯માં શિક્ષક જ્ઞાનશિબિર યોજાઈ હતી.

■ સંસ્થા દ્વારા દર વર્ષે અત્રેનાં બાળ-બાલિકા- કિશોર-કિશોરીને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે.

■ ધરમપુર-કપરાડા માટે બી.એ.પી.એસ. મહિલા વિભાગ દ્વારા મહિલાઓના પ્રૌઢશિક્ષણને લગતાં કાર્યો હાથ ધરવામાં આવ્યાં છે.

■ દર વર્ષે મહિલા પ્રતિભા-વિકાસ કાર્યક્રમ હેઠળ ૧૫૦૦થી ૨૦૦૦ મહિલાઓને વ્યવસાયલક્ષી અને અન્ય ગૃહલક્ષી તાલીમ આપવામાં આવે છે.

વલસાડ જિલ્લાની ઔદ્યોગિક ક્રાંતિને કેન્દ્રમાં રાખીને આદિવાસી યુવાનો-યુવતીઓ માટે અદ્યતન ટેકનિકલ તાલીમ માટેનું એક નૂતન સંકુલનું નિર્માણ 'પ્રમુખસ્વામી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર' (PSVTC) પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ કરી રહ્યા છે. જેમાં દર વર્ષે ૫૦૦ વનવાસી યુવા-યુવતી (NCVT)ના અભ્યાસક્રમ હેઠળ તાલીમ મેળવશે. આ યુવા-યુવતીને નોકરીએ લગાડી પગભર કરવાનું આયોજન સંસ્થાનું છે. આ તમામ સુવિધા વિનામૂલ્યે, રહેવા-જમવા તથા સંપૂર્ણ તાલીમ આપવાનું આયોજન કાર્યાન્વિત છે.

### ■ પારડી તાલુકો :

પારડી તાલુકામાં સન ૧૯૭૬થી સત્સંગપ્રવૃત્તિ શરૂ થયેલ, જેમાં મોટાભાગે આદિવાસી વસ્તીનાં ગામો આવેલા છે. છેલ્લાં ૪૬ વર્ષોથી પૂજ્ય સંતો તથા કાર્યકરોના અથાગ પ્રયત્નોથી આ વિસ્તારમાં સત્સંગપ્રવૃત્તિનો સુંદર વિકાસ થયો છે. અહીં સેન્ટરોમાં નિયમિતપણે સંતોનું વિચરણ તીથલ મંદિરથી થઈ રહ્યું છે. આ વિસ્તારના ૪૨૦૦ આદિવાસી હરિભક્તો સત્સંગનો લાભ લઈ રહ્યા છે. ◆

## સુરત-તાપી જિલ્લો :

દક્ષિણ ગુજરાતના સુરત અને તાપી જિલ્લાઓના તળ પ્રદેશમાં ભગવાને કુદરતી સૌંદર્ય તો છૂટે હાથે વેર્યું છે, પરંતુ આ પ્રદેશના લોકોમાં આધ્યાત્મિક, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે વર્ષોથી અંધકાર છવાયેલો હતો. પ્રમુખસ્વામી મહારાજે ૧૯૭૧માં આ વિસ્તારના સાંકરી ક્ષેત્રમાં એક નાના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરીને સમાજોત્કર્ષનો પાયો નાખ્યો. અનેક વખત પધારીને સ્વામીશ્રીએ આ વિસ્તારમાં સત્સંગને પોષણ આપ્યું. સ્વામીશ્રીએ વાંસકૂઈ ગામમાં વરસતા વરસાદે ફાનસના અજવાળે કાદવ ખૂંદતાં ખૂંદતાં સોથી વધુ ઘરોમાં પધરામણી કરી છે. ઉનાળાના ધોમધખતા તાપમાં સ્વામીશ્રીએ અહીં ૨૦ દિવસમાં ૯૦ ગામોમાં વિચરણ કર્યું છે. કરચેલિયા ગામમાં પરસેવો પાડ્યો છે, એ પરસેવાનાં ટીપાંમાંથી આજે આ વિસ્તારમાં હજારો નિષ્ઠાવાન સત્સંગીઓનો એક સમાજ તૈયાર થયો છે. તા. ૧૮-૫-૨૦૦૧ના રોજ સાંકરીમાં ભવ્ય પંચ શિખરીય મંદિર રચી અક્ષરપુરુષોત્તમ મહારાજનો જયનાદ કર્યો. આ મંદિરમાંથી જ અસંખ્ય વાલિયા પ્રેરણા મેળવીને વાલ્મીકિ બન્યા છે.

અહીં ૭૦ ટકા વસતી આદિવાસીઓની છે, જેમાં ચૌધરી, ગામિત, હળપતિ જેવી અનેક જાતિઓ છે. આ જાતિઓમાં



રાહતસામગ્રી વિતરણ, પંચમહાલ



સંતવિચરણ દ્વારા જનજાગૃતિ



બી.એ.પી.એસ. છાત્રાલય, ઉકાઈ



બી.એ.પી.એસ. હૉસ્પિટલ, ડભોઈ

પરિવર્તન લાવવું એ લોઢાના ચણા ચાવવા જેવી વાત ગણાય. આ લોકો જે કમાય તેનો અડધો ભાગ વ્યસનોમાં વાપરે અને બીજો ઘરકામમાં. બચતનું તો નામ જ નહીં. દીકરાઓને નાનપણથી જ દારૂ પિવડાવે, પરંતુ અનાજ તો ઘરમાં હોય તો ખવડાવે ને! આ વિસ્તારનો મોટા ભાગનો વર્ગ અભ્યાસમાં માનતો નહોતો. માતાપિતા પોતાના પુત્રને પરાણે ઘરેથી નિશાળે મોકલે તો દફ્તર લઈ તળાવ કિનારે જાય ને માછલાં પકડે, મરઘાંનાં બચ્ચાંને પકડીને કાકડીની જેમ ખાય. ઘણા વિદ્યાર્થી એસ.એસ.સી.માં નાપાસ થાય એટલે હાથમાં પાણી લઈને કહે કે, આજથી નિશાળ બાજુ જાય એ બીજા! આમ, શિક્ષણનું સ્તર પેઢી-દરપેઢીથી અત્યંત નાજુક.

પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અને હાલ મહંત સ્વામી મહારાજની આજ્ઞા અનુસાર, આ ક્ષેત્રમાં ગણદેવી, માંડવી અને વાલોડ તાલુકાનાં ૪૮૦ ગામોમાં સંતો સતત વિચરણ કરે છે. આ ક્ષેત્રોમાં નિયમિત સત્સંગ સભાઓ થાય છે. સંતોના પ્રસંગથી અનેક લોકો નિર્વ્યસની બની ઊર્ધ્વગામી જીવન જીવતા થયા છે. પ્રમુખસ્વામી મહારાજે સાંકરીમાં શિખરબદ્ધ મંદિરની ભેટ ધરી ત્યારબાદ આ વિસ્તારનાં આદિવાસી ગામોમાં સત્સંગ ખૂબ જ વધ્યો છે. આજે ૩૨૦ સંયુક્તમંડળ, ૧૦૦ મહિલામંડળ, ૧૫૦ બાળમંડળ, ૧૫૦ બાલિકામંડળ, ૧૬ કિશોરમંડળ કથા-કીર્તન-ભજન-ભક્તિથી ગુંજતાં રહે છે. દરેક મંડળમાંથી દર પૂનમે સાંકરી મંદિરે હજારો ભક્તો દર્શને ઊમટે છે અને વ્યસનમુક્ત બને છે. ઘણા આદિવાસી હરિભક્તો પગપાળા આવી દર્શન કરી ધન્ય બને છે. આ વિસ્તારમાં પૂર્વે નારાયણપ્રસાદદાસ સ્વામી, પ્રભુસ્વરૂપદાસ સ્વામી તથા અન્ય સંતો બાદ હાલ શ્રુતિવલ્લભદાસ સ્વામી, ધ્યાનજીવનદાસ સ્વામી, આનંદકિશોરદાસ સ્વામી વગેરે સંતો વિચરણ કરીને સત્સંગપ્રવર્તન કરી રહ્યા છે. આ વિસ્તારમાં કોસાડી, કમલાપોર, ષઠવાવ, ઉન, ખંજરોલી, મધરકૂઈ, ગોદાવાડી, જામણકુવા, કોલાકૂઈ, અરેઠ, માંડવી જેવાં અંતરિયાળ ગામોમાં અને બીલીમોરા, અમલસાડ, વાંસદા અને ઉનાઈ - ચાર ક્ષેત્રોમાં ૨૧ હરિમંદિરો તેમજ કુટિર મંદિરોમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ બિરાજમાન છે, જ્યારે ૧૦ મંદિરો નિર્માણાધીન છે.

■ **આરોગ્ય સહાય :**

ગણદેવી, વાંસદા, માંડવી અને વાલોડ તાલુકામાં ફરતા દવાખાના દ્વારા કુલ ૧૫૩ અંતરિયાળ ગામોના પછાત-ગરીબ લોકોની આરોગ્ય સેવા કરવામાં આવે છે.

■ દૂર અંતરિયાળ વનવાસી વિસ્તાર સુધી પણ આ મંદિર દ્વારા સંતોએ વ્યસનમુક્તિ આંદોલન સતત ચાલુ જ રાખ્યું છે. 'સબ દર્દો કી એક દવા - દારૂ' તરીકે ઘરના બધા જ સભ્યો સાથે બેસીને દારૂ પીતા. વિદ્યાર્થીના ખિસ્સામાં પેનને બદલે ગુટખા-તમાકુની પડીકી જરૂર જોવા મળે. આવાં અનેક વ્યસનોની નાગચૂડથી રિબાતા આદિવાસીઓ આજે સત્સંગને પ્રતાપે નિર્વ્યસની થયા છે. લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી વ્યસનમુક્તિના કાર્યક્રમો અને પ્રદર્શનો યોજવામાં આવે છે.

■ આદિવાસી અને અન્ય વર્ગને શિક્ષણ અને સંસ્કાર મળે અને

વધુ સુખી બને તે માટે આ સંતોના વિચરણ દ્વારા માર્ગદર્શન મળે છે. જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને પુસ્તકો, શિષ્યવૃત્તિ, છાત્રાલય સગવડ (ઉકાઈ), અભ્યાસ વર્ગો, જીવન ઉપયોગી શિબિરો વગેરે શૈક્ષણિક સેવાઓ નિયમિતપણે ચાલુ જ છે.

■ આદિવાસીઓને વસ્ત્રો, ગરમ કપડાં, દવા, એમ્બ્યુલન્સ સેવા, મૅડિકલ કૅમ્પ દ્વારા સહાય, અનાજ તથા અન્ય જરૂરિયાતો પણ આ મંદિર દ્વારા પહોંચાડવામાં આવે છે. વર્ષોથી મંદિરમાં નેત્રયજ્ઞો થતા રહ્યા છે.

**■ શૈક્ષણિક સહાય અને લોકજીવન :**

■ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા દર વર્ષે આ વિસ્તારના ૧૫૦થી ૨૦૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય પ્રાપ્ત થાય છે. અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થીઓના વિકાસ માટે આર્થિક સહાયના રૂપમાં શિષ્યવૃત્તિ, જરૂરિયાત મુજબ વ્યક્તિને ચોપડા-નોટબુક વગેરે આપવામાં આવે છે. શ્રેષ્ઠ માર્ક્સ મેળવનારને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

■ જેમને માટે કાળા અક્ષર ભેંસ બરાબર હતા તે આદિવાસીઓનાં બાળકો પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા પછી વકીલ, જજ, ડૉક્ટર, આચાર્ય, પ્રાધ્યાપક, પોલીસ ઇન્સ્પેક્ટર, સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ કે અન્ય ઉચ્ચ પદ સુધી પહોંચ્યા છે. આ બધા જ સ્વીકારે છે કે, 'અમે આ પદ સુધી પહોંચ્યા તેના મૂળમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સત્સંગપ્રવૃત્તિ અને પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ જ મુખ્ય છે.'

■ આ વિસ્તારોમાં અંધશ્રદ્ધા હોય તે સાહજિક છે. પણ બી.એ.પી.એસ.ના સત્સંગ અને સંત-વિચરણથી તે લોકોમાં અંધશ્રદ્ધા દૂર થઈ. શુદ્ધ શ્રદ્ધાથી ભગવાનની પૂજા-મહાપૂજામાં જોડાઈ પોતાના સંકલ્પો પૂર્ણ થતા અનુભવે છે.

આદિવાસીઓમાં સાંસ્કૃતિક અને સામાજિક જાગૃતિ આવે તે માટે ૨-૩ મહિને જુદા જુદા ઉત્સવ-સમૈયાનું આયોજન થાય છે. જેમાં તેઓ ભેગા થઈ એકબીજાને મળે અને સત્સંગ કરે અને ભારતીય રીત-રિવાજ મુજબના ઉત્સવો ઊજવે છે.

**■ સોનગઢ તાલુકો :**

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદ લઈને સન ૧૯૬૮માં સંતમંડળ સુરત જિલ્લાના સોનગઢ તાલુકાના ઉકાઈ ખાતે આવ્યું ત્યારથી અહીં સત્સંગપ્રવૃત્તિઓનો પ્રારંભ થયો છે. સન ૧૯૮૪માં પ્રમુખસ્વામી મહારાજે અહીં નૂતન મંદિર પ્રતિષ્ઠિત કર્યું હતું. અહીં આદિવાસી ઉત્કર્ષ પ્રવૃત્તિઓના એક ભાગરૂપે સન ૧૯૮૫માં બી.એ.પી.એસ. છાત્રાલયના નિર્માણનાં શ્રીગણેશ થયાં. યોગેશદાસ સ્વામી, દેવરત્નદાસ સ્વામી, પ્રભુવંદનદાસ સ્વામી, શુભદર્શનદાસ સ્વામી વગેરે સંતો ૪૫થી વધુ ગામોમાં વિચરણ દ્વારા સત્સંગ સાથે આદિવાસી ઉત્કર્ષની વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. આ ગામડાંઓમાં કુલ ૧૯ સંયુક્ત સત્સંગમંડળ, ૧૪ બાળમંડળ, ૩ યુવકમંડળ ઉપરાંત ૨૪ મહિલામંડળ, ૨ યુવતીમંડળ અને ૭ બાલિકામંડળ પણ ગતિમાન છે. ૪,૦૦૦ ઘરોમાં અન્નકૂટના પ્રસાદનું વિતરણ થાય છે. ૪૫,૦૦૦ ઘરોમાં વિનામૂલ્યે કૅલેન્ડરનું વિતરણ કરીને સંસ્કૃતિનો સંદેશ આપવામાં આવે છે.

■ સુરત તથા તાપી જિલ્લાના બારડોલી, મહુવા, માંડવી, વાલોડ, વ્યારા, સોનગઢ, ઉચ્છલ, નિઝર વગેરે આદિવાસી તાલુકાનાં ગામડાંઓના આદિવાસી બાળકોને શિક્ષણ સાથે સંસ્કાર પ્રાપ્ત થાય તે માટે પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ૧૯૮૫માં ઉકાઈ ખાતે બી.એ.પી.એસ. છાત્રાલયની શરૂઆત થઈ. વધુ વિદ્યાર્થીઓને લાભ મળે તે માટે ૧૯૯૭માં સંપૂર્ણ સુવિધાયુક્ત સુંદર છાત્રાલયનું નિર્માણ થયું છે. હાલ, આ છાત્રાલયમાં ૧૨૦ બાળકો શિક્ષણ સાથે સંસ્કાર મેળવે છે. પ્રતિવર્ષે ૧૦૦ ગરીબ આદિવાસી બાળકોને ભોજન, આવાસ, ટ્યૂશન, કૉમ્પ્યૂટર, કરાટેનું શિક્ષણ વિનામૂલ્યે અપાય છે. સાથે સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ કૉચિંગ તથા સ્પર્ધાઓ રાખી ઇનામ વિતરણ કરવામાં આવે છે. બાળકોમાં વિવિધ કલા-કૌશલ્યનો વિકાસ થાય તે માટે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. છાત્રાલયના બાળકો દ્વારા દર વર્ષે વ્યસનમુક્તિ અભિયાન પણ થાય છે. એપ્રિલ ૨૦૧૧માં બાળકો દ્વારા વ્યસનમુક્તિ અભિયાન કરવામાં આવ્યું હતું, જેમાં પરીક્ષાઓ બાદ ધોરણ-૧૦ના ૩૨ વિદ્યાર્થીઓએ પંદર દિવસમાં ૧૫ ગામોનાં ૨૭૨૨ ઘરોમાં કુલ ૪૬૭૧ વ્યક્તિઓની વ્યક્તિગત મુલાકાત લીધી હતી. તેમાં ૧૫૧૬ વ્યક્તિઓને વ્યસન છોડાવ્યાં હતાં.

■ પ્રતિવર્ષે આદિવાસી વિદ્યાર્થીઓને ગુજરાતનાં મંદિરો, દિલ્હી અક્ષરધામ, હરિદ્વાર-હૃષીકેશ, આગ્રા, મથુરા, ગોકુળ, વૃંદાવન અને જયપુરની યાત્રા કરાવાય છે.

■ છાત્રાલયના ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓની જેમ છાત્રાલયમાં જ ધોરણ ૧૦ સુધી ભણ્યા બાદ તેજસ્વી ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સુવિધા કરી આપવામાં આવે છે. આ વિદ્યાર્થીઓ એન્જિનિયર, ડેન્ટલ સર્જરી તથા એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરી કારકિર્દી બનાવી રહ્યા છે.

■ અદ્યતન સુવિધાઓથી સજ્જ આ છાત્રાલયમાં, વિદ્યાર્થીઓ સંસ્કાર સાથે પોતાની કારકિર્દી ઘડે છે. એક આદિવાસી વિદ્યાર્થી આ છાત્રાલયમાં આવ્યો ત્યારે તેને બટાકા અને ચીકુ વચ્ચેના ભેદની પણ ખબર નહોતી, તે આ છાત્રાલયમાં આવીને આજે 'માસ્ટર ઓફ કૉમ્પ્યુટર એપ્લિકેશન'(M.C.A.)ના નિષ્ણાત તરીકે ઉજ્જ્વળ કારકિર્દી પામ્યો છે. એટલું જ નહીં, અહીં રાષ્ટ્રીય કક્ષાએ 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિક્સ ટીચર્સ એસોસિએશન', કોઈમ્બતુર દ્વારા લેવાતી ફિઝિક્સની પરીક્ષામાં પ્રથમ ૧૦માં તેણે સ્થાન મેળવ્યું છે.

એક આદિવાસી વિદ્યાર્થી ૧૩ વર્ષની ઉંમરે છાત્રાલયમાં દાખલ થયો ત્યારે શરૂઆતમાં જ તેને જમણા હાથે જમવા માટે કહેવામાં આવ્યું. તેનાથી તે એટલો બધો ગભરાઈ ગયો કે રાત્રે એક ઝાડ પર ચડી ગયો. ઘણી શોધ કરવા છતાં મળ્યો નહીં.

પરંતુ રાત્રે લઘુશંકા કરવાથી સૂકાં પાંદડાં ખખડ્યાં અને એમ તેની ભાળ મળી. એ કક્ષાની અબુધ દશામાંથી આગળ વધીને છાત્રાલયના વાતાવરણમાં ઉજ્જ્વળ તક મેળવીને આ વિદ્યાર્થી આજે એમ.પી.એડ. થઈને પોતાની તેજસ્વી પ્રતિભાનું દર્શન કરાવી રહ્યો છે.

■ આ છાત્રાલયના વિદ્યાર્થીઓમાંથી કેટલાયે એમ.એ., એલએલ.બી., એન્જિનિયરિંગ, કૉમ્પ્યૂટર કે ફાર્મસીના ઉચ્ચ અભ્યાસક્રમો દ્વારા પોતાની કારકિર્દી ઘડી છે. આવાં તો કેટલાંયે ઉદાહરણો છે. ખૂબ કઠિનાઈઓ અને સંઘર્ષ વેઠીને સંતો અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓ આ છાત્રાલય દ્વારા આદિવાસીઓને ઉત્તમ પ્રેરણાઓ પીરસી રહ્યા છે. અત્યાર સુધી આ છાત્રાલયમાંથી ૧૭૦૦ બાળકોએ ભણીને પોતાની કારકિર્દી ઉજ્જ્વળ બનાવી છે. ઉપલબ્ધ માહિતી અનુસાર આ છાત્રાલયમાંથી ગ્રેજ્યુએટ ૨૫૬, એન્જિનિયરો ૧૨૦, પી.ટી.સી. ૧૪, આઈ.ટી.આઈ. ૧૪૨, લેક્ચરર-પ્રૉફેસર ૨, ડેન્ટલ સર્જન ૨, એમ.ડી. - એમ.બી.બી.એસ. ૨, બી.એ.એમ.એસ. ૧, ફિઝિયોથેરાપિસ્ટ ૧ થયા છે. વર્તમાન સમયમાં વિવિધ વિદ્યાશાખાઓમાં વિદ્યાર્થીઓ ઉચ્ચ કારકિર્દી ઘડી રહ્યા છે. તેમાં, બી.એ.એમ.એસ. ૪, બી.એચ.એમ.એસ. ૧ અને ૭ વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ.માં અભ્યાસ રત છે.

### ■ ઉકાઈ ક્ષેત્ર :

દક્ષિણ ગુજરાતના આદિવાસી બહુલતા ધરાવતા ઉકાઈ ક્ષેત્રમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વારંવાર વિચરણ કરીને સત્સંગનાં અજવાળાં પ્રસરાવ્યાં છે. આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં સત્સંગપ્રવૃત્તિ વિશેષ વેગવંતી બની છે. ઉકાઈ ક્ષેત્રમાં આદિવાસીઓના જીવન-ઉત્કર્ષ માટે ૩૧ બી.એ.પી.એસ. મંદિર કાર્યરત છે, અને ૧૧ મંદિર નિર્માણાધીન છે. આ મંદિરો દ્વારા અનેક આદિવાસીઓના ઉત્કર્ષની પ્રવૃત્તિ થઈ રહી છે. તાજેતરમાં કોરોના મહામારીમાં ૧૧૭ ગામમાં જરૂરિયાતમંદોને ૧૮,૦૦૦ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રત્યેક કિટમાં અનાજ, શાક-તેલ મળી કુલ ૧૮૦ ટન રાશનનું વિતરણ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. ૭,૫૦૦ વ્યક્તિઓને સ્વાદિષ્ટ ભોજન અને ૧,૦૦૦ વ્યક્તિને વસ્ત્રવિતરણ કરવામાં આવ્યું હતું.

બી.એ.પી.એસ.નાં આ મંદિરો દ્વારા અનેક લોકો વ્યસનમુક્ત બની સદાચારના પંથે આગળ વધીને પવિત્ર જીવન જીવી રહ્યા છે. હીરાવાડીના બુધિયાભાઈ ૨૪ કલાક દારૂના નશામાં રહેતા, પણ સત્સંગ થયો ત્યારથી દારૂ છોડ્યો. ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી કરતા જાતે રસોઈ બનાવી જમે છે, પણ બહારની ખાણીપીણીથી દૂર રહે છે. ઘોડચીતના પ્રકાશભાઈ પણ દારૂના અઠંગ વ્યસની હતા. સત્સંગ થયો અને તેઓ નિર્વ્યસની બન્યા. પોતાની જમીન સંસ્કારધામ માટે અર્પણ કરી અને અત્યારે આ મંદિરમાં પૂજારી તરીકે સેવા આપી રહ્યા છે.

### ■ અન્ય પ્રવૃત્તિઓ :

■ ઉકાઈ મંદિરે છેલ્લાં ૧૪ વર્ષથી પૂનમની સભા થાય છે. જેમાં ગામડાનાં ૧૫૦૦ બાઈ-ભાઈ હરિભક્તો લાભ લે છે.

■ સત્સંગ પ્રવૃત્તિ સાથે અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ થાય છે. છાત્રાલયના બાળકો દ્વારા નિયમિતરૂપે વૃક્ષારોપણ, હૉસ્પિટલોમાં દર્દીઓ માટે પ્રાર્થના, વ્યસનમુક્તિ અભિયાન થાય છે.

■ પ્રતિવર્ષે ગરીબોને વસ્ત્રવિતરણ કરવામાં આવે છે.

■ તાપી નદીમાં આવેલ પૂર હોનારત સમયે આજુબાજુનાં ગામડાંઓમાં ફૂડપેકેટ તથા વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

■ આરોગ્ય ક્ષેત્રે સેવા કરવા માટે સંસ્થા દ્વારા છેલ્લાં ૧૧ વર્ષથી 'ફરતું દવાખાનું' કાર્યરત છે, જેના દ્વારા ૧,૭૨,૮૦૦ દર્દીઓને નિઃશુલ્ક દવા-સારવાર અપાઈ છે. ત્રણ નેત્રરોગ નિદાન યજ્ઞ દ્વારા ૫૭૩ દર્દીઓની સારવાર કરી ૨૯૮ દર્દીઓને મફત ચશ્માંનું વિતરણ કર્યું છે. તથા ૧૮ દર્દીઓને મફત મોતિયાનું ઑપરેશન કરી નેત્રોને નવું જીવન અપાયું છે. ◆

## પંચમહાલ-દાહોદ જિલ્લો :

પંચમહાલ અને દાહોદ જિલ્લામાં આદિવાસી ઉત્કર્ષ પ્રવૃત્તિ છેલ્લા ચાર દાયકાથી સતત અભિવૃદ્ધિ પામતી રહી છે. પરંતુ તેને વિશેષ વેગ મળ્યો, સન ૧૯૮૫ પછી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં પુરુષાર્થ અને પ્રેરણા તેમજ સંતોના સતત વિચરણથી પંચમહાલ પ્રદેશનાં સેંકડો ગામડાઓમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગ છે. બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિનાં પાંચ ક્ષેત્રો (લુણાવાડા, ખાનપુર, હાલોલ, કાલોલ, ગોધરા) ગોધરા પ્રાંત હેઠળ અને સાત ક્ષેત્રો (તોયણી, ઘોઘંબા, દેવગઢ બારિયા, રાબોડ, લીમખેડા, ખરોડ, દાહોદ) દાહોદ પ્રાંત હેઠળ કાર્યરત છે.

■ આ જિલ્લાઓમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગનાં કુલ ૧૨ ક્ષેત્રોમાં સત્સંગ પ્રવૃત્તિ ગતિમાન છે. એ પૈકી ૫૦૦થી વધુ ગામોમાં સંતવિચરણ થાય છે. કુલ ૨૨૦ ગામોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગમંડળોમાં હજારો આદિવાસી પરિવારો સત્સંગ દ્વારા સુખાકારી માણે છે. ૨૨૦ સંયુક્ત સત્સંગ મંડળોને સમાંતર ૨૨૦ મહિલામંડળો પણ ગતિમાન છે. આ જિલ્લાઓમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને સંતોએ વારંવાર વિચરણ કરીને સૌમાં આધ્યાત્મિક જાગૃતિ આણી છે. સ્વામીશ્રીના પ્રચંડ પુરુષાર્થથી આ પ્રદેશમાં બોડેલી ખાતે અને ગોધરા ખાતે - એમ બે શિખરબદ્ધ મંદિરો રચાયાં છે, જેની પ્રાણપ્રતિષ્ઠા પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા થઈ છે.

■ આ પ્રાંતના હજારો આદિવાસી ભક્તોને સ્વામીશ્રીએ સ્નેહપૂર્વક આશીર્વાદ આપ્યા છે, કોઈકના ઝૂંપડે જઈને કે પાસે બોલાવીને એના જીવનની સુખ-દુઃખની વાતો સાંભળી છે. કોઈકને વ્યસનો અને માંસાહાર-હિંસા છોડાવીને અધ્યાત્મના માર્ગે વાળ્યા છે. સ્વામીશ્રીએ સ્નેહથી અજવાળેલા એ ભક્તોએ

બીજા કેટલાયને અજવાળ્યા છે. એક સમયે જેમના હાથ લૂંટફાટ, તીરકામઠાં અને દારૂ-માંસની બદીથી દુર્ગંધ મારતા હતા, ત્યાં આજે નિઃસ્વાર્થ સેવા અને સત્સંગની પવિત્ર સુગંધ મઘમઘે છે. એક સમયે જે પરિવારો અનેક કુકર્મો તેમજ અંધશ્રદ્ધા અને ભૂવા-ડાકલાંઓથી ખદબદતા હતા, તે આજે શુદ્ધ નિષ્ઠાથી સુખ અને શાંતિનો દિવ્ય આનંદ માણી રહ્યા છે. જીવનમાં ક્યારેય સ્નાનનો મહિમા ન જાણનારા આ વનવાસી બંધુઓ હવે નિત્ય સ્નાન-શુદ્ધિ અને પ્રાતઃપૂજાથી લઈને નૈતિક અને આધ્યાત્મિક શુદ્ધિના પાઠ પોતાની નવી પેઢીને પણ આપે છે. એવાં અનેક પરિવર્તનોમાંથી એક-બે ઉદાહરણ:

■ કડીલા ગામના વતની સન્મુખભાઈ મનાભાઈ નાયક અને તેમનું ૨૫૦ ઘરોની વસ્તીવાળું ગામ વર્ષોથી દારૂ, તાડી, તમાકુ, જુગાર અને માંસાહારમાં ડૂબેલું હતું. તહેવારોના દિવસોમાં તો અહીં કેટલાય બકરાઓની કતલ થતી. સ્વામીશ્રીના આશીર્વાદથી તેમનું આમૂલ પરિવર્તન થયું. નિત્ય પૂજાપાઠ અને સત્સંગના નિયમપાલનથી હૈયું દિવ્ય આનંદથી છલકાવા લાગ્યું. વ્યસનોની ખર્ચાળ ગુલામીમાંથી મુક્ત થયા એટલે જીવનધોરણ પણ ઊંચું આવવા લાગ્યું. આજે તેમના બે ઓરડાના ઘરમાં આરતી, થાળ અને ઘરસભા જેવાં સત્સંગનાં પુષ્પોની મહેક નિત્ય પ્રસરી રહી છે.

■ રતનપુરના માધુભાઈ બુધાભાઈ રાઠવા દારૂના અઠંગ વ્યસની હતા. દારૂના નશામાં તીર-કામઠું લઈ જંગલી પાડા પર બેસી ગામમાં સવારી કરવાની અને કોઈના પર તીર ફેંકીને ઝઘડો કરવાની તેમની આદત હતી. આવી બધી આદતોને લીધે તેઓ આર્થિક રીતે સાવ કંગાળ થઈ ગયા હતા. પરંતુ સંતોના યોગે આજે તેઓ સત્સંગમય જીવન જીવી રહ્યા છે. વળી, દારૂ અને માંસાહાર બંધ થવાથી આર્થિક રીતે પણ ઘણા સુખી છે.

■ નાના કોછરા ગામના માંસ અને દારૂ વગેરે દરેક પ્રકારનાં વ્યસનોના અઠંગ ઉપાસી સેજસિંગભાઈને પ્રમુખસ્વામી મહારાજના સત્સંગનો રંગ લાગ્યો અને જીવન સંપૂર્ણ પલટાઈ ગયું. સ્વામિનારાયણીય નિયમો પાળતા થયા. અભણ હોવા છતાં જેમ તેમ કરી વાંચતાં શીખ્યા, સત્સંગ શિક્ષણ પરીક્ષાઓ આપી. પોતાના બાળકોને પણ સત્સંગના આવા શુભ સંસ્કારો પ્રેર્યા છે.

### ■ આ વિસ્તારમાં થયેલી લોકસેવાઓ :

આ વિસ્તારના આદિવાસી લોકોનું જીવનધોરણ ઊંચું આવે તે માટે પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નીચેનાં વિવિધ આયોજનો કરવામાં આવ્યાં છે.

■ દુષ્કાળ રાહતકાર્યો, વસ્ત્ર વિતરણ, પૂરરાહતકાર્ય, સુખડી વિતરણ, દૂધ વિતરણ, ફરતું દવાખાનું, છાશ વિતરણ, પાણી વિતરણ, બાળ સંસ્કારકેન્દ્ર, બાળ આરોગ્ય-શિક્ષણ, રમકડાં વિતરણ, શિક્ષણ, બાલિકા સંસ્કારકેન્દ્ર, સ્ત્રી આરોગ્ય-શિક્ષણ, રહેણીકરણી અને વિજ્ઞાન, ખેતી, વ્યસનમુક્તિ, વૃક્ષારોપણ.

સન ૧૯૯૦થી સન ૨૦૦૦ દરમ્યાન ૨૦૦થી વધુ ગામોમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

છેલ્લાં ૨૦ વર્ષથી સંસ્થા દ્વારા ફરતું દવાખાનું ગામોગામ ઘૂમીને ગ્રામીણજનોની આરોગ્ય સેવાઓ કરે છે. કુલ લાભાર્થી ગામો : ૧૮૨ જેનો લાભ દસ લાખ જેટલા દર્દીઓને પ્રાપ્ત થયો છે. ◆

## સાબરકાંઠા જિલ્લો :

ઉત્તર ગુજરાતમાં ખેડબ્રહ્મા તાલુકાનાં ટેકરિયાળ જંગલોમાંથી અનેરી ફોરમ ફોરી રહી છે. જે ટેકરીઓ પહેલાં ધિંગાણાં અને લૂંટફાટ નિહાળતી હતી, એ ટેકરીઓ પર હવે સભાઓ અને મંત્રગાન ગુંજી રહ્યાં છે. અહીં ઠેર ઠેર તિલકચાંદલાધારી આદિવાસીઓના સંસ્કારોની આભા પ્રસરી રહી છે. થોડાંક વર્ષો પહેલાં જ આ વિસ્તારમાં જે લોકોની ધાક વાગતી હતી અને જેઓના નામથી પોલીસ પણ ધ્રૂજતી હતી એવા ખૂંખાર આદિવાસીઓમાં પ્રમુખસ્વામી મહારાજના સત્સંગના પ્રતાપે પરિવર્તનનો પવન ફૂંકાયો. વ્યસન અને વહેમના બંધનની કેદ છૂટી અને આધ્યાત્મિકતાનો સોનેરી સૂરજ ઊગ્યો. એક એક આદિવાસીનું પરિવર્તન એ સ્વયં ઇતિહાસ છે અને એ પ્રત્યેક આદિવાસી સ્વયં પ્રમુખસ્વામી મહારાજે સર્જેલી સત્સંગ-ક્રાંતિના દૂત બની રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી ઉત્કર્ષ પ્રવૃત્તિ છેલ્લાં ૩૦ વર્ષોથી ચાલી રહી છે. પરંતુ તેને વિશેષ વેગ મળ્યો સન ૧૯૯૯માં. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ખેડબ્રહ્મા ખાતે યોજાયેલ આદિવાસી સંમેલનમાં, ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી વિસ્તારના હજારો આદિવાસી બંધુઓએ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં દિવ્ય આનંદ માણ્યો ત્યારથી અહીંના આદિવાસી ક્ષેત્રમાં એક નવી ચમક આવી ગઈ. સ્વામીશ્રીની પ્રેરણાથી શ્રીરંગદાસ સ્વામી, ધર્મવિનયદાસ સ્વામી, પછી હાલ અમૃતતનયદાસ સ્વામી, મંગલપુરુષદાસ સ્વામી, અમૃતમુનિદાસ સ્વામી તેમજ બનાસકાંઠા વિસ્તારમાં ઉત્તમપ્રિયદાસ સ્વામી અને નિત્યસેવાદાસ સ્વામી વગેરે સંતો આ ક્ષેત્રના કુલ ૧૪૭ જેટલાં આદિવાસીઓનાં ગામોમાંથી ૧૦૪ ગામોમાં વિચરણ કરે છે. તેનાં પરિણામે અહીં આજે ૨૦ ગામોમાં નિયમિત બી.એ.પી.એસ. સત્સંગમંડળો ચાલે છે. તે પૈકી પોશીના-૧ અને પોશીના-૨ ક્ષેત્રમાં ૨૫ સંયુક્તમંડળ, ૩૧ મહિલામંડળ અને ૩૦ બાળમંડળ કાર્યરત છે.

પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૯૯, ૨૦૦૧, ૨૦૦૨, ૨૦૦૩, ૨૦૦૫ વગેરે વર્ષોમાં સતત અહીં પધારીને આદિવાસી ભક્તોને દિવ્ય કૃપા વર્ષાવી કૃતાર્થ કર્યા હતા.

૨૦૦૫માં સ્વામીશ્રીએ આદિવાસી પ્રાંતમાં પોશીના ગામમાં પધારીને વનવાસી સંમેલનમાં જે લાભ આપ્યો હતો તેને એ આદિવાસી હરિભક્તો આજેય અણમોલ સ્મૃતિ તરીકે હૈયાંમાં સાચવીને બેઠા છે.

### ■ આ વિસ્તારમાં થયેલી લોકસેવાઓ :

આ વિસ્તારના આદિવાસી લોકોનું જીવનધોરણ ઊંચું આવે તે માટે પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ.

સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નીચેનાં વિવિધ આયોજનો કરવામાં આવ્યાં છે.

**૧. ચેકડેમ અને કોમ્યુનિટી હોલ :**

■ સ્થાનિક આદિવાસી બંધુઓનાં લગ્ન વગેરે સામાજિક અવસરો માટે જાડી સેબલ, બોરડી, પઢારા - આ ત્રણ ગામોમાં કોમ્યુનિટી હૉલ બાંધવામાં આવ્યાં છે. આ કૉમ્યુનિટી હૉલને કારણે સ્થાનિક તેમજ આસપાસના લોકો અહીં વિવિધ કાર્યક્રમો દ્વારા સામાજિક રીતે વધુ મજબૂત બન્યા છે.

■ 'ગ્રામ વિકાસ અને જળસ્રાવ યોજના' હેઠળ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ જુદાં જુદાં ગામોમાં ચેકડેમ બાંધીને લોકોની જળ-સમસ્યા ઉકેલવામાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી છે.

**૨. રાહતકાર્યો :**

■ દુષ્કાળ કે અન્ય પ્રાકૃતિક આપત્તિઓમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ રાહતકાર્યો ઉપાડીને સ્થાનિક લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માટે સમયે સમયે વિવિધ આયોજનો હાથ ધર્યાં છે. ઘાસવિતરણ, વસ્ત્રવિતરણ, સુખડીવિતરણ, જીવન-જરૂરિયાતોની અન્ય ચીજોનું વિતરણ, તેમજ કેટલકેમ્પ વગેરે વિવિધ સેવાપ્રવૃત્તિઓએ લોકોના દુ:ખમાં સમયે સમયે રાહત પહોંચાડી છે.

■ સન ૨૦૦૦ના ભીષણ દુષ્કાળમાં સાબરકાંઠા, બનાસકાંઠાના વિસ્તારોમાં ભયાનક પરિસ્થિતિ સર્જાઈ ત્યારે સાબરકાંઠા જિલ્લાના હિંમતપુર, રહેડા, ફિંચોડ, ખોડમ, મોવતપુરા, હાથરવા, માલપુર, નાદરી, દેલવાડા, થેરાસણા, ગુલાબપુરા વગેરે ગામો દત્તક લઈને સંસ્થાએ દુષ્કાળરાહત કાર્યો કર્યાં.

**૩. કુરિવાજો બંધ થયા :**

■ આ વિસ્તારના આદિવાસીઓમાં હોળીનો તહેવાર વિચિત્ર રીતે ઊજવાતો હતો. ખાસ કરીને હોળીના દિવસે પાડો કાપીને તેનો ભોગ જમવાનો વિકૃત રિવાજ અહીં ખૂબ વ્યાપક છે. વળી, કોઈના મૃત્યુ પ્રસંગે અગિયારમું કે બારમું હોય ત્યારે તેમજ લગ્નપ્રસંગે પણ બકરાં મારીને ખાવાનો કુરિવાજ હતો. હજારો સત્સંગી આદિવાસીઓએ આ કુરિવાજ છોડીને શુદ્ધ શાકાહારી અને અહિંસક માર્ગ અપનાવ્યો છે.

■ અહીંની 'વૈર પ્રથા' પણ ખૂબ જ ભયંકર છે. પરસ્પર હિંસા કરીને વૈર લેવાની એ કુપ્રથામાંથી પણ હજારો સત્સંગી આદિવાસી મુક્ત થયા છે.

**૪. સમૂહલગ્નોત્સવ :**

■ આ ક્ષેત્રમાં લગ્ન પાછળ થતા અનેકવિધ બિનજરૂરી ખર્ચ, કુરિવાજ, દહેજપ્રથા, માંસાહાર-દારૂ વગેરે જેવી બદીઓ બંધ થાય તે હેતુસર બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. સન ૨૦૧૫માં પોશીના મંદિર ખાતે ૧૪ નવદંપતીઓએ અને સન ૨૦૧૭માં હિંમતનગર મંદિરમાં ૨૬ નવદંપતીઓ પ્રભુતામાં પગલાં માંડીને સદાચારયુક્ત જીવન જીવવા કટિબદ્ધ થયાં હતાં. સંસ્થા દ્વારા કરવામાં આવેલા આ સરાહનીય કાર્યની પ્રશંસા અહીંના સામાજિક અગ્રણીઓએ કરી હતી.

**૫. શિક્ષણ સેવા :**

■ ખેડબ્રહ્મા તાલુકાના પોશીના વિસ્તારમાં આદિવાસીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા 'ફરતી શાળા'નો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે. જેના દ્વારા આજે પણ જુદાં જુદાં ગામોના બાળકો અભ્યાસ કરે છે.

■ આદિવાસી મહિલાઓ માટે ખાસ સાક્ષરતા અભિયાન પણ સંસ્થા દ્વારા ગતિમાન છે. સ્લેટ, પેન, દેશીહિસાબની ચોપડી તેમજ અન્ય સાહિત્ય-સામગ્રી આપીને અશિક્ષિત મહિલાઓ માટે સાક્ષરતાના વર્ગો લેવામાં આવે છે.

■ ખેડબ્રહ્મામાં આદિવાસી વિદ્યાર્થીઓ માટે છાત્રાલયનો પણ આરંભ કરવામાં આવ્યો છે. આદિવાસી બાળકો કોચિંગ ક્લાસ, વિશેષ અભ્યાસકીય માર્ગદર્શન વગેરેનો લાભ લઈને કારકિર્દીને ઉજ્જ્વળ બનાવે છે.

**૬. આરોગ્ય સેવાઓ :**

■ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા છેલ્લાં ૧૧ વર્ષોથી આ વિસ્તારમાં 'ફરતું દવાખાનું' આરોગ્ય સેવાનું એક વિશિષ્ટ માધ્યમ બની રહ્યું છે. કુલ ૨૭ ગામોમાં આ આરોગ્ય સેવાઓ ગતિમાન રહી છે.

■ સમયે સમયે અહીં રોગનિદાન યજ્ઞ યોજાતા રહે છે. ૨૦૧૦માં બી.એ.પી.એસ. અને મૅડિકલ વિંગ્સ ઇન્ટરનેશનલના સંયુક્ત ઉપક્રમે પોશીના ખાતે મૅડિકલ સારવાર યજ્ઞ અને નેત્રયજ્ઞ યોજાઈ ગયા. દેશ-વિદેશના કુલ ૧૬ નિષ્ણાત ડૉક્ટરોની ટીમ આ મેડિકલ કેમ્પમાં જોડાઈ હતી. કુલ ૨૭૦૦ આદિવાસીઓએ આ ત્રિદિવસીય મેડિકલ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં જરૂરતમંદ લોકોને વ્હીલચેર, વૉકર્સ અને વોકિંગસ્ટિક, ઉત્તમ ગુણવત્તાના શૂઝ વગેરેનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. ૫૦૦થી વધુ લોકોએ નેત્ર ચિકિત્સા કરાવી હતી અને ૪૫૦થી વધુ લોકોને ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**૭. જીવનશૈલીમાં પરિવર્તન :**

■ બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિને કારણે હજારો આદિવાસી પરિવારોમાં જીવનશૈલી અને જીવનધોરણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. જેમ કે, સ્વચ્છતા રાખવી, રોજ નાહવું-ધોવું, ઘર સ્વચ્છ રાખવું, ઘરમાં સુંદર ઘરમંદિર રાખવું, બાળકોને ભણાવવા, લઘુતાગ્રંથિમાંથી બહાર આવવું, વગેરે વિવિધ રીતે તેઓની પ્રગતિ થઈ છે. ધીમે ધીમે વ્યવહાર જ્ઞાન અને સાક્ષરતાના કારણે બજારની છેતરપિંડીથી તેઓ બચતા થયા છે.

ખાસ તો, હિંસા, શરાબ અને અન્ય વ્યસનોથી મુક્ત થવાને કારણે તેમનું જીવનધોરણ ખૂબ ઊંચું આવ્યું છે. ખોટા માર્ગે જતા પૈસા બચવાને કારણે દરેક પાસે માતબર બચત પણ થઈ છે અને પોતાનું એક સ્ટેટસ પણ મેળવ્યું છે.

■ પોશીના ક્ષેત્રના આદિવાસી યુવકોએ ગામડે ગામડે વિચરણ

(અનુસંધાન પૃષ્ઠ ૨૪ પર)

## મહાનુભાવોએ પૂર્વે વ્યક્ત કરેલા ઉદ્‌ગારો...

■ 'સદીઓથી જંગલોમાં વસતો આદિવાસી સમાજ તરછોડાયેલો, ઉપેક્ષિત હતો, પણ પ્રમુખસ્વામી મહારાજે તેને ગળે લગાવ્યો છે, ભેટ્યા છે. એના માટે આદિવાસી સમાજ વર્ષો સુધી એમનો ઋણી રહેશે. આદિવાસી વિસ્તારમાં વ્યસનમુક્તિનું સૌથી મોટું કામ જો કોઈએ કર્યું હોય તો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયે કર્યું છે. સરકારનો કાયદો અને વરદીવાળા જે નથી પળાવી શક્યા, એ કેસરી વસ્ત્રવાળાઓએ કર્યું છે અને એનાથી આદિવાસીઓમાં જબરજસ્ત ક્રાંતિ આવી છે. આ ક્રાંતિ લાવવામાં સ્વામિનારાયણ સંપ્રદાયનું યોગદાન સૌથી મહત્ત્વનું છે. આદિવાસી સમાજે આ ઋણ કોઈ સંજોગોમાં ભૂલવું ન જોઈએ.'

— **શ્રી કાનજીભાઈ પટેલ** (સાંસદ અને પૂર્વ વનમંત્રી)

■ 'આજથી ૨૫ વર્ષ પહેલાં પ્રમુખસ્વામી મહારાજે મને કહેલું કે એક દિવસ એવો આવશે કે આ વિસ્તાર સૌથી સમૃદ્ધ વિસ્તાર બનશે. એમની આ લાગણી અને પ્રેમને લીધે અહીં હજારો શિષ્યો બન્યા. એ સૌને પ્રમુખસ્વામીએ જે આચાર-વ્યવહાર શીખવ્યો ને જે ગુરુમંત્ર આપ્યો એ પારસમણિ રૂપે તમામના દિલમાં પડ્યો અને એમની અને એમનાં ઘરોની પણ કાયાપલટ થઈ ગઈ. જ્યાં પેઢીઓથી ઝૂંપડીઓ હતી ત્યાં પાકાં મકાન થઈ ગયાં. જે સ્વામિનારાયણના આશ્રિત બન્યા એમની પરિસ્થિતિ ૨૫ વર્ષ પહેલાં હતી એના કરતાં આજે સાવ જુદી થઈ ગઈ છે.'

— **શ્રી મોહનસિંહ રાઠવા** (લોકનેતા, પંચમહાલ)

■ 'આ પોશીના વિસ્તાર ભયંકરમાં ભયંકર વિસ્તાર છે. પરંતુ પ્રમુખસ્વામીજીની દૃષ્ટિ આ વિસ્તાર પર પડી છે. આપણે મહાભાગ્યશાળી છીએ કે આવા સંતે આપણો હાથ ઝાલ્યો છે. અહીં કેટલાંક ગામોમાં તો ખાસ્સું પરિવર્તન મેં જોયું છે. આ સમગ્ર વિસ્તારમાં આ સંસ્થાના સંતોથી સમૂળું પરિવર્તન થશે. પ્રમુખસ્વામીજીના પ્રતાપે આજે આદિવાસીઓ પણ શુદ્ધ બ્રાહ્મણની જેમ પૂજા કરે છે એ નાનોસૂનો ચમત્કાર નથી. હું દૃઢપણે માનતો થયો છું કે જ્યાં સુધી સત્સંગ ન હોય ત્યાં સુધી કોઈ વિકાસ થઈ શકે નહીં, કારણ કે આજથી ૨૨ વર્ષ પહેલાં આદિવાસીઓનાં વિકાસ અને પ્રગતિ માટે મેં સરકારી નોકરી છોડી દીધી હતી. મેં ઘણા પ્રોજેક્ટ બનાવ્યા. ઘણા રૂપિયા મેં ગુમાવ્યા છતાં હું જોઈએ એવું કામ કરી શક્યો ન હતો, પણ સત્સંગ થયા પછી અત્યારે આદિવાસીઓના પરિવર્તનને હું જોઈ શકું છું.'

— **શ્રી ગુલાબસિંહજી** (સામાજિક કાર્યકર, પોશીના સ્ટેટના રાજવી)

■ 'હું તો દરેક ગામમાં ફરવા જાઉં છું, કામ કરવા માટે જાઉં છું. સરકારી કામ અર્થે જાઉં છું. દરેક ગામમાં જુદા-જુદા પ્રશ્નો હોય... પણ દરેક ગામમાં એક વસ્તુ મેં જોઈ છે અને તે છે પ્રમુખસ્વામી મહારાજ માટે શ્રદ્ધાની ભાવના. અમે અમારા સરકારી કાર્યક્રમોને લઈને ગામમાં જઈએ છીએ ત્યારે અમારા કાર્યક્રમને સફળતા ઓછી મળે છે. પણ એમાં સ્વામિનારાયણ સત્સંગનો સાથ લઈએ છીએ ત્યારે અમને લાગે છે કે અમારા અને એ લોકો વચ્ચે સેતુ બની ગયો. લોકોને લોકો સુધી જોડવાનું કામ પ્રમુખસ્વામી મહારાજ આ વિસ્તારમાં કરી રહ્યા છે.'

— **શ્રી પંકજ કુમાર** (પૂર્વ જિલ્લા કલેક્ટર, વલસાડ)

■ 'બી.એ.પી.એસ. મંદિર કી ટીમ, સંત લોગ ઔર પ્રમુખસ્વામી મહારાજ કી ગતિવિધિયોં કે દ્વારા આદિવાસી સમાજ કે લિયે જો કાર્ય હો રહા હૈ વહ સચમુચ અદ્‌ભુત હૈ. લોગોં કો આપકે માર્ગદર્શન કી અત્યંત આવશ્યકતા હૈ. મંદિર મેં સબ આદિવાસી લોગોં કો યહાઁ આકર શાંતિ ઔર આનંદ પ્રાપ્ત હોતા હૈ.'

— **શ્રી ઓ. પી. કેલકર** (દાદરા-નગરહવેલી, પૂર્વ એડમિનિસ્ટ્રેટર)

■ 'કાયદો જે કામ કરી શકતો નથી, એ કામ અહીંના આદિવાસી વિસ્તારમાં પ્રમુખસ્વામી મહારાજે પ્રેમથી કર્યું છે, એને લીધે અમારું કામ ઘણું જ સરળ થઈ ગયું છે.'

— **શ્રી બાજપેયી** (પોલીસ અધિકારી, પોશીના, સાબરકાંઠા)

■ 'આ વિસ્તારમાં આપે પગ મૂક્યો એને લીધે આદિવાસીઓમાં આનંદની લહેર ફરી વળી છે. સરકારી તંત્ર કરતાં આપના સાધુઓ જે કરે એની અસર વિશેષ થાય છે. એનાથી આદિવાસીઓની જીવનશૈલી બદલાઈ જાય છે. વ્યસન મુકાઈ જાય છે. આ જિલ્લામાં આપ આદેશ કરો એ રીતે કાર્ય કરવું છે.'

— **શ્રી અરુણકુમાર સોલંકી** (કલેક્ટર, દાહોદ)

■ 'હું પહેલાં અત્યંત ગરીબ હતો. આઠ-આઠ દિવસ સુધી ભાજી ખાઈને પડી રહેતો એવું ગરીબીનું દુઃખ હતું, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના સત્સંગમાં આવ્યો અને મારાં વ્યસનો ગયાં. ગામમાં હરિમંદિર થયું. મારી સાથે મારા ગ્રામજનો પણ સુધર્યા અને એને કારણે તેઓની તો પ્રગતિ થઈ, પણ ગામની પણ ઉન્નતિ થઈ. પહેલાં તો અમે ઊઠીને દારૂ પીને ધમાલ-મસ્તી કરતા. આખો દિવસ દારૂમાં પડી રહેતા. રાત્રે ૮:૦૦ વાગે ઘરે આવીએ ત્યારે અમારી પાસે કશું જ રહેતું નહીં. ભૂખે મરવાનું અને બીજે દિવસે ઉધાર લઈને પાછું પીવાનું. ઉધારી આપનારા સવારના પહોરમાં પૈસા લેવા આવી જાય. અમારો આખો વિસ્તાર આવો જ હતો, પણ પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી આજે હું ચીંચપાડા અને અન્ય ૬ ગામનો સરપંચ છું. ૮૦૦ જેટલા લોકોએ સદાચારી જીવન જીવવાનો સંકલ્પ કર્યો છે અને એને પરિણામે જ્યારે દિલ્હીની ટીમ ગામ જોવા આવી ત્યારે સૌને આશ્ચર્ય થયું અને આજે 'નિર્મળ ગ્રામ'નો ઍવોર્ડ રાષ્ટ્રપતિ તરફથી મળ્યો છે. આજે મને અનુભવાય છે કે સ્વામીબાપાના આશીર્વાદ મળ્યા એ મારા માટે મોટામાં મોટો રાષ્ટ્રપતિ ઍવોર્ડ છે.'

— **શ્રી ગણેશભાઈ રાઉત** (ડાંગ જિલ્લાના ચીંચપાડા ગામના સરપંચ, રાષ્ટ્રપતિ દ્વારા 'નિર્મળ ગ્રામ' પુરસ્કાર વિજેતા)

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સહયોગથી પૌરાણિક તીર્થ હાંફેશ્વર મહાદેવ મંદિરમાં દ્વાદશ જ્યોતિર્લિંગની સ્થાપના



ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પર બંધાયેલા વિરાટ સરદાર સરોવરના નિર્માણ દરમ્યાન, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સહાયથી જેનું નવનિર્માણ કરવામાં આવ્યું છે, એ હાંફેશ્વર મહાદેવ મંદિર એક પૌરાણિક તીર્થસ્થાન છે. તેનું પૌરાણિક નામ કલહંસેશ્વર મહાદેવ મંદિર હતું. પૌરાણિક કથા છે કે અહીં કલહંસ ઋષિ, ભગવાન મહાદેવની તપશ્ચર્યા કરતા હતા, ત્યારે દેવરાજ ઇન્દ્ર તેઓની પરીક્ષા લેવા આવ્યા. પરીક્ષામાં પાર ઊતરેલા ઋષિ પર પ્રસન્ન થઈને ઇન્દ્રે માગવા કહ્યું. ઋષિએ કહ્યું, 'મારે ભગવાન મહાદેવનાં દર્શન કરવાં છે.' ઇન્દ્રના વરદાનથી કલહંસ ઋષિને આ પવિત્ર સ્થાન પર ભગવાન મહાદેવનાં દર્શન થયાં. ત્યારબાદ ઋષિની વિનંતીથી મહાદેવજી સદાય ભક્તોને દર્શન આપવા માટે અહીં બિરાજમાન થયા.

આ મહાદેવજીના મંદિરે પહોંચતાં ઢોળાવ અને ચઢાણને કારણે દર્શનાર્થી ભક્તોને શ્વાસ ચઢી જતો, જેને પ્રાદેશિક બોલીમાં 'હાંફ' કહે છે. તેને કારણે આ મંદિરનું 'હાંફેશ્વર' નામ પડ્યું.

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પર સરદાર સરોવર ડેમ બંધાયો, ત્યારે ડેમની ઊંચાઈ વધતાં તટ પર આવેલું હાંફેશ્વર મંદિર ડૂબમાં ગયું હતું. તેથી મહંતશ્રીને સરકારે મંદિર માટે નૂતન ભૂમિની ફાળવણી કરી હતી, પરંતુ મંદિરના નિર્માણકાર્યમાં વિલંબ અને અન્ય પ્રશ્નોને કારણે તત્કાલીન મહંતશ્રી મોહનદાસ મહારાજે વિરોધ કર્યો. ગુજરાત સરકારે પ્રમુખસ્વામી મહારાજને મધ્યસ્થી થવા વિનંતિ કરી. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પર સરદાર સરોવર બંધની ઊંચાઈ વધે અને ગુજરાતમાં હરિયાળી ક્રાંતિ આવે તે માટે સ્વામીશ્રીએ અથાક્ પુરુષાર્થ કર્યો હતો. તેમાં વધુ એક પ્રયત્ન પણ આદરી દીધો. અટલાદરા મંદિરમાં પ્રમુખસ્વામી મહારાજ અને હાંફેશ્વર મંદિરના મહંત વચ્ચે વિમર્શ થયો. મહંતશ્રીને સ્વામીશ્રીના વચનમાં દઢ વિશ્વાસ હોવાથી વિરોધ પરત ખેંચી લીધો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સંસ્થાના પ્લાનિંગ સેલના સંતો-સ્વયંસેવકોને આજ્ઞા કરીને મંદિરનું

નિર્માણ પૂર્ણ કરાવ્યું. સમયાંતરે નિર્માણ અંગે સ્વામીશ્રી યોગ્ય માર્ગદર્શન પણ આપતા રહ્યા. તેના ફળ સ્વરૂપે સુંદર મંદિર નિર્માણ પામી ગયું અને સ્વામીશ્રીએ પૂજેલા મહાદેવજીની પુનઃ સ્થાપના તેઓની આજ્ઞાથી મહંત સ્વામીજીના હસ્તે થઈ ગઈ.

વર્ષો પછી, હાંફેશ્વર મંદિરના વર્તમાન મહંત પૂજ્ય શ્રી નર્મદાદાસજીની ઇચ્છા દ્વાદશ જ્યોતિર્લિંગ પધરાવવાની હતી, પરંતુ છેલ્લાં ત્રણ વર્ષથી આ કાર્ય શક્ય બન્યું ન હતું. તેઓએ ફરીથી બી.એ.પી.એસ. સંસ્થાને વિનંતી કરી. મહંત સ્વામી મહારાજની આજ્ઞાનુસાર સંસ્થાએ આ કાર્ય હોંશે હોંશે ઉપાડી લીધું. દ્વાદશ જ્યોતિર્લિંગોની સ્થાપનાની સાથે સાથે મહંતશ્રી તથા સૌની આગ્રહભરી ઇચ્છાથી હાંફેશ્વર મંદિરના પુનઃનિર્માણના પ્રણેતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રતિમા પધરાવવાનું પણ નક્કી થયું. ગુરુશિખરનું નિર્માણકાર્ય પૂર્ણ થતાં મહાશિવરાત્રીનો પ્રતિષ્ઠાવિધિ નિર્ધારિત થયો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૦-૨-૨૦૨૨ના રોજ અટલાદરા ખાતે હાંફેશ્વર મહાદેવ મંદિરમાં વિરાજમાન થનાર દ્વાદશ જ્યોતિર્લિંગોનું પૂજન કરવામાં આવ્યું હતું. મહંતશ્રી નર્મદાદાસજી મહારાજ પણ આ વિધિમાં જોડાયા. આ દ્વાદશ જ્યોતિર્લિંગોનો વેદોક્ત સ્થાપનાનો પૂર્વાર્ધ વિધિ તા. ૨૮-૨-૨૦૨૨ના રોજ હાંફેશ્વર મહાદેવ મંદિર ખાતે મહંત પૂજ્યશ્રી નર્મદાદાસજી તથા પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં આરંભાયો. સંસ્થાના વિદ્વાન સંત શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ જ્યોતિર્લિંગોનો વેદોક્ત પૂજનવિધિ કરાવ્યો. શિવપુરાણના આધારે ક્રમાનુસાર ઉપશિખરોમાં શિવલિંગોના સ્થાપનવિધિમાં ગામના સરપંચશ્રી તથા અન્ય અગ્રણીઓ, ભક્તો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

તા. ૧-૩-૨૦૨૨ મહાશિવરાત્રીના રોજ માંગલિક દિને સવારે હાંફેશ્વર મહાદેવના મુખ્ય મંદિરમાં પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામી, નારાયણભૂષણદાસ સ્વામી, મહંતશ્રી નર્મદાદાસજી તથા યજમાનો દ્વારા શિવ મહાપૂજા તથા અભિષેક સંપન્ન થયો. ત્યારબાદ જ્યોતિર્લિંગોનો સ્થાપન-વિધિ સંપન્ન થયો. પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરત ખાતે પ્રતિષ્ઠિત કરેલી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિનો સ્થાપનવિધિ પણ સંતોની ઉપસ્થિતિમાં ગુરુ-શિખરમાં સંપન્ન થયો.

પ્રતિષ્ઠાસભા બાદ પ્રાસંગિક ઉત્સવસભા યોજાઈ હતી. જેમાં પૂજ્ય મહંતશ્રી નર્મદાદાસજી, શ્રી રમેશભાઈ રાઠવા, શ્રી જયંતીભાઈ ડુંગરભીલ(સરપંચ), પૂર્વ સરપંચ શ્રી રમણસિંહ રાઠવા, શ્રી બલજીભાઈ ભગત તથા શ્રી ગુલસિંહ ડુંગરભીલ, શ્રી મહેશભાઈ પરીખ, શ્રી હસમુખભાઈ પરીખ, યજમાનશ્રી દુર્લભભાઈ ભાલાળા (સુરત), શ્રી ચંદ્રકાન્તભાઈ (યુ.એસ.એ.), ડૉ. અમિતભાઈ પટેલ (બોડેલી) વગેરે ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સનાતન હિન્દુધર્મ અને મહાદેવજીના આ પ્રાચીન મંદિર પ્રત્યેની પ્રમુખસ્વામી મહારાજની અસ્મિતા-ભાવનાને બિરદાવી. સરદાર સરોવર ડેમના બાંધકામના અનેક પ્રશ્નોનું નિરાકરણ કરવામાં પ્રમુખસ્વામી મહારાજે આપેલા યોગદાનનું પણ સૌએ ભાવપૂર્વક સ્મરણ કર્યું હતું. હાંફેશ્વર મંદિરના સેવક શ્રી રમેશભાઈએ બી.એ.પી.એસ. સંસ્થાના આ સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. અહીં ઉપસ્થિત આ વિસ્તારના મહંત શ્રી રામવિહારીદાસજી અને શ્રી ભગવાનદાસજીનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. વિશેષ સેવા કરનાર સેવાભાવીઓની સેવાને સંતોએ બિરદાવી હતી. ◆





# આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત શ્રી સદ્‌ગુરુ જગ્ગી વાસુદેવજી લંડનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની દર્શન-મુલાકાતે...





આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ધર્મગુરુ અને મોટિવેશનલ સ્પીકર શ્રી સદ્‌ગુરુ જગ્ગી વાસુદેવ, તા. ૧૯ માર્ચ ૨૦૨૨ શનિવારના રોજ લંડન ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની દર્શન-મુલાકાતે પધાર્યા હતા.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજ વતી સંસ્થાના ટ્રસ્ટીઓ અને યોગવિવેકદાસ સ્વામીએ શ્રી સદ્‌ગુરુનું ભારતીય પરંપરા મુજબ સ્વાગત કર્યું હતું.

સદ્‌ગુરુજીએ મંદિરના ગર્ભગૃહમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ભગવત્સ્વરૂપોનાં દર્શન કરીને ભાવાંજલિ અર્પણ કરીને શ્રી નીલકંઠ વર્ણી મહારાજનો અભિષેક કર્યો હતો. ત્યારબાદ સદ્‌ગુરુજીની ઉપસ્થિતિમાં યુ.કે.ના હિંદુ સમુદાયના અગ્રણીઓ તથા બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોનું સ્નેહમિલન યોજાયું હતું. આ સ્નેહમિલનમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા કોરોના કાળ દરમ્યાન કરવામાં આવેલી સેવાઓ તથા યુક્રેન-રશિયા યુદ્ધ દરમ્યાન બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા કરવામાં આવેલી સેવાઓની માહિતી મેળવીને સૌ વિશેષ પ્રસન્ન થયા હતા.

સંધ્યા સમયે મંદિરના વિશાળ સભાગૃહમાં સદ્‌ગુરુજીની ઉપસ્થિતિમાં એક વિશિષ્ટ સભા યોજાઈ ગઈ, જેમાં લોર્ડ રામી રેન્જર, બોબ બ્લેકમેન (એમ.પી), વીરેન્દ્ર શર્મા (એમ.પી) તથા હિન્દુ મંદિરો અને અન્ય સંગઠનોના અગ્રણીઓ સહિત અનેક મહાનુભાવો અને હજારો ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સભા દરમ્યાન એક ઈન્ટરેક્ટિવ સંવાદ દરમ્યાન, સદ્‌ગુરુજીએ તેમના વૈશ્વિક 'સેવ સોઈલ' અભિયાનને સમજાવ્યું હતું. સાથે સાથે કાર્બનિક સામગ્રી ન વધારવાની જરૂરિયાત વિશે જાગૃતિ લાવવા સમજ આપી હતી. તેમણે તેમની ૧૦૦ દિવસમાં ૨૫ દેશોમાં ૩૦,૦૦૦ કિલોમીટર - લંડનથી ભારતમાં કાવેરી સુધીની તેમની અવિશ્વસનીય સોલો મોટરબાઈક યાત્રા વિશે વિગતવાર વર્ણન પણ કર્યું હતું. સદ્‌ગુરુજીએ બી.એ.પી.એસ. સંસ્થાના કાર્યને વધાવતાં જણાવ્યું હતું કે ''જ્યારે મનુષ્ય પોતાના જીવનની બહાર કંઈક કરવા માટે પ્રતિબદ્ધ હોય છે, ત્યારે તે એવું કંઈક પ્રાપ્ત કરી શકે છે કે જે કલ્પનાની બહાર હોય છે. તે જ હું અહીં મંદિરમાં જોઈ રહ્યો છું.''

તેમણે મંદિરના નિર્માણકાર્યની પ્રશંસા કરીને મંદિરમાં સમર્પણ કરનારા સૌને ધન્યવાદ પાઠવ્યા હતા. સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજના આ કાર્યને હૃદયથી અંજલિ અર્પણ કરી હતી. સાથે સાથે તેમણે જણાવ્યું હતું કે 'આ એવું કાર્ય છે જે આવનારા લાંબા સમય સુધી અનેકને પ્રેરણા આપતું રહેશે.' ત્યારબાદ અગ્રણી સ્વયંસેવક શ્રી નીતિનભાઈ પલાણે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષ નિમિત્તે થનારા કાર્યક્રમોની માહિતી આપીને તેઓનો આભાર માન્યો હતો. ◆

## પૂજ્ય પરમવિવેકદાસ સ્વામી : પીએચ.ડી. થયા



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, સારંગપુરમાં રહીને સંતો ગુરુહરિની આજ્ઞાથી આપણાં પ્રાચીન શાસ્ત્રો તેમજ સાંપ્રદાયિક ગ્રંથોમાં શાસ્ત્રીય પદ્ધતિથી ઊંડાણ પ્રાપ્ત કરે છે. આ શૃંખલામાં પૂજ્ય પરમવિવેકદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી દિલ્હી યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગમાંથી 'The Brahmavidyā of the Muṇḍaka Upaniṣad in Perspective of the Svāminārāyaṇa Darśana' વિષય પર મહાનિબંધ રચીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ મહાનિબંધમાં તેઓએ, મુંડક ઉપનિષદમાં જે બ્રહ્મવિદ્યાનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે જ અક્ષરપુરુષોત્તમ દર્શન છે અને બ્રહ્મવિદ્યાનો આ મર્મ અન્ય શાસ્ત્રોને પણ સમજવા માટે ચાવીરૂપ બની જાય છે - આ રહસ્યને ઉદ્‌ઘાટિત કર્યું છે.

અંગ્રેજી ભાષાના સંસ્કૃત વિદ્વાનોમાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત પ્રસારવાની આ સેવા બદલ તેઓએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. તેઓને આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિવંદન.

## શ્રી અવિનાશ જતીનભાઈ ઠક્કર : 'યુ.એસ. પ્રેસિડેન્શિયલ સ્કોલર'થી સન્માનિત



યુ.એસ.એ.ના બી.એ.પી.એસ. યુવા સત્સંગપ્રવૃત્તિના તેજસ્વી યુવાન શ્રી અવિનાશ જતીનભાઈ ઠક્કરને અમેરિકન સરકારે સમગ્ર અમેરિકાના અતિ તેજસ્વી વિદ્યાર્થીઓમાં પસંદ કરીને 'યુ.એસ. પ્રેસિડેન્શિયલ સ્કોલર-૨૦૨૧' તરીકે બહુમાન આપીને બિરદાવ્યા છે. અમેરિકા અને વિશ્વભરમાં જેનું સૌથી વધુ મહત્ત્વ રહ્યું છે એવું રાષ્ટ્રપ્રમુખ તરફથી અપાતું આ સર્વોચ્ચ સન્માન 'યુ.એસ. પ્રેસિડેન્શિયલ સ્કોલર' મેળવીને તેમણે સંસ્થાનું ખૂબ ગૌરવ વધાર્યું છે. ખૂબ નાની ઉંમરે આવાં અન્ય વિદ્યાર્થી-સન્માનો પણ તેમણે મેળવ્યાં છે. શ્રી અવિનાશ હાલ અમેરિકાની પ્રસિદ્ધ સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરીને તેજસ્વી કારકિર્દી ઘડી રહ્યા છે. સંસ્થાનું ગૌરવ વધારવા બદલ તેમને હાર્દિક અભિનંદન.

## ડૉ. ઘનશ્યામભાઈ કાકડિયા : 'યંગ ઇનવેસ્ટિગેટર એવોર્ડ-૨૦૨૨'




બી.એ.પી.એસ. મંદિર, સુરતના સંનિષ્ઠ હરિભક્ત અને સ્પાઇન સર્જન ડૉ. ઘનશ્યામભાઈ કાકડિયાને હાડકાં, કમર અને મણકાની ઉંમરને કારણે થતી બીમારી અને તેની સારવારના તેમના કાર્યની નોંધ લઈ આંતરરાષ્ટ્રીય ઓસ્ટિઓપોરોસિસ સંસ્થા(WOF) દ્વારા સમગ્ર વિશ્વમાંથી 'યંગ ઇનવેસ્ટિગેટર એવોર્ડ-૨૦૨૨' માટે પસંદ કરવામાં આવેલ છે. WOF દ્વારા આ એવોર્ડ માટે પસંદ થયેલ આ પ્રથમ ભારતીય ડૉક્ટર છે. ૨૫ માર્ચના રોજ બર્લિન-જર્મનીમાં યોજાનાર વર્લ્ડ ઓસ્ટીઓપોરોસિસ કોંગ્રેસ ૨૦૨૨માં આ ઍવોર્ડ અપાયો છે. આ ઉપરાંત ડૉ. ઘનશ્યામભાઈને ઇન્ટરનેશનલ સોસાયટી ઑફ ઑર્થોપેડિક દ્વારા ટ્રાવેલિંગ ઍવોર્ડ ૨૦૨૧ (બુડાપેસ્ટ-હંગેરી) અને યંગ રિસર્ચ ઍવોર્ડ ૨૦૧૯(ઓમાન) પણ મળેલ છે. તેઓને હાર્દિક અભિનંદન.

## સારંગપુર ખાતે સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ સોમનાથ યુનિવર્સિટીમાં હાંસલ કર્યું તેજસ્વી પરિણામ



ભૌતિક બેલડિયા

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરમાં સંતો તથા યુવકો ઉત્સાહભેર અભ્યાસ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓએ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યું છે. આ પૈકી ભૌતિક રમેશભાઈ બેલડિયાએ આચાર્ય (એમ.એ.) કક્ષામાં ૮૯.૪૫% મેળવીને યુનિવર્સિટીની તમામ શાખાઓમાં સર્વપ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. હાર્દિક અભિનંદન.



સૌરવ કોટડિયા




સાગર હીરાણી

આ ઉપરાંત, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાંથી શ્રી સૌરવ લાલજીભાઈ કોટડિયાએ શાસ્ત્રી (બી.એ.) કક્ષામાં ૮૭.૫૦% મેળવીને યુનિવર્સિટીની તમામ શાખાઓમાં સર્વપ્રથમ ક્રમાંક સાથે સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો છે. તેમજ સાગર દેવરાજભાઈ હીરાણીએ આ જ કક્ષામાં ૮૬.૫૦% મેળવીને યુનિવર્સિટી દ્વારા દ્વિતીય ક્રમાંક સાથે રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો છે.


આવા ઉચ્ચ પરિણામ દ્વારા વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. સૌને હાર્દિક અભિનંદન.

### પૂજ્ય સર્વજ્ઞદાસ સ્વામી, જૂનાગઢ, ઉં.વ. ૪૬, અક્ષરવાસ તા. ૧૩-૩-૨૦૨૨



જૂનાગઢ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં સેવા કરતા પૂજ્ય સર્વજ્ઞદાસ સ્વામીએ સન ૧૯૯૯માં પાર્ષદી અને સન ૨૦૦૧માં ભાગવદી દીક્ષા ગ્રહણ કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. સ્વામીશ્રીની આજ્ઞાથી તેઓ જૂનાગઢ ખાતે બી.એ.પી.એસ. મંદિરમાં સન ૨૦૦૬થી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની સેવા-પૂજામાં જોડાયા હતા. તેઓએ ૧૮ વર્ષ સુધી અત્યંત મહિમા અને ભક્તિભાવથી એકધારી પૂજારી-સેવા કરી હતી. તેઓના જીવનમાં આહ્નિકની દૃઢતા વિશેષ હતી. સન ૨૦૧૮માં તેમને બ્રેઈન ટ્યુમર હોવાનું નિદાન થયું ત્યારથી તેઓને અનેકવિધ મુશ્કેલીઓ રહેતી, છતાં પણ પાંચ સમયની આરતી, કથાશ્રવણ વગેરે આહ્નિક તેઓ ભક્તિભાવપૂર્વક કરતા. બીમારી દરમ્યાન તેમને ઘણું સહન કરવાનું થતું, પણ તેઓએ દેહના દુઃખને ક્યારેય ગણકાર્યું નહોતું અને પ્રાપ્તિનો કેફ રાખીને તેમાં ઘણી સ્થિરતા રાખી હતી. ત્રણેક વર્ષની બીમારી બાદ મહારાજ-સ્વામીએ તેમને પોતાની સેવામાં લઈને સુખિયા કર્યા છે. તેઓના અક્ષરવાસથી સેવાભાવી અને સાધુતાયુક્ત યુવાન સંતની બી.એ.પી.એસ. સંસ્થાને મોટી ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ..

### ભક્તરાજ શ્રી જશભાઈ પી. પટેલ, લંડન, ઉં.વ. ૮૯, અક્ષરવાસ તા. ૫-૩-૨૦૨૨



યુ.કે.ના સંનિષ્ઠ ભક્તરાજ શ્રી જશભાઈ પટેલના અક્ષરવાસથી સંસ્થાને એક પીઢ અને પાયાના હરિભક્તની ખોટ પડી છે. શ્રી જશભાઈનું મૂળ વતન તીર્થધામ વડતાલ. સત્સંગ તેમને વારસામાં મળ્યો હતો, પરંતુ વ્યવસાય અર્થે પૂર્વ આફ્રિકામાં યુગાન્ડા ખાતે ટરોરો સ્થળાંતરિત થયા ત્યારે ભક્તરાજ મગનભાઈ વગેરેના યોગે અક્ષરપુરુષોત્તમ ઉપાસના દૃઢ થઈ. સન ૧૯૫૫ અને ૧૯૫૯-૬૦ની યોગીજી મહારાજની આફ્રિકા યાત્રા દરમ્યાન સત્સંગનો રંગ વિશેષ ઘેરો બન્યો. સન ૧૯૬૭માં તેઓ પરિવાર સાથે યુ.કે.માં લંડન ખાતે સ્થાયી થયા. અહીં યોગીજી મહારાજની આજ્ઞાથી મંદિર નિર્માણ અને સત્સંગ-વિકાસના કાર્યમાં તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે લંડનમાં નિસડન ખાતે ઐતિહાસિક શિખરબદ્ધ મંદિર રચ્યું તેના નિર્માણમાં પણ તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું. યુ.કે.માં બી.એ.પી.એસ. સંસ્થાના સક્રિય ટ્રસ્ટી તરીકે પણ તેઓએ વર્ષો સુધી સેવાઓ આપી. તેઓ જીવનભર એક જ્ઞાની હરિભક્ત તરીકે કથાવાર્તા કરીને અનેકને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરાવતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેઓએ યુ.કે., આફ્રિકા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, દૂર-પૂર્વના દેશો તેમજ અમેરિકા ખાતે સત્સંગ પ્રવાસ કરીને કથાવાર્તા દ્વારા અનેકને સત્સંગનો રંગ લગાડ્યો હતો. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજથી લઈને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પર્યંત ચાર-ચાર ગુણાતીત ગુરુઓનો તેઓએ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓના અક્ષરવાસથી સંસ્થાને ખૂબ મોટી ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી બળવંતરાય પ્રાણશંકર ભટ્ટ, અમદાવાદ, ઉં.વ. ૯૧, અક્ષરવાસ તા. ૧૫-૧-૨૦૨૨



ગાંધીનગર ખાતે સ્વામિનારાયણ અક્ષરધામમાં વર્ષો સુધી સેવારત રહેનાર અને સંસ્થાના પીઢ હરિભક્ત શ્રી બળવંતરાય ભટ્ટ મૂળ ઉમરેઠના વતની. તેમના પિતાશ્રી પ્રાણશંકર પ્રભાશંકર ભટ્ટ કોર્ટમાં નાઝીર તરીકે ફરજ બજાવતા હતા એ દરમ્યાન બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો યોગ થતાં તેઓ તેમના શિષ્ય બન્યા હતા. શાસ્ત્રીજી મહારાજ ઉમરેઠમાં અવારનવાર તેમના ઘરે પધારતા હતા. તેનાથી શ્રી બળવંતરાય અને તેમના ભાઈ વિષ્ણુભાઈ(કોઈમ્બતુર)ને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાનો રંગ લાગી ગયો હતો. સન ૧૯૫૪થી બળવંતરાય મુંબઈ ખાતે વિદ્યાભ્યાસ માટે ગયા ત્યારે યોગીજી મહારાજની આજ્ઞાથી શરૂ થયેલા પ્રથમ બી.એ.પી.એસ. યુવકમંડળનું સુકાન સંભાળ્યું હતું. તે સમયે વિદ્યાર્થી અવસ્થામાં રહેલા મહંત સ્વામી મહારાજ, ડૉક્ટર સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે સાથે યોગીજી મહારાજના વિચરણમાં જોડાઈને તેમણે યોગીજી મહારાજની સેવાઓનો ખૂબ લાભ લીધો હતો. તેઓ વ્યવસાય અર્થે જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં સેવા-સત્સંગમાં અગ્રેસર રહ્યા. રાણાવાવ, છોટાઉદેપુર વગેરે સ્થળોએ પ્રમુખસ્વામી મહારાજે તેમને ત્યાં પધારીને તેમને ખૂબ લાભ આપ્યો હતો. સન ૧૯૮૮માં ગાંધીનગર ખાતે સ્વામિનારાયણ અક્ષરધામનું નિર્માણકાર્ય ચાલતું હતું ત્યારે પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેઓએ તેની સેવામાં જાતને સમર્પિત કરી દીધી હતી. સતત ૨૨ વર્ષ સુધી તેઓએ ગાંધીનગર અક્ષરધામમાં રહીને ખૂબ મહત્ત્વપૂર્ણ સેવાઓ કરી. તેઓના સુપુત્રોને પણ એ સેવાના સંસ્કાર પ્રાપ્ત થયા છે. આવા સંનિષ્ઠ ભક્તરાજની વિદાયથી સંસ્થાને મોટી ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## ભક્તરાજ શ્રી ચંદ્રકાન્તભાઈ પટેલ, લંડન, ઉં.વ. ૮૦, અક્ષરવાસ તા. ૮-૩-૨૦૨૨



ભક્તરાજ શ્રી ચંદ્રકાન્તભાઈ પટેલના અક્ષરવાસથી લંડનના બી.એ.પી.એસ. સત્સંગમંડળને એક સંનિષ્ઠ અને પાયાના ભક્તરાજની ખોટ પડી છે. તેઓ મૂળ ચરોતરના પોરડાના વતની. પૂર્વે આફ્રિકા અને ત્યારબાદ સન ૧૯૭૩માં લંડનમાં સ્થાયી થઈને વર્ષો સુધી સત્સંગ વિકાસમાં એક અદના સેવક તરીકે વિવિધ સેવાઓ આપીને તેમણે પ્રમુખસ્વામી મહારાજને ખૂબ રાજી કર્યા હતા. તેમણે ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે પોતાના સુશિક્ષિત પુત્રને સ્વામીશ્રીની સેવામાં અર્પણ કરીને (હાલ સાધુ પુરુષોત્તમપ્રિયદાસ) સ્વામીશ્રીનો વિશેષ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેમણે આપેલી સેવાઓ અનેકને પ્રેરણાઓ આપતી રહી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શાળા તથા છાત્રાલય, નાગપુર — પ્રવેશ અંગે

મહારાષ્ટ્ર રાજ્યના નાગપુર શહેરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સંચાલિત શાળામાં વિદ્યાર્થીઓ (CBSE, અંગ્રેજી માધ્યમમાં) સંસ્કાર સાથે ઉચ્ચપ્રકારનું અતિ આધુનિક પદ્ધતિથી શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. સાથે નવનિર્માણ પામેલા સ્વામિનારાયણ છાત્રાલયમાં વિદ્યાર્થીઓને શારીરિક તથા બૌદ્ધિક વિકાસ સાથે સંસ્કારયુક્ત જીવન જીવવાના પાઠ શીખવવામાં આવે છે. અહીં પ્રફુલ્લિત અને આધ્યાત્મિક વાતાવરણ, સાત્ત્વિક અને પોષણયુક્ત ભોજન, રહેવાની અને ભણવાની ઉત્તમ વ્યવસ્થા, રમવા માટે ઈન્ડોર તથા આઉટડોર પ્લેગ્રાઉન્ડ તેમજ સંતોના માર્ગદર્શન વચ્ચે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય છે.

**ધો. ૫ થી ૯ના પ્રવેશ અંગે (ફક્ત બાળકો માટે જ) :** નીચે આપેલ લિંક ઓપન કરીને એનરોલમેન્ટ ફોર્મ ભરવું જરૂરી છે.

Enrollment form Link: http://gg.gg/apcnagpur

શાળા તથા છાત્રાલયમાં પ્રવેશ માટે વિદ્યાર્થીએ પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે. તથા વિદ્યાર્થી અને માતા-પિતાનો ઈન્ટરવ્યૂ લેવામાં આવશે, તેના આધારે જ પ્રવેશ આપવામાં આવશે. શાળા તથા છાત્રાલયમાં પ્રવેશ અંગેની વિશેષ માહિતી માટે છાત્રાલય ઑફિસનો સંપર્ક કરવો. (વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મળશે.)

**સરનામું:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, વાઠોડા રીંગ રોડ, નાગપુર, મહારાષ્ટ્ર-૪૪૦૦૩૫. **ફોન નં:** + ૯૧ ૯૫૬૧૧૧૨૪૯૫

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શાળા તથા છાત્રાલય, સારંગપુર — સ્ટાફ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુરમાં જૂન ૨૦૨૨થી શરૂ થતા નવા સત્રથી ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ માટે, પ્રાઈમરી, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ પ્રવાહ)માં સેવાભાવી સ્ટાફની જરૂરિયાત છે.

**વિષય:** ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન, એકાઉન્ટ, આંકડાશાસ્ત્ર, ઈકોનોમિક્સ, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી તથા ભાષા વિષયના અનુભવી અને તજજ્ઞ શિક્ષકોએ વિષયના ઉલ્લેખ સાથે અરજી કરવી.

**લાયકાત:** B.Sc., M.Sc., B.E., B.Tech, Diploma, B.Pharm, M.Pharm, B.B.A., M.B.A. P.T.C., B.A., M.A., B.B.A., M.B.A., B.Ed.

**છાત્રાલય માટે:** ગૃહપતિ, ક્લાર્ક, કમ્પ્યૂટર ઓપરેટર, એકાઉન્ટન્ટ, મૅનેજર, સુપરવાઈઝર, સંગીત, મેન્ટેનન્સ, સ્વચ્છતા તથા અન્ય સ્ટાફે પણ બાયોડેટામાં મોબાઈલ નંબર અને પગારની અપેક્ષા સાથે Email: admin.svmrg@baps.edu.in પર મેલ કરવો. અથવા Whats App - ૭૦૬૯૦૬૫૬૦૮ નંબર ઉપર અથવા ટપાલ દ્વારા ૧૫ દિવસમાં નીચેના સરનામે અરજી કરવી.

**સરનામું:** બી.એ.પી.એસ. વિદ્યામંદિર, સારંગપુર, તા. બરવાળા, જિ. બોટાદ, મો. ૯૯૯૮૯૯૫૫૭૭, ૯૪૨૭૦૪૧૦૦૧.

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ ગુરુકુળ, ગોંડલ — સ્ટાફ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સંચાલિત ગોંડલ ગુરુકુળમાં જૂન ૨૦૨૨થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ માટે છાત્રાલયમાં નીચે મુજબ લાયકાત ધરાવતા નિષ્ઠાવાન અને સેવાભાવી સ્ટાફની જરૂરિયાત છે.

**છાત્રાલય માટે:** રેક્ટર (ગ્રેજ્યુએટ અથવા ધોરણ ૧૨ પાસ), વાળંદ, ઈલેક્ટ્રિશિયન, દરજી, સિક્યુરિટી, સફાઈ કર્મચારી વગેરે અન્ય સ્ટાફની પણ જરૂરિયાત છે. લાયકાત ધરાવતા ઉમેદવાર (માત્ર પુરુષ જ)એ પોતાના ફોટા સાથેનો સંપૂર્ણ બાયોડેટા Email દ્વારા ૧૫ દિવસમાં મોકલી આપવા વિનંતી.

**સરનામું:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, અક્ષરમંદિર સામે, યોગીનગર, ગોંડલ. ૩૬૦૩૧૧

**મો.:** ૯૯૯૮૯૯૨૨૯૦, ૭૦૬૯૦૬૩૧૩૧, ૦૨૮૨૫-૨૩૧૨૩૧ Email : admin.svmgdl@baps.edu.in

# યુક્રેન-રશિયા યુદ્ધમાં ફસાયેલા ભારતીયો અને અન્ય લોકોની સેવામાં પોલેન્ડ-યુક્રેનની સરહદે પહોંચ્યા બી.એ.પી.એસ.ના સ્વયંસેવકો



વિશ્વભરમાં જ્યારે જ્યારે પણ કુદરતી કે માનવ સર્જિત આપત્તિઓ આવી પડે છે ત્યારે આપત્તિગ્રસ્તોની સેવામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા પહોંચી જાય છે.

તાજેતરમાં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ છેડાયું છે. આધુનિક ટેક્નોલોજીથી સજ્જ રશિયાની મિલિટરીએ યુક્રેનનાં જુદાં જુદાં શહેરોમાં જીવલેણ આક્રમણો દ્વારા જાહેર મિલકતોને ખૂબ જ નુકસાન પહોંચાડ્યું, હજારો નિર્દોષ નાગરિકો મૃત્યુ પામ્યા, લાખો લોકો બેઘર બન્યા, ખૂબ જ ભયજનક વાતાવરણ સર્જાયું. આ બધી ભયાનક અસરોથી યુક્રેનમાં રહેતા હજારો ભારતીયો, ઉચ્ચ અભ્યાસ અર્થે યુક્રેન ગયેલાં ૧૮,૦૦૦ જેટલાં યુવક-યુવતીઓ કેવી રીતે બચી શકે? યુદ્ધના કારણે આ ભારતીયો પણ ખૂબ જ વિકટ પરિસ્થિતિમાં મુકાયાં હતાં. તેઓ હિજરત કરીને યુક્રેનની સરહદને અડીને આવેલા પોલેન્ડ, રોમાનિયા અને હંગેરી દેશમાં આશ્રય લેવા મજબૂર બન્યા હતાં. આ બે દેશોની સરહદ પર ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓ માટે કોઈપણ પ્રકારની રહેવા, જમવાની કે અન્ય વ્યવસ્થા ન હોવાથી તેઓ ખૂબ જ મુશ્કેલીમાં મુકાયા હતાં. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકાર આ અસરગ્રસ્ત ભારતીયોને વતન પરત લાવવા માટે તમામ સ્તરે સઘન પ્રયાસો કરી રહી હતી. તેના એક ભાગરૂપે યુક્રેનની સરહદે પહોંચેલાં ભારતીયોને ભોજન પૂરું પાડવાની અને અન્ય સહાયની સત્વરે આવશ્યકતા હતી.

તા. ૨૭-૨-૨૦૨૨ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મોડી રાતે બ્રહ્મવિહારીદાસ સ્વામીને ફોન કરીને પોલેન્ડ, રોમાનિયા અને હંગેરીની સરહદો પર અસહ્ય ઠંડીમાં ભૂખ-તરસ વેઠીને આવેલા ભારતીય વિદ્યાર્થીઓની સાર-સંભાળ લેવા અંગે સત્વરે કાર્યવાહી કરવા માટે બી.એ.પી.એસ. સંસ્થાને જણાવ્યું હતું. આપત્તિકાળની અનેકવિધ વિષમ પરિસ્થિતિઓમાં મદદ માટે પહોંચી વળવાનો વર્ષોનો અનુભવ ધરાવતી બી.એ.પી.એસ.

સંસ્થાએ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ આ વિદ્યાર્થીઓની મદદ માટે શીઘ્રતાથી ચક્રો ગતિમાન કર્યાં, જેનું સંયોજન બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સંભાળ્યું. લંડન મંદિરના કોઠારી યોગવિવેકદાસ સ્વામી અને યુરોપમાં સત્સંગવિચરણ કરતા મનોહરમૂર્તિદાસ સ્વામી પણ તેમાં જોડાયા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે યુરોપના જુદા જુદા દેશોમાં વસતા બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોને બચાવ કામગીરીમાં જોડાવાની આજ્ઞા કરી.

ગુરુવર્યની આજ્ઞાને શિરોધાર્ય કરતાં બીજા જ દિવસથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના યુરોપ સ્થિત ઇંગ્લેન્ડ, આયર્લેન્ડ, ફ્રાન્સ, સ્વિત્ઝર્લેન્ડ, ઇટલી, જર્મની ખાતેના સ્વયંસેવકો સરહદ પર પહોંચી ગયા. ફ્રાન્સ અને સ્વિત્ઝર્લેન્ડથી સતત ૨૨ કલાકનું ડ્રાઇવ કરીને મોબાઇલ કિચનવાન સાથે બી.એ.પી.એસ.ના અગ્રણી સ્વયંસેવક શ્રી ચિરાગભાઈ ગોદીવાલા, શૈલેશભાઈ ભાવસાર, કેયૂરભાઈ ભટ્ટ, કમલેશભાઈ પટેલ, અમિતભાઈ પટેલ તેમજ અન્ય સ્વયંસેવકો યુક્રેન-પોલેન્ડની સરહદ પાસેના રેસઝોવ નગરમાં પહોંચીને વિદ્યાર્થીઓની સેવામાં દિવસ-રાત લાગી ગયા હતા.

ધર્મ, દેશ કે જાતિનો કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વગર સરેરાશ રોજ સેંકડો વિદ્યાર્થીઓને શાકાહારી ગરમ ભોજન આપીને આ સ્વયંસેવકોએ તેઓની આંતરડી ઠારી હતી. માઇનસ ત્રણ કે ચાર ડિગ્રી તાપમાન વચ્ચે બે-ત્રણ દિવસથી પગપાળા આવેલા ભારતીય વિદ્યાર્થીઓને અહીં ગરમ ભારતીય ભોજન મળતાં તેઓએ હાશકારો અનુભવ્યો હતો. કેટલાક વિદ્યાર્થીઓ પોતાનો સામાન ઊંચકીને એક દિવસમાં ૪૦ થી ૫૦ કિલોમીટર જેટલું અંતર કાપીને અહીં સુધી પહોંચ્યા હતા. તેમની આ દયનીય હાલત જોઈને સંસ્થાના સ્વયંસેવકો પણ ભાવુક બની ગયા હતા. પરિવારના સભ્યોની જેમ જ સ્નેહપૂર્વક ગરમ ભોજન તેમજ હૂંફ આપીને સ્વયંસેવકોએ વિદ્યાર્થીઓને જાણે નવી જિંદગી આપી હતી! બી.એ.પી.એસ. સંસ્થાએ શરણાર્થીઓને રહેવા માટેની સુવિધાઓ અને તબીબી સહાયનું આયોજન પણ કર્યું હતું.

## ■ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો સંદેશ

વડાપ્રધાનશ્રીએ નિર્દેશ આપ્યો અને એક-દોઢ દિવસમાં જ પોલેન્ડમાં તાત્કાલિક ધોરણે સેવાકાર્ય શરૂ થઈ ગયું, બીજી તરફ વીડિયો સંદેશ દ્વારા મહંત સ્વામી મહારાજે યુ.કે. અને યુરોપના વધુ સ્વયંસેવકોને તેમાં જોડાવા માટે હાકલ કરી. સ્વામીશ્રીએ સૌને જણાવ્યું કે ‘રશિયાના યુદ્ધને કારણે, યુક્રેનમાં અસંખ્ય નિર્દોષ લોકો, ભોગ બની રહ્યા છે, તે ખૂબ ચિંતાજનક છે. લોકોની હાલાકીનાં દૃશ્યો, આપણું હૃદય દ્રવી જાય તેવા છે. વહેલામાં વહેલી તકે, આ યુદ્ધનો અંત આવે અને શાંતિ સ્થપાય તે માટે સમગ્ર વિશ્વ ચિંતિત છે. જલદી શાંતિ સ્થપાય તે માટે આપણે સૌ પણ પરમાત્માને પ્રાર્થના કરીએ.

સાથે સાથે, જે ભારતીય નાગરિકો યુક્રેનમાં ફસાયા છે, તેઓને વતન પાછા પહોંચાડવા માટે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન મુજબ, ભારત સરકાર ખૂબ પ્રયાસ કરે છે, તે ધન્યવાદને પાત્ર છે. આ કાર્યમાં, વિવિધ સંસ્થાઓ પણ જોડાય તો કાર્ય વધુ ઝડપી બનશે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા પણ, તાત્કાલિક ધોરણે, આ સેવાકાર્યમાં જોડાઈ ગઈ છે. છેલ્લા બે-ત્રણ દિવસથી સંસ્થાના સ્વયંસેવકો, યુક્રેન-પોલેન્ડની સરહદ પર પહોંચી ગયા છે. ફ્રાન્સ, જર્મની વગેરે યુરોપના જુદા જુદા દેશો અને ઇંગ્લેન્ડથી આ સ્વયંસેવકો ત્યાં પહોંચ્યા છે. યુક્રેનથી આવેલા તમામ કમ્યુનિટીના ભારતીયોને ગરમ ભોજન આપવાની સેવામાં આ સ્વયંસેવકો જોડાઈ ગયા છે. એ સૌને ખૂબ ધન્યવાદ છે. અત્યારે ત્યાં ઠંડી ખૂબ છે. માઇનસ ૪ થી ૭ ડિગ્રી ઠંડું વાતાવરણ છે. તેવી પરિસ્થિતિમાં ખૂબ જ મુશ્કેલીઓ વેઠીને ભારતીય વિદ્યાર્થીઓ માઈલોના માઈલો ચાલીને ત્યાં પહોંચ્યા છે. એ બધાને બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોનો સાથ મળતાં, સૌને ખૂબ હાશ થાય છે. ત્યાં બધા જ લોકો કહે છે કે, સ્વયંસેવકોની આ સેવાથી અમને ખૂબ સંતોષ થાય છે. યુરોપ અને ઇંગ્લેન્ડના જે સ્વયંસેવકોને આ સેવામાં જોડાવાની અનુકૂળતા હોય તેઓ હજુ ત્યાં જઈને ફસાયેલા લોકોની મદદ કરે તેવી અમારી વિનંતી છે. આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે વહેલામાં વહેલી તકે આ વિદ્યાર્થીઓ સલામત રીતે પોતપોતાના ઘરે પહોંચી શકે તો તેમના પરિવારજનો પણ ખૂબ ચિંતામુક્ત થાય. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ કે વહેલામાં વહેલી તકે શાંતિ સ્થપાય અને સૌ અસરગ્રસ્ત લોકોને રાહત પહોંચે.’

સ્વામીશ્રીની આ હાકલથી ૬૦થી વધુ સ્વયંસેવકો ગણતરીના કલાકોમાં સેવા કરવા માટે ઘર-વ્યવસાય-નોકરી -પરિવાર વગેરે છોડીને પોલેન્ડ જવા રવાના થઈ ગયા.

પ્રિયંકાબહેન ત્રિવેદીએ તો હજુ એક પખવાડિયા પહેલાં જ નોકરીની શરૂઆત કરી હતી, આમ છતાં નોકરીની પરવા છોડીને તેઓ સેવામાં જોડાઈ ગયા. બિજલ ચૌહાણ, ભાગ્યશ્રી જાદવ, સ્મિત ઋષિન ઠક્કર, સહિત છ બહેનો પણ કઠિન પરિસ્થિતિની પરવા કર્યા વિના સેવા માટે આવી પહોંચ્યાં. આ જ રીતે ન્યૂયોર્કથી યોગીભાઈ ત્રિવેદી, ન્યૂજર્સીથી રવિભાઈ પટ્ટણી, ધાર્મિકભાઈ શેઠ, ભગવત્પ્રસાદ પટેલ વગેરે પાંચ યુવાનો તાબડતોબ આવી પહોંચ્યા. સ્વયંસેવકો છેક યુ.એસ.એ. - રોબિન્સવિલથી પોલેન્ડ સેવા માટે રાતોરાત પહોંચ્યા. અને થોડા જ સમયમાં એક આયોજનબદ્ધ સેવાતંત્ર ગતિમાન થઈ ગયું.

## ■ સ્વયંસેવકોએ કરેલી અદ્‌ભુત વ્યવસ્થાઓ

પશ્ચિમ યુક્રેન તરફની સરહદથી સૌથી વધારે સંખ્યામાં ભારતીય છાત્રો અને નાગરિકો પોલેન્ડમાં દાખલ થઈ રહ્યા હતા. ભારતીય દૂતાવાસના સહયોગથી અહીંના Rzeszow શહેરની એક હૉટલને રાહત છાવણીમાં ફેરવવામાં આવી હતી. ભારતીય દૂતાવાસ દ્વારા યુક્રેનની સરહદ ઉપરથી છાત્રોને અહીં લાવવામાં આવતા. શરૂઆતમાં દરરોજ ૮૦૦ થી ૯૦૦ છાત્રો-નાગરિકો આવતા. યુક્રેનનાં વિવિધ શહેરોમાંથી એકંદરે ૫૦ થી ૧૫૦ કિ.મી. ચાલીને આવતા હોવાથી દરેકની શારીરિક અને માનસિક સ્થિતિ અત્યંત દયનીય હતી. છાત્રો કેવી કેવી યાતનાઓ ભોગવી અહીં સુધી પહોંચ્યા હતા તેની વિગત જાણીને સ્વયંસેવકોના રૂંવાડાં ઊભાં થઈ ગયાં હતાં. યુક્રેનથી આવતી દરેક વ્યક્તિનું અહીં સ્વયંસેવકો દ્વારા રજિસ્ટ્રેશન કરવામાં આવતું. ઉપરાંત ચા, કોફી, સૂપ ઉપરાંત સવાર, બપોર અને સાંજ ત્રણેય ટાઈમ ગરમાગરમ શાકાહારી ભોજન આપવામાં આવતું હતું. છાત્રો ઘરે વાતચીત કરી શકે તે માટે ડેટા કાર્ડ પણ આપવામાં આવતું. સ્વયંસેવકોએ દરેક વિદ્યાર્થી માટે હૉટલના મુખ્ય હૉલમાં રહેવા માટે સુવિધા ઊભી કરવામાં સેવા બજાવી હતી. અહીં ઠંડી અતિશય હોવાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સૌને ગરમ કપડાં, તાજું સ્વાદિષ્ટ ભોજન વગેરે જેવી જીવન જરૂરિયાતની સગવડો ઉપલબ્ધ થતાં તેઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

કડકડતી ઠંડીમાં માઇલોના માઇલો ચાલીને આવેલા ભારતીયોને સ્નેહ અને હૂંફ આપીને બી.એ.પી.એસ.ના સ્વયંસેવકો આવકારે, રજિસ્ટ્રેશન કરે, તેમના માટે પથારીઓ તૈયાર રાખે, ગરમ ગરમ ભોજન પીરસે ત્યારે તેઓ ગદ્‌ગદ થઈ જતા...









જ્યાં સુધી સરકાર દ્વારા વિદ્યાર્થીઓને ભારત પરત ફરવાની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી બધી સુવિધાઓ અહીં બી.એ.પી.એસ.ના સ્વયંસેવકો દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી હતી. રાહત છાવણીના મુખ્ય હૉલમાં દરરોજ ભારત તરફ ઊપડતી ફ્લાઇટોની યાદી જાહેર થતી. આ યાદીમાં કેટલી ફ્લાઇટ ભારત જશે તેનો સમય, ફ્લાઇટ નંબર વગેરે ઉપરાંત તેમાં જનાર વિદ્યાર્થીઓના નામનું લિસ્ટ, રજિસ્ટ્રેશન નંબર, પાસપોર્ટ નંબર, ક્યાંના રહેવાસી છે વગેરે વિગતવાર યાદી મૂકવામાં આવતી હતી. ઉપરાંત ઍરપોર્ટ જવા માટે કેટલા વાગ્યે કેમ્પમાંથી બસ રવાના થશે તેની પણ સંપૂર્ણ જાહેરાત કરવામાં આવતી હતી. આમ સરળ સુવિધા ઉપલબ્ધ કરાવવા એડમિન સેવામાં પણ સ્વયંસેવકોએ સૌને વિશેષ મદદ કરી હતી.

અનેક જોખમો વચ્ચે બી.એ.પી.એસ. સંસ્થાનાં છ સ્વયંસેવિકા બહેનો પણ આ સેવાકાર્યમાં ઉત્સાહથી જોડાઈ ગયાં હતાં. યુક્રેનથી મોટા પ્રમાણમાં વિદ્યાર્થિનીઓ પણ આવી હતી. આ સ્વયંસેવિકા બહેનોએ શરણાર્થી વિદ્યાર્થિનીઓ સાથે નિખાલસતાથી વાર્તાલાપ કરીને, તેઓની નાની-મોટી સમસ્યાઓ જાણીને, તેને દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો. ક્યારેક તો મોડી રાત્રે બસ ભરીને છાત્રો આવે તો તેમાં વિદ્યાર્થિનીઓ ખૂબ થાકેલી અને ચિંતાગ્રસ્ત હોય ત્યારે બી.એ.પી.એસ.ની સ્વયંસેવિકા યુવતીઓએ તેમને સાંત્વના આપીને પ્રેમાળ હૂંફ આપી હતી.

યુક્રેનથી જે ભારતીયો પોલેન્ડ આવતા હતા તેમાં કેટલાક પોતાનાં પાલતું ડોગ્સ અને કેટ્સને પણ સાથે લાવ્યા હતા. આ પ્રાણીઓ માટે પણ સ્વયંસેવકોએ અલાયદી સગવડો કરી આપી હતી.

પૂર્વ આર્મી ચીફ અને ભારતના વર્તમાન પરિવહન અને નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી શ્રી વી. કે. સિંઘે Rzeszowમાં પોલેન્ડના આ રાહતકૅમ્પમાં આવીને સ્વયંસેવકોના અથાક પ્રયત્નોનું અવલોકન કરીને ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરી તેઓનો આભાર માન્યો હતો.

પેરિસમાં વસતા બી.એ.પી.એસ.ના અગ્રણી સ્વયંસેવક શ્રી શૈલેશ ભાવસારે કહ્યું: ‘યુક્રેનમાં પરિસ્થિતિ ભયાનક અને

ભારત સરકારની યોજના મુજબ ઘરે જવા આતુર ભારતીયોની સરકારી કાર્યવાહીમાં મદદ કરીને, સ્વયંસેવકો તેમને વિદાય આપે અને તરત જ બીજા આગંતુકો માટે સફાઈ કરીને પુનઃ તેમની વ્યવસ્થા માટે સજ્જ થઈ જાય...







દુઃખદ છે. આશ્રય મેળવનારાઓને ખોરાક અને આશ્રય આપવાની અમારી પ્રાથમિકતા છે. અમે વાહન વ્યવસ્થા અને લોજિસ્ટિકલ એજન્સીઓ સાથે મળીને કામ કરી રહ્યા છીએ. અમે સ્વયંસેવકો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સિદ્ધાંતોથી અહીં સેવા કરવા માટે પ્રેરાયા છીએ. તેઓએ 'બીજાના ભલામાં આપણું ભલું છે' જીવનસૂત્ર સાથે આજીવન નિઃસ્વાર્થભાવે વિશ્વભરમાં સેવાઓ કરી છે. જીવનમાં ક્યારેક જ મળતી આવી સેવાને અમારા ગુરુ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નિર્દેશેલા માર્ગે નિઃસ્વાર્થ ભાવે અમે મૂર્તિમંત કરી રહ્યા છીએ.'

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની આ ટાણાની સેવાથી વિદ્યાર્થીઓએ અને ખાસ કરીને ભારતમાં વસતા તેમના પરિવારજનોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. સંસ્થા અને શિસ્તબદ્ધ સમર્પિત સ્વયંસેવકોએ હજારો ભારતીયોના વહાલસોયા સંતાનોને આવકારવાની, રાખવાની, જમાડવાની, સાચવવવાની અદ્ભુત સેવા કરી તે બદલ તેઓએ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેઓએ પણ સંસ્થાને પત્ર દ્વારા કે અન્ય માધ્યમો દ્વારા શુભેચ્છા સંદેશ પહોંચાડ્યા હતા.

## ■ વિદ્યાર્થીઓની સેવાના પ્રસંગો

એકવાર રાત્રે ૧:૩૦ વાગે ત્રણ સ્વયંસેવક યુવકો થાક્યા - પાક્યા ડાઇનિંગ હૉલમાં જમવા ગયા. ત્યાં યુક્રેનથી આવેલો એક વિદ્યાર્થી એકદમ બેબાકળો પણ સૂનમૂન થઈને છાવણીમાં આવીને ઊભો રહ્યો. ન બોલે, ન ચાલે, ન હાથ હલાવે. તેની આંખો પણ સ્થિર હતી. એકદમ હેબતાઈ ગયો હતો. આપણા સ્વયંસેવકોએ પોતાનું જમવાનું બાજુમાં મૂકીને તેને બેસવાનું કહ્યું. પણ તે બેસે નહીં, હાથ પકડે નહીં, અડધો કલાક પ્રયત્નો કર્યા પણ પરિણામ ન મળ્યું. સ્વયંસેવકોએ બાજુની હૉસ્પિટલમાંથી ત્રણ નર્સને બોલાવી. તેમણે જોયું, તે પણ ગભરાઈ ગઈ કે 'આને આટલો બધો આઘાત લાગ્યો છે!' તે યુવકના હાથ-હોઠ ફફડતા હતા, પણ બોલતો કાંઈ નહોતો. નામ, ફોન નંબર કે કાંઈ જ નહીં. એક કલાક જેટલી મહેનત કરી છતાં પરિણામ શૂન્ય જ આવ્યું.

અંતે વિચાર આવતાં સ્વયંસેવકોએ એક ડાયરી લીધી અને તેમાં અડધું વાક્ય લખ્યું: 'My name is ..... તો પેલા યુવકે અડધો કલાક પછી લખ્યું: Narendra. પછી આમણે લખ્યું : 'I Stay at..... પેલા યુવકે અડધો કલાક પછી લખ્યું : 'Vishakh એટલે કે વિશાખાપટ્ટનમ્...' ઘણો સમય વીતી ગયો હતો, પણ તે હજુ આઘાતમાં જ હતો. કાંઈ ખાતો નહોતો કે પીતો નહોતો. આગળનો પ્રશ્ન લખ્યો : 'My favourite dish is .......' તે યુવકે અડધો કલાક પછી લખ્યું 'ઢોસા!' તો આપણા સ્વયંસેવકોએ નક્કી કર્યું : 'આપણે ઢોસા જેવું કાંઈક બનાવીએ.' પછી ચોથો પ્રશ્ન લખ્યો : 'I want to Become....... અડધો કલાકે જવાબ લખાયો : પીડિયાટ્રિશિયન.

તે વખતે રાતના ૩:૩૦ વાગ્યા હતા. સ્વયંસેવક કેયૂર ભટ્ટને વિચાર આવ્યો કે મારો બાળક ૩ મહિનાનો છે. તેણે આટલી મોડી રાત્રે તેની પત્નીને ફોન કરીને જગાડી ને કહ્યું: 'આપણા દીકરાને ઉઠાડ... તેની વીડિયો આને દેખાડીએ તો કદાચ કાંઈક સારું થાય, બોલે.' અને કેયૂરનાં પત્ની પોતાના ત્રણ મહિનાના નાના બાળકને ઉઠાડવા જતાં હતાં ત્યાં જ નરેન્દ્રનું હૃદય હાલી ગયું ને બોલી ઊઠ્યો : 'No no no no, he is sleeping!''

એટલે આ રીતે એક કારમા આઘાતમાં સરી પડેલા એક

### મહાનુભાવોના ઉદ્ગારો

'હું અંગત રીતે આ સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર માનું છું. કોઈપણ અપેક્ષા વગર તમે દરેકની નિઃસ્વાર્થ ભાવે સેવા કરી રહ્યા છો. હૃદયમાં તમે ભારતીયતાનો ભાવ રાખીને, તમે તમારી જાતની પણ પરવા કર્યા વિના સેવા કરી રહ્યા છો. ભારતીયો તમારી સમર્પિત સેવાના ઋણી છે. તમારા આયોજનની સરખામણી થઈ શકે એમ નથી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા હંમેશા સેવા માટે અગ્રેસર રહી છે.' **– શ્રી વિજયકુમાર સિંઘ**

(પૂર્વ આર્મી ચીફ અને વર્તમાન પરિવહન અને નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી, ભારત)

'બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવક શ્રી રવિ પટણી અને તેમના સાથીઓએ યુક્રેન-રશિયા યુદ્ધના વાતાવરણમાં જાનના જોખમે લોકોની જે મદદ કરી છે તેના માટે રોબિન્સવિલ વતી અમને ગર્વ છે. તમારી આ સહકારની ભાવનાને આપણા શહેરમાં પણ અમલમાં મૂકવી જોઈએ અને આપત્તિગ્રસ્તોની મદદ કરવી જોઈએ.'

**– ડેવ ફ્રાઈડે**

(મેયરશ્રી, રોબિન્સવિલ)

યુવકને સભાન અવસ્થામાં લાવવાની આ વિશિષ્ટ સેવામાં નાનામાં નાનો સ્વયંસેવક ૩ મહિનાનો બાળક નિમિત્ત બન્યો!!

આમ, એક યુવકને આઘાતમાંથી પાછો લાવવા માટે સ્વયંસેવકોએ રાત્રે ૧:૩૦ થી સવારના ૫:૩૦ વાગ્યા સુધી ભૂખ્યા ને તરસ્યા રહીને અથાક મહેનત કરી તેને નવજીવન બક્ષ્યું!!

બીબીસી ન્યૂઝ ચેનલના રિપોર્ટર દિવ્યા આર્યે લીધેલા અહેવાલમાં વિદ્યાર્થી શાહીન શરીફ કહે છે કે 'અમે અમારો જીવ બચાવવા મોતને હાથમાં લઈને રેલવે સ્ટેશન ગયા. ત્યાં પણ ભીડ હતી. પાંચ ટ્રેન પસાર થઈ, પરંતુ અમે ઘૂસી ન શક્યા. રેલવેના ગાર્ડે અમને માર્યા. તેઓ ઘૂસેલાને પણ બહાર કાઢતા. ત્યાં જ બોમ્બનો કાન ફાડી નાંખે એવો અવાજ સંભળાયો. હૃદય ધબકાર ચૂકી જાય તેવી ભયાનકતા. અમને કોઈનો સહારો ન મળતાં અમે ત્રણ દિવસ સુધી બોર્ડર તરફ ચાલ્યા. પગ સૂજી ગયા. પાણી મળતું તો ઠંડું મળતું, તેનાથી તબિયત વધુ ખરાબ થવાનો ભય રહેતો. છતાં પણ પીવું પડતું. ચાલવાની તો તાકાત નહોતી, પગ પણ સૂઝી ગયા હતા, પરંતુ કોઈ ઉમ્મીદ પણ નજરે નહોતી આવતી. માંડ માંડ સરહદ પર પહોંચ્યા. આ રાહત છાવણીમાં આવ્યા તો સ્વયંસેવકો જ અમારી મદદનો ચહેરો બની ગયા.'

અજયકુમાર ચાર દિવસ પહેલાં યુક્રેનના ભયાનક વાતાવરણ વચ્ચેથી પસાર થઈને અહીં આવ્યા. તેઓનું ભારત જતી ફ્લાઇટ યાદીમાં નામ આવી ગયું, પરંતુ તેઓ ભારત ન ગયા. તેઓએ જુદા જુદા ૧૧ દેશોમાંથી અહીં સેવામાં આવેલા સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવા નિહાળી. અજયકુમાર બી.એ.પી.એસ. સંસ્થાથી પરિચિત નહોતા છતાં પણ સેવકોની લાગણી અને નિઃસ્વાર્થ ભાવનાના પાશથી તે બંધાઈને સેવામાં જોડાઈ ગયા. તેમણે કહ્યું: 'હું પણ ભારતનો નાગરિક છું, હું ક્યારે દેશ માટે કામ આવીશ!? આવો મોકો ફરીથી મને નહીં મળે તેથી હું અત્યારે દેશસેવા કરી લઉં.' આમ તેઓ રાહતછાવણીમાં સેવાર્થે રોકાઈ ગયા. સ્વયંસેવકોએ અન્યને પણ સેવા કરવાની પ્રેરણા આપી.

દરરોજ ફ્લાઇટનું લિસ્ટ જાહેર થતું ત્યારે દરેક છાત્ર પોતાનું નામ શોધવા પડાપડી કરતા. વધુ એક લિસ્ટ જાહેર થવાની તૈયારી હતી. વિદ્યાર્થિની વૃંદા પણ આજે ઘરે જવા ઉતાવળાં હતાં, પરંતુ યાદીમાં નામ ન આવ્યું. વૃંદા નાસીપાસ તો ન થયાં કારણ કે હવે તે ભયાનક વાતાવરણમાંથી શાંતિભર્યા માહોલમાં આવી ચૂક્યાં હતાં. ત્યાં જ એક સ્વયંસેવિકા બહેને તેઓને બોલાવ્યાં. વૃંદાને લાગ્યું કે ફ્લાઇટ સંબંધી કંઈક કામ હશે. પરંતુ તેઓ જ્યારે ત્યાં પહોંચ્યાં ત્યાં તો સ્વયંસેવિકા બહેનોએ હર્ષ અને તાલીનાદ સાથે 'હેપ્પી બર્થડે ટુ યુ' ગુંજન કરીને તેઓને આવકાર્યાં. વૃંદા માટે તો સરપ્રાઇઝ હતું. તેઓ અવાચક બની ગયાં. આંખોમાં હર્ષાશ્રુ ઊભરી આવ્યાં. સ્વયંસેવિકા બહેનોએ અને વૃંદાએ અરસપરસ કેક ખવડાવી અને ખાધી. આ લાગણીસભર સરપ્રાઇઝના બદલામાં વૃંદા નિઃશબ્દ હતાં!

બીબીસી ન્યૂઝ ચેનલના રિપોર્ટર દિવ્યા આર્યે એક એક્સક્લુઝિવ રિપોર્ટિંગ કરતા છાત્રોની પરિસ્થિતિ જાણીને અહેવાલ પ્રસ્તુત કર્યો. વિદ્યાર્થી ગોપીકૃષ્ણન્ રિપોર્ટરને પોતાની આપવીતી કહે છે કે 'અમે બોમ્બ ધડાકાથી બચવા સાત દિવસથી બંકરમાં ભરાઈને રહ્યા. બંકરોનો ઉપયોગ ઘણાં વર્ષોથી કોઈએ ન કર્યો હોવાથી ધૂળથી ભરેલાં હતાં. અહીં માઇનસ ૪ ડિગ્રી તાપમાન હતું. હીટિંગની વ્યવસ્થા નહોતી. બહાર હિમવર્ષા થતી હતી. બંકરમાં એટલી ભીડ હતી કે બેસવાની જ જગ્યા નહોતી તો સૂવાની વાત જ ક્યાં રહી? બોમ્બ અને ગોળીઓના ધડાકાના અવાજો, ગાત્રો થિજાવી દે તેવી ઠંડી, ખોરાક કે પાણીની કોઈ જ વ્યવસ્થા નહીં. અને વતનથી હજારો કિલોમીટર દૂર, પરિવારની ચિંતા, અમારા સામે મોતનું તાંડવ ખેલાતું હોય એવા વાતાવરણ વચ્ચે અમારો કોઈ એક સહારો હોય તો તે હતું - ભારતીય દૂતાવાસ.'

યુક્રેનથી આવેલા એક છાત્રે કહ્યું કે 'અમે સોળ કલાક એક જગ્યાએ ઊભા રહ્યા હતા. યુક્રેનમાં ખૂબ જ ભયંકર વાતાવરણ હતું. માથું ફાટી જાય તેવા બોમ્બ ધડાકા થતા. અમે જીવને હથેળીમાં રાખીને ચાલ્યા. કેટલાક સ્ટુડન્ટ્સની કીવથી ફ્લાઇટ હતી, પરંતુ બોમ્બ ધડાકાને લીધે ફ્લાઇટ રદ થતાં તે નાસીપાસ થઈ ગયા. દૂતાવાસ તરફથી સંદેશ આવ્યો કે તમારા જોખમે બોર્ડર સુધી પહોંચી જાઓ. કેટલાક રેલવે સ્ટેશન સુધી ચાલીને આવ્યા. ત્યાં પણ ધક્કામુક્કી કરીને માંડ માંડ ચડ્યા. અહીં યુક્રેનવાળા પોતાના દેશવાસીઓ અને મહિલાઓને પ્રાયોરિટી આપતા. બે-ત્રણ વખત તો ટ્રેનમાંથી પણ ઉતાર્યા. ઘણા દિવસથી ભોજન મળ્યું નહોતું. અમે ખૂબ જ થાકી ગયા હતા. અહીં સૌ પ્રથમ અમને ભરપેટ ભોજન મળતાં અમારો થાક દૂર થયો. અને જીવવાની કંઈક આશા જાગી!'

રાહતકૅમ્પમાં આવેલાં એક બહેને કહ્યું, 'મને ડાયાબિટીસની બીમારી છે તેની દવા મારી પાસે લિમિટેડ હતી. અમે રોજ જરૂરિયાતથી ચોથા ભાગનું જમતા. ચોવીસ

## સંસ્થાના સેવાકાર્યની નોંધ લેતી વિશ્વભરની ન્યૂઝ ચેનલો

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આવા ખંતીલા સ્વયંસેવકોની સેવાને ભારતની અગ્રણી ન્યૂઝ ચેનલોએ અને અખબારોએ ખૂબ બિરદાવી હતી. આ ઉપરાંત ધ સ્ટાર લેજર, સીબીએસ ન્યૂઝ, સ્પેક્ટ્રમ ન્યૂઝ એનવાય-૧, એનજે ટીવી, એબીસી હ્યુસ્ટન, યાહૂ ફાઈનાન્સ, બીબીસી, બીબીસી-હિન્દી, ઝી ન્યૂઝ, એશિયાનેટ, ન્યૂઝ ડે, ન્યૂઝબ્રેક, ટીવી ૯, અમદાવાદ મિરર, સાઉથ એશિયન મોનિટર, ધ હિન્દુ, પૅચ.કોમ, હિન્દુ પોસ્ટ, ધ ઇન્ડિયન આઇ, હાઈ ઇન્ડિયા, ઇન્ડિયા વેસ્ટ, અમેરિકન કહાની, ટ્રિબ્યૂન ઇન્ડિયા, ઇન્ડિકા ન્યૂઝ, ડેવ ડિસ્કૉર્સ, લેસેસ્ટ્લી વગેરે વિદેશી ચેનલોએ અને અખબારોએ પણ મુખ્ય ન્યૂઝમાં આ સેવાની નોંધ લીધી હતી. આ ઉપરાંત ગુજરાત-મહારાષ્ટ્ર-દિલ્હીની તમામ ટીવી ચેનલો તેમજ વર્તમાનપત્રોએ તેની વિસ્તૃત નોંધ લીધી હતી.

ઝી ન્યૂઝના મુખ્ય સંપાદક શ્રી સુધીર ચૌધરીએ બી.એ.પી.એસ. સંસ્થાના અમેરિકા, પોલેન્ડ અને યુરોપના જુદા જુદા દેશોમાંથી નોકરી, ધંધાની પરવા કર્યા વિના સેવા માટે આવેલા સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાભાવનાને ખૂબ બિરદાવી હતી. અને વિશેષમાં કહ્યું, 'અહીં મને ભારતીય સંસ્કૃતિની સુંદરતાનાં દર્શન થાય છે.'

કલાક માથું ફાટી જાય તેવા બોમ્બ ધડાકા થતા, અમારી પાસે કોઈ રસ્તો જ નહોતો. સામે મોત દેખાતું હતું. છતાં હિમ્મત કરીને બાળકોને લઈને નીકળ્યા. ફક્ત બૅગ, મૅડિસિન લઈને ભાગ્યા. સ્ટેશન પર આવ્યા ત્યારે ભારતીય દૂતાવાસથી મેસેજ આવ્યો કે ગમે તેમ કરીને બોર્ડર સુધી પહોંચો. અમે સરહદ સુધી પહોંચ્યાં અને પછી તો પૂછવું જ શું? જાણે ભારતમાં આવી ગયા હોય એવું વાતાવરણ મળ્યું. અહીં સ્વયંસેવકોએ શાનદાર સેવા કરી એટલે તબિયત સારી થઈ ગઈ. અહીં ભારતનો રાષ્ટ્રધ્વજ જોતાં જ લાગ્યું કે ભારતમાં અમે આવી ચૂક્યાં છીએ.'

વિક્રમ શર્મા કહે છેઃ 'હું પંજાબનો વતની છું અને ખાર્કીવ નેશનલ મૅડિકલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરું છું. જ્યારે યુદ્ધનો આરંભ થયો ત્યારે અમારા માટે બધું જ શેલ્ટરમાં હતું. અમારી પાસે ભોજન-પાણીની કોઈ વ્યવસ્થા નહોતી. અમે જ્યારે બોર્ડર ક્રોસ કરીને પોલેન્ડ બોર્ડર પર આવ્યા ત્યારે અમારા માટે સ્થિતિ સારી બની. અમે પોલેન્ડ બોર્ડર પર પહોંચ્યા ત્યારે સ્વયંસેવકો અમને બસમાં સારા સ્થળે લઈ ગયા. અમે જ્યારે હૉટલમાં આવ્યા ત્યારે બી.એ.પી.એસ.ના સ્વયંસેવકો દ્વારા ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી. અહીં ભોજન પણ અદ્ભુત હતું. અમારો અનુભવ ખૂબ જ સારો રહ્યો.'

અનુરાગ પુનિયા કહે છે કે 'હું હરિયાણાનો છું. હું ખાર્કીવ નેશનલ મૅડિકલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરું છું. મારી ફ્લાઇટ ૨૪ ફેબ્રુઆરીએ હતી, પરંતુ હું કીવમાં ફસાઈ ગયો. ત્યાંથી ટ્રેન દ્વારા બોર્ડર ક્રોસ કરીને પોલેન્ડ પહોંચ્યો અને અહીં હૉટલમાં આવી પહોંચ્યો. અહીં બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો દ્વારા પોતાના ખર્ચે અમારી ખૂબ સારી સેવા કરવામાં આવી. તેઓ મોટા સમૂહને પણ સારી રીતે મેનેજ કરી રહ્યા છે. અહીં ખૂબ જ સરળતાથી એક પછી એક પ્રોસેસ પૂર્ણ કરે છે. અહીં ભોજન-રહેવાની પણ ખૂબ સારી વ્યવસ્થા છે. પ્રવીણભાઈ અને મયૂરભાઈ અમારી સાથે ખૂબ સારી રીતે કોઓપરેટ કરી રહ્યા છે. અમને અહીં ઘર જેવો જ અહેસાસ થઈ રહ્યો છે.'

હરિયાણાની એક વિદ્યાર્થિની કહે છે કે 'હું અહીં પોલેન્ડ પહોંચી ત્યારે બી.એ.પી.એસ.ના સ્વયંસેવકો દ્વારા અમારી ખૂબ જ કાળજી લેવામાં આવી. અહીં આવાસની પણ સારી વ્યવસ્થા હતી. અમારાં પાલતું પ્રાણીઓને પણ અહીં રાખવા માટે સુંદર વ્યવસ્થા હતી. અમને તો અહીં ભોજન મળતું જ હતું, પરંતુ અમારાં પ્રાણીઓને પણ અહીં ખાવા-પીવાની વ્યવસ્થા હતી. આવી સેવાઓ બદલ અમે બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોના ખૂબ ખૂબ આભારી છીએ.'

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૧૩-૩-૨૦૨૨ના રોજ કણાદ (સુરત) ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં એક વિશિષ્ટ સભા યોજાઈ હતી. સુરતના ૨૫ જેટલા વિદ્યાર્થીઓ આજની સભામાં ઉપસ્થિત હતા, જેઓ યુક્રેનથી અહીં સહી-સલામત આવી પહોંચ્યા હતા. અસહ્ય ઠંડી, ભૂખ-તરસ વેઠી જીવના જોખમે રાત-દિવસ ચાલી યુક્રેન-પોલેન્ડની સીમા પર આવેલા આ વિદ્યાર્થીઓની સાર-સંભાળ બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ લીધી હતી. તેના આભારરૂપે આ વિદ્યાર્થીઓએ આ સેવાને બિરદાવીને મહંત સ્વામી મહારાજે કરેલી એમની રક્ષા માટે આભાર વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓના મુખેથી તેમના એ ભયાનક સંજોગો વચ્ચે સ્વયંસેવકોએ કરેલી સેવાની વાત સાંભળીને હજારો લોકો ગદ્ગદિત થયા હતા.

આમ, યુક્રેનથી આવેલા હજારો ભારતીયોના અનુભવો લાગણીથી ભર્યા ભર્યા હતા. દરેક અનુભવમાં બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોની સેવા પ્રત્યે આભાર અને અહોભાવ ભારોભાર નીતરતા હતા.

## ■ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને ઉત્સાહી સ્વયંસેવકો વચ્ચે યોજાઈ ઓનલાઈન ગોષ્ઠિસભા

યુક્રેનની સરહદ પર જુદા જુદા ૧૧ દેશોમાંથી પધારેલા બી.એ.પી.એસ. સંસ્થાના ૬૬ સ્વયંસેવકો સ્વામીશ્રીની આજ્ઞાથી દિવસ-રાત ઉજાગરા વેઠીને ખૂબ જ સારી સેવા કરી રહ્યા હતા. આ સમર્પિત સ્વયંસેવકોને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શન-આશિષ પ્રાપ્ત થાય તે માટે તા. ૫-૩-૨૦૨૨ના રોજ એક વિશિષ્ટ વીડિયો કૉન્ફરન્સ યોજાઈ હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દરરોજ સેવાપ્રવૃત્તિનો અહેવાલ પ્રાપ્ત કરીને સ્વયંસેવકો પર અંતરનો રાજીપો વરસાવતા હતા. સ્વયંસેવકો પણ નિત્ય સ્વામીશ્રીની સ્મૃતિ સાથે અપાર જહેમત ઉઠાવવા અને ટાણાની સેવા કરી લેવા કટિબદ્ધ થતા. યુક્રેનમાં બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો કેવી વિકટ અને વિષમ પરિસ્થિતિમાં ભારતીય વિદ્યાર્થીઓની સેવા-શુશ્રૂષા કરી રહ્યા હતા તેનો અહેવાલ આપતાં બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કહ્યું : ''અત્યાર સુધી પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી પૂર, ત્સુનામી, વાવાઝોડા અને ભૂકંપ વગેરે આપત્તિઓમાં બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ સેવા કરી છે. પણ આ વખતે યુદ્ધમાં નિર્ભય બનીને સ્વયંસેવકો સેવા કરી રહ્યા છે. અહીં બધું જ અનિશ્ચિત છે. શું થશે? એ નક્કી જ નથી. પરંતુ આપના આશીર્વાદથી સૌને આત્મબળ અને હિંમત છે. બધા રાત-દિવસ જોયા વગર હસતે મોંએ ખૂબ પ્રેમથી ખૂબ સારી સેવા કરે છે. સમગ્ર વિશ્વમાં આનો ખૂબ સારો પડઘો પડ્યો છે.''

પોલેન્ડ ખાતે રાહતકૅમ્પમાં આ સેવાઓનું સંયોજન સંભાળતા સ્વયંસેવક શ્રી અમિતભાઈએ કહ્યું: 'અહીં યુ.કે., આયર્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રિયા, સ્વિડન, સ્વિત્ઝર્લેન્ડ, ઈટલી, ઝેક-રિપબ્લિક, પોલેન્ડ અને અમેરિકા એમ કુલ ૧૧ દેશોમાંથી ૬૬ સ્વયંસેવકો ૮૯,૦૦૦ કિલોમીટરનું અંતર કાપીને ઉત્સાહથી સેવામાં આવી પહોંચ્યા છે. છ બહેનો પણ છે. તેઓ યુક્રેનથી આવેલી વિદ્યાર્થિનીઓના પ્રશ્નોને સમજવા અને ઉકેલવામાં ખૂબ મદદરૂપ બન્યાં છે. અત્યારે ચાર સ્વયંસેવકો તો ખૂબ જ જોખમ ખેડીને યુક્રેનની બોર્ડર પર સેવા માટે પહોંચ્યા છે. તેઓએ પણ તાજેતરની પરિસ્થિતિ વર્ણવી. આ બધા જ સ્વયંસેવકો રાત્રે ૩:૦૦ વાગ્યે પણ કોઈ શરણાગત આવે તો બધાને હસતા મોંએ આવકારીને ગરમાગરમ ભોજન જમાડે છે. અમુક સ્વયંસેવકો તો ત્રણ-ત્રણ, ચાર-ચાર દિવસથી સૂતા જ નથી. એકબીજાનો મહિમા સમજીને, સંપ રાખીને, ખૂબ જ ભીડો વેઠીને સૌ સેવા કરી રહ્યા છે.''

યુક્રેનમાંથી ભારતીય વિદ્યાર્થી કે નાગરિક કેમ્પમાં આવે ત્યાંથી લઈને તે ભારત પહોંચે ત્યાં સુધી સંસ્થાના સ્વયંસેવકો દ્વારા કઈ કઈ રીતે મદદ કરવામાં આવે છે તેનો અહેવાલ અગ્રણી સ્વયંસેવક કેયૂરભાઈ ભટ્ટે આપ્યો.

અમિતભાઈ, કેયૂરભાઈ, ચિરાગભાઈ, શૈલેશભાઈ તેમજ અન્ય સૌ સ્વયંસેવકો પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે રાજીપાની દૃષ્ટિ કરીને અંતરના આશીર્વાદ પાઠવ્યા. આપણા સ્વયંસેવકોની આવી પ્રેમાળ સંભાળ, પરિવાર જેવી હૂંફ અને નિઃસ્વાર્થ ભાવનાથી પ્રેરાઈને યુક્રેનથી આવેલ વિદ્યાર્થી

દૂર દૂરથી આવેલા લોકોને ગરમ વસ્ત્રોથી લઈને જીવનજરૂરિયાતની નાનામાં નાની વસ્તુઓ અને ડેટા કાર્ડ સહિતની સુવિધાઓ આપીને બી.એ.પી.એસ.ના આ સ્વયંસેવકોએ નિઃસ્વાર્થ સેવાથી સૌનાં દિલ જીતી લીધાં હતાં...






અજયકુમાર ભારત જવાને બદલે અહીં સ્વયંસેવક તરીકે જોડાઈ ગયા હતા! તેના પર પણ સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી આશિષ અર્પ્યા. દરેક સ્વયંસેવકનો એક જ સૂર હતો કે ''બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું જીવનસૂત્ર છેઃ 'બીજાના ભલામાં આપણું ભલું છે.' ને તેઓ તે પ્રમાણે જીવ્યા, હવે જીવવાનો વારો અમારો છે.''

અંતમાં સ્વામીશ્રીએ ખૂબ રાજીપા સાથે આશિષ અર્પતાં જણાવ્યું : ''આપણા સત્સંગનાં મૂલ્યોએ કામ કર્યું. સત્સંગમાં સંપ અને એકબીજાને મદદ કરવાની ભાવના... બાકી આટલા દેશોમાંથી કેવી રીતે બધા ભેગા રહી શકે? પણ ભેગાં રહીને બધું કામ કર્યું છે. બધામાં સંપ હતો તો બધાં ભેગા થયાં અને એક વિચાર ઉપર ચાલ્યાં. કોઈને સત્સંગ હોય કે ન હોય પણ માનવતા... અને માનવતામાં આપણું વાતાવરણ એવું ઊભું થયું કે બધાંને આમાં જોડાવાનું મન થયું. બધાંએ ખૂબ સેવા કરી છે. વિકટ સંજોગોમાં ક્યાં ક્યાંથી આવ્યા! બધાંનાં મનમાં હતું કે 'આપણે બધાંએ એક થઈને કાર્ય કરવું છે' અને કાર્ય કરવા લાગ્યાં એટલે આ સુંદર પરિણામ આવ્યું. તમે રાજીપાના વિચાર સાથે આ બધું કર્યું છે તો બધાંને ધન્યવાદ છે.''

પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે, જાણે તેઓને આ એક અંજલિ અપાઈ હોય તેમ સૌ સેવકોના હૈયે સ્વામીશ્રીના આશીર્વાદથી આનંદ અને પરિતોષ ઝળકી રહ્યો હતો.

### ■ વડાપ્રધાનશ્રીએ બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોને ધન્યવાદ પાઠવીને સંસ્થાનો આભાર માન્યો

તા. ૧૫-૩-૨૦૨૨ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક વીડિયો કૉન્ફરન્સ યોજી હતી. તેમાં યુક્રેન-રશિયા વચ્ચેના યુદ્ધમાં ફસાયેલા ભારતીયોને વતન પરત લાવનાર 'ઑપરેશન ગંગા'ને સફળતા અપાવવા બદલ બી.એ.પી.એસ. સંસ્થા સહિતની વિવિધ ધાર્મિક સંસ્થાઓની પ્રશંસા કરીને વડાપ્રધાનશ્રીએ ધન્યવાદ પાઠવ્યા હતા.

પોલેન્ડ, સ્લોવેકિયા, હંગેરી અને રોમાનિયાના ભારતીય રાજદૂતોએ યોજેલી આ વીડિયો કૉન્ફરન્સમાં, બચાવ કામગીરીમાં મદદે આવનાર સંસ્થાઓ અને કંપનીઓના પ્રતિનિધિઓ પણ સામેલ થયા હતા, જેમાં જોડાવા માટે પોલેન્ડમાં વસતા બી.એ.પી.એસ.ના સ્વયંસેવક બિમલ પટેલને પોલેન્ડનાં રાજદૂત નગમા એમ. મલિકે આમંત્રણ આપ્યું હતું. બિમલ પટેલે શરણાર્થીઓને મદદ કરવા બી.એ.પી.એસ. જેવી સ્વયંસેવી સંસ્થાઓ માટે મહત્ત્વનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા બદલ અને સતત સહાય કરવા બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈનો આભાર માન્યો હતો.

બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોએ સ્થાનિક સરકારનાં રાહતકાર્ય અને વહીવટી કામગીરીમાં પણ મદદ કરી હતી.

પોલેન્ડ અને લીથુનિયાનાં ભારતીય રાજદૂત નગમા એમ. મલિકે સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાને ખૂબ બિરદાવી હતી. બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવેલી આ અજોડ સેવાને અન્ય અસંખ્ય લોકોએ બિરદાવી હતી. જાનના જોખમે ભારતીયોની મદદે દોડી આવેલા સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાભાવનાથી સ્વયંસેવકો અને આ સેવાના પૂજ્ય મહંત સ્વામી મહારાજનો દેશ- પરદેશના લોકોએ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આમ, વિશ્વભરમાં અનેકવિધ સેવાઓનો અહોરાત્ર યજ્ઞ કરી રહેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની વિરાટ સેવાપ્રવૃત્તિઓના ઈતિહાસમાં, આ એક અવિસ્મરણીય સેવાપ્રકરણ ઉમેરાઈ ગયું. ◆

મહંત સ્વામી મહારાજની હાકલ ઝીલીને, કુલ ૮૯,૦૦૦ કિલોમીટરનું અંતર કાપીને ૧૧ દેશોમાંથી આવેલા ૬૬ સ્વયંસેવકો અને છ સ્વયંસેવિકાઓએ ૮૦૦૦થી વધુ લોકોની સેવા કરી અને સ્વામીશ્રીની અપાર પ્રસન્નતા પ્રાપ્ત કરી લીધી...












## યુક્રેન-રશિયા યુદ્ધ વચ્ચે સરહદ પર અસરગ્રસ્તોની સેવામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા...

રશિયા-યુક્રેન યુદ્ધમાં ફસાયેલા ભારતીયોને વતન પહોંચાડવાના ભારત સરકારના 'ઑપરેશન ગંગા' અંતર્ગત, યુક્રેન-પોલેન્ડની સરહદે પહોંચીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્વયંસેવકોએ વિરલ સેવા બજાવી હતી. મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી યુ.કે., યુરોપ, યુ.એસ.એ.થી ૮૯,૦૦૦ કિલોમીટરનું અંતર કાપીને ૬૬ સ્વયંસેવકો પોલેન્ડ ખાતે સેવામાં પહોંચી ગયા હતા. સ્થાનિક રાજદૂતાવાસના સહયોગ સાથે સંસ્થાના આ સ્વયંસેવકોએ કોઈપણ ભેદભાવ વગર ૮૦૦૦ જેટલા લોકોને ગરમ શાકાહારી ભોજન તેમજ અન્ય વ્યવસ્થાઓ આપીને અસરગ્રસ્તોને રાહત પહોંચાડી હતી. માઈલોના માઈલો ચાલીને આવેલા એ ભારતીયો થાક, હતાશા, નિરાશાના અંધકાર વચ્ચે સંસ્થા દ્વારા સંચાલિત રાહતકૅમ્પમાં આવી પહોંચ્યા ત્યારે સ્વયંસેવકોએ આપેલી હૂંફ અને સેવાઓથી તેમને જાણે નવી રોશની મળી હતી. અહીં રાહત અને હૂંફ પામીને વતન જતા ભારતીયો-વિદ્યાર્થીઓને કેમ્પમાંથી સ્વયંસેવકો વિદાય આપતા ત્યારે વિદાય વેળાએ તેઓ બી.એ.પી.એસ.ના આ નિઃસ્વાર્થ સ્વયંસેવકોનો આભાર માનતાં ગદ્‌ગદ થઈ જતા હતા.

Swaminarayan Prakash Gujarati, April-2022, Published on 1-4-2022. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.







સુરત ખાતે તા. ૧૮-૩-૨૦૨૨ના રોજ યોજાયેલા અપૂર્વ પુષ્પદોલોત્સવે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને કેસરિયા રંગે રંગીને મહંત સ્વામી મહારાજે સુરતના હજારો ભક્તો પર એ પ્રાસાદિક રંગવર્ષા કરીને સૌને દિવ્ય બ્રહ્માનંદમાં રસતરબોળ કર્યા હતા.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas